Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૩ ● તા. ૧૧.૦૧.૨૦૧૧ થી ૧૭.૦૧.૨૦૧૧ ● પોષ સુદ ૦૭ થી પોષ સુદ ૧૨ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## ફૂગાવો એ બજારોમાં ટેકનીકલ કરેક્શન જારી રાખવાનું મુખ્ય કારણ નથી પરંતુ ઉચિત બહાનું ખરૂં...!

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન બજારોમાં આપણે સતત દિવાળી અંકથી લઈને કહેતા આવ્યા છીએ તેમ કરેક્શનનો દોર જારી રહ્યો હતો. બજારોએ અગાઉના બે સપ્તાહ દરમ્યાન દર્શાવેલો સુધારો ૪ દિવસમાં જ પાછો આપી દઈને સાપ્તાહિક ધોરણે ૪ ટકાનું ધોવાણ નોંધાવ્યું હતું. જેમા બીએસઈનો સેન્સેક્સ ૩.૯૮ ટકા ઘટીને ૮૧૭.૨૮ પોઈન્ટના નુકસાન સાથે ૧૯૬૯૧.૮૧ બંધ રહ્યો હતો જ્યારે એનએસઈનો ૫૦ શેરનો નિફ્ટી આંક ૩.૭૫ ટકા ઘટાડા સાથે ૨૨૯.૯ પોઈન્ટના નુકસાન નોંધાવીને ૫૯૦૪.૬૦ બંધ રહ્યો હતો. નોંધનીય છે કે નિફ્ટી ફ્યુચર જે અત્યાર સુધી ખરાબ સમયમાં પણ નિફ્ટી સ્પોટ સામે પ્રિમિયમમાં ટ્રેડ થતું ટ્રેડ થતું હતું તે ડીસ્કાઉન્ટમાં આવી ગયું હતું કે જે આગામી સપ્તાહે બજારમાં વધારે કમજોરીનું સૂચક બની શકે છે. વધુમાં ફુગાવા અંગે આપણે અગાઉ સ્પષ્ટ જણાવેલું કે હાલમાં બજારોનો સૌથી મોટો દુશ્મન ફુગાવાનો ઊંચો દર છે અને નહીં કે અન્ય પરિબળો. ઉપરાંત આપણે બજારોમાં દિવાળી બાદ ચાલી રહેલા કરેક્શન કમ કન્સોલીડેશન એ ટેકનીકલ કરેક્શન કમ કન્સોલીડેશન છે અને આવા સંજોગોમાં રોકાણકારોએ પોર્ટફોલિયો બેલેન્સિંગ અને શફલીંગ કરવું જોઈએ.

બીએસઈના ઓટો, રિયાલીટી અને બેંક ઈન્ડેક્ષો ૬.૫-૭.૫ ટકા વચ્ચે ઘટ્યા હતા. જ્યારે કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્ષ ૪.૮ ટકા અને મેટલ ઈન્ડેક્ષ ૩.૫ ટકા જ્યારે આઈટી, ઓઈલ એન્ડ ગેસ અને એફએમસીજી ઈન્ડેક્ષ તથા હેલ્થકેર ઈન્ડેક્ષ ૦.૫-૧ ટકા વચ્ચે નબળા પડ્યા હતા. ઓટો શેરોમો બજાજ ઓટો ૧૫ ટકા, ટાટા

**રિલાયન્સના વેચાણમાં હનુમાન કૂદકો બજારોમાં જોશ પાછું લાવશે**

મોટર્સ ૯ ટકા, હીરો હોન્ડા અને મારુતિ ૫.૭ ટકા જ્યારે ફાઈનાન્શિયલ શેરોમાં આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ અને એચડીએફસી ૬-૯ ટકા વચ્ચે ઘટ્યા હતા.

સિમેન્ટ સેક્ટરમાં અંબુજા સિમેન્ટ ૧૦ ટકા, એસીસી ૬.૫ ટકા જ્યારે વૈશ્વિક મેટલના ભાવોમાં કડાકાને પગલે હિન્દાલ્કો ૬ ટકા, સ્ટરલાઈટ ૫.૬ ટકા ગગડ્યા હતા. મોટી કંપનીઓના શેરોમાં ડીએલએફ, ઓએનજીસી અને બીલીસીએલ ૬-૮ ટકા ઘટ્યા હતા. જ્યારે રિલાયન્સ અને ગેઈલ ૦.૫ થી ૨ ટકા ઘટ્યા હતા.

મિડકેપ, સ્મોલ કેપ અને નિફ્ટી જુનિયર ઈન્ડેક્ષો ૩-૫ ટકા વચ્ચે ગગડ્યા હતા. જેમાં ઈન્ડસઈન્ડ બેંક અને યસ બેંક સુધી વધારે ૧૫ ટકા ઘટ્યા હતા. જેએસડબલ્યુ સ્ટીલ, ડેલ્ટા કોર્પ, આઈએફસીઆઈ અને ટીવીએસ મોટર્સ અને ઈન્ડિયા બુલ્સ રિયાલીટી ૧૦-૧૫ ટકા ઘટ્યા હતા જ્યારે જૈન ઈરિગેશનેમાં ૬.૫ ટકા અને બાટા તથા સત્યમમાં ૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ફર્ટિલાઈઝર શેરોમાં ચંબલ ૧૬ ટકા, આરસીએફ ૧૧ ટકા, નાગાર્જુન ફર્ટી ૧૦ ટકા ઘટ્યા હતા.

બજારમાં વર્ષ ૨૦૧૧ ખરાબ રહેશે તેવું માનવાને કોઈ મોટા કારણો નથી જ્યારે સારું રહેશે અને નવી ઊંચાઈ સર કરશે તેવું માનવાને માટે ઘણી સામાન્ય સમજવાળી દલીલો આગળ કરી શકાય તેમ છે. જેમાં બજારના દિગ્ગજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ છેલ્લા ૨ વર્ષ દરમ્યાન બજારોના ૧૦૦ ટકા ઉછાળામાં

**વિવિધ નકારાત્મક પરિબળો અને નિરાશાવાદ વચ્ચે પણ અમેરિકન શેર બજારોની મક્કમતા ધ્યાનાકર્ષક**

વધવાની જગ્યાએ નકારાત્મક વળતર આપ્યું છે. અને ઓટો તથા બેંકિંગ શેરો એકલામાં બજારોને હજી એક વર્ષ માટે ટકાવી રાખીને નવી સપાટી સર કરાવવા જેટલી તાકાત હોય તેવું મને તો નથી લાગતું. આમ ૩ વર્ષના વનવાસ બાદ રિલાયન્સ ઈન્ડ.એ બજારોમાં કમબેક કરીને અન્ય એક ગાંડી તેજીનું પ્રેરક બને તેમ અતિશયોક્તિ નથી જ.

વધુમાં રિલાયન્સ ઈન્ડ. જ કેમ પણ બંને રિલાયન્સ ગ્રુપના શેરોમાં અત્યાર સુધી બજારોના વધારામાં કોઈ ભાગ ભજવવામાં નથી આવ્યો તે હવે આગળ ઉપર બજારોનું નેતૃત્વ કરવા માટે દેખિતા દાવેદાર છે. ઉપરાંત ઈન્ફ્રા, રિયાલિટી, પાવર, ટેલિકોમ, બેંકિંગ સિવાયના ફાયનાન્શિયલ શેરોમાં વેલ્યુએશન અત્યંત આકર્ષક છે અને બજારો ૨૦૧૧ને વધવા માટે પૂરતા કરતા વધારે ભાથું ઉપલબ્ધ છે તેમ મારું માનવું છે.



## ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

નિફ્ટી ઘણાં બધા સપોર્ટની ઉપર ટ્રેડ કરી રહી છે. અને જ્યાં સુધી ૫૭૨૧ ની નીચે બંધ ન આવે ત્યાં સુધી મોટી મંદીની સંભાવના હવે નથી.

કેટલાક અગત્યના સપોર્ટ લેવલ નીચે મુજબના છે.

**(૧) ટ્રેન્ડ લાઈન :**

**૫૬૯૦ અને ૫૭૨૧ ને જોડતી ટ્રેન્ડલાઈનનો સપોર્ટ ૫૮૦૦ છે.**

**(૨) મીડીયમ ટર્મ મુવિંગ એવરેજ : ડેઈલી ચાર્ટ પર ૧૪૪ દિવસની મુવિંગ એવરેજનો સપોર્ટ ૫૭૭૭ છે.**

**(૩) ૨૦ દિવસનું સ્વીંગ :**

**૫૭૨૧ નો સપોર્ટ**

**મારો પ્રિફરેબલ મત એવો છે કે બજાર અહીંથી તેજીમાં આવે અને પહેલો ટાર્ગેટ નવો ઓલટાઈમ હાઈ અને ત્યારબાદ ૬૮૦૦નું લેવલ બનાવે તેવી સંભાવના છે.**

**હાલના કરેક્શનમાં નીચે મુજબનું ફન્ડામેન્ટલ યથાવત. કંપનીઓના શેરમાં મીડીયમ અને લોંગ ટર્મ માટે રોકાણ કરી શકાય.**

**૧. નોઈડા ટોલ ૨. પીરામલ હેલ્થકેર ૩. એમ્ફાસીસ ૪. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ ૫. ટાટા સ્પોન્જ ૬. ડેક્કન ક્રોનિકલ ૭. શિપિંગ કોર્પોરેશન ૮. પાવર ટ્રેડીંગ ૯. લાર્સન ૧૦. રિલાયન્સ ઈન્ડ. ૧૧. હિંદ યુનિલિવર ૧૨. ગોદરેજ ઈન્ડ. ૧૩. બાટા ઈન્ડિયા ૧૪. ગુરજરાત ફલોરો ૧૫. નોવાર્ટિસ**

**ટેકનીકલી ટાટા મોટર્સ અને અંબુજા સિમેન્ટ મંદીમાં આવેલ છે માટે તેમાંથી લેણ છોડી દેવું.**

## ૧૦ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// ww.prakashgaba.com

**નિફ્ટી (૫૯૦૫)**
**સેન્સેક્ષ (૧૯૬૯૨)**
**તા. ૦૭.૧.૨૦૧૧**

અમોએ જણાવેલ કે '' ટેકનીકલી રૂખ તો ઉપર તરફ જ રહેશે અને ઉપરની તરફ પણ જો હાલની ૬૧૪૭ ની સપાટી વટાવાઈ જશે તો પછી ઉપર તરફ ૬૨૫૪ની સપાટી પણ જોવા મળી શકશે. મજબૂત ટેકો ૬૦૫૦ની આસપાસ છે.

મંગળવારે બજારે થકાવટ ભરી ગેપ દર્શાવી અને મહત્વનો ટેકો ૬૦૫૦ પણ તોડી નાખ્યો અને સપ્તાહના અંતે 'રેડ'માં બંધ આપ્યો.

ટેકનીકલી બજાર નબળું જણાય છે અને ચાર્ટ પર જે રીતે નવી વેચવાલી આકાર લઈ રહેલ છે તે જોતાં આવનાર દિવસોમાં વધુ નિમ્ન સપાટી નિહાળી શકાય. જો બજાર બાઉન્સ બેક ન થાય તો હવે પછીનો નીચે તરફનો લક્ષાંક ૫૭૪૫ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જ્યાં સુધી ૬૦૦૦ની સપાટી આવે ત્યાં સુધી વેચવાનું પસંદ કરું છું કારણ કે આ નીચેનો લક્ષાંક ૫૭૪૫ની આસપાસનો છે.

**ટૂંકા ગાળા માટે તેમ જ ઈન્ટ્રાડે માટે ૧૦૦ ટકા શ્યોર ભલામણો : અમારી સ્પેશિયલ સેવાઓ સાથે જોડાઓ**

● ભલામણ માટે કોઈ માસિક ફી નહીં ● બીજા કોઈ છૂપા ચાર્જ નહીં ● જો તમે કમાઓ તો જ તમે પૈસા ચૂકવો ● ૧૦૦ ટકા શ્યોર શોટ ટીપ્સ સાથે નફામાં ભાગીદારી અગાઉ અમોએ આ જ જગ્યાએ રાજ પેકની રૂ. ૧૬માં ભલામણ કરેલ હાલ આ શેર રૂ. ૧૫૦ની સપાટીએ ટ્રેડ થાય

**તો આવો મિત્રો હવે સભ્યપદ માટે માત્ર થોડી જ જગ્યાઓ બાકી છે.**

**(મો) ૦૯૦૭૪૬૨૯૬૨૨**

## બજારમાં આવેલ ઘટાડાનો અંત આવશે કે પછી આગળ ઉપર ચાલુ રહેશે ? : ઈન્ડસ્ટ્રીયલ ડેટા, એફ આઈ આઈનો નાણાકીય પ્રવાહ અને ત્રીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો રૂખનિર્ણાયક

### બાય એન્ડ સેલ

**રમેશચંદ્ર**
**મો. ૯૮૯૪૦૪૩૦૯૦**
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

**તા.૧૦ જાન્યુઆરી, ૨૦૧૦ થી ૧૪ જાન્યુઆરી, ૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

ફૂગાવાનો ઉંચો દર, ક્રુડના ઉંચા ભાવ, આર બી આઈ ફૂગાવાને નાણવા માટે કંઈક પગલાં લે તો બજારની અપેક્ષા, એફ આઈ આઈની બજારમાંની સક્રિયતામાં થયેલ ઘટાડો અને ડોલરના ભાવમાં વૃધ્ધિએ ગત સપ્તાહે બજારના કરેકશન માટે મહત્વની ભૂમિકા ભજવી.

આવનાર સપ્તાહમાં, ઔદ્યોગિક ડેટા કે જે તા. ૧૨ અને ૧૪ જાન્યુઆરીના રોજ જાહેર થનાર છે તે બજારની ચાલમાં મહત્વનો ભાગ ભજવશે. હવે બજાર નવેમ્બર - ડીસેમ્બર ૨૦૧૦ના આંકડાની રાહ જોઈ રહેલ છેકે જયારે ફયુઅલ પ્રાઈઝ ઈન્ડેક્ષ ઉંચી સપાટીએ વિહરે છે.

બીજાં મહત્વનાં ધ્યાન રાખવા લાયક પરિબળોમાં ત્રિજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો કે જે હવે આવનાર સપ્તાહમાં જ જાહેર થનાર છે તેમાં અગ્રણી ઔદ્યોગિક ગૃહોનાં પરિણામો ખાસ ધ્યાનથી જોવાશે, કદાચ તે ઉચ્ચતમ ફૂગાવો અને કોમોડીટીના ભાવના કારણે નકારાત્મક આવી આશ્ચર્ય સર્જી શકે.

બીજું મહત્વનું પાસું છે એફ આઈ આઈ બજારમાં કેવી રીતે વર્તે છે, તેઓ ભારતીય બજારોમાં ખરીદી ચાલુ જ રાખે છે કે પછી આ જ સપાટીએ નફો બુક કરે છે. (ગત સપ્તાહના અંતમાં તેઓ નેટ સેલર રહેલ હતા. )આવનાર દિવસોમાં આપણાં બજારો પર વૈશ્વિક બજારોની હલચલ હાવી રહેશે, પરંતુ જયારે સ્વદેશી અસરકૃત પાસાંઓનો વિચાર કરીએ છીએ ત્યારે તે સામાન્ય લાગે છે.

આખરે, જયારે ખાદ્યચિજોના ભાવ, બળતણના ભાવ અને બીજી કોમોડીટીઝના ભાવો ઉપર થઈ રહેલ છે ત્યારે તેમને કાબૂમાં લેવા માટે આર બી આઈ શું પગલાં લે છે અને તેઓ કેવી રીતે રાજવિત્તીય ખાધને પુરે છે ? તે જોવાનું રહે છે. બજારને તો અપેક્ષા છે કે આર બી આઈ રેપોરેટ તેમ જ રિવર્સ રેપો રેટમાં ૨૫ બીપીએસનો વધારો કરી શકે. તા. ૨૫ જાન્યુઆરીના રોજ આર બી આઈ ની પોલીસી રિવ્યુ મીટીંગ પણ છે.

જયારે આ બધાં પાસાંઓનો વિચાર કરીએ છીએ ત્યારે એમ જણાય છે કે બજાર બહુ મોટું કરેકશન આપશે, પરંતુ સ્ટોક સ્પેસિફિક અથવા તો સેકટર સ્પેસિફિક, ૫૭૦૦ થી ૫૮૦૦ ના મહત્વના ટેકા સાથે આપણે ગત માસમાં રેલી જોઈ હતી, અને સામાન્યરીતે પરિણામોની ઋતુમાં બજાર ખૂબ વૃધ્ધી પામતું નથી કે પછી ખૂબ ઘટાડો પણ દર્શાવતું નથી અને હંમાગી ધોરણે નકારાત્મક બાયસ સાથે સાઈડવે ચાલતું હોય છે. ૨૦૧૧ની બજેટ રેલી શરુ થાય તે પહેલાં આપ સૌને ૨૦૧૧ના નૂતન વર્ષનાં અભિનંદન

**સેન્સેક્ષ ૧૯૬૯૨**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૧૦ જાન્યુઆરી, ૨૦૧૦ થી ૧૪ જાન્યુઆરી, ૨૦૧૦)**

આ સપ્તાહે ૧૯૮૫૦ અને ૧૯૬૨૧ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૯૮૫૦ ઉપર

**અનુસંધાન પા.નં. ૫ ઉપર**

## ફ્યુચર વેચો રોકડ ખરીદો અને મળતો નફો બુક કરો

### પોઈન્ટ બ્લેન્ક



શેખ આસિફ
મો. ૯૭૨૫૦૫૦૫૦૭
yooza_143@yahoo.com

વાંચક મિત્રો,

ગયા સપ્તાહે જોયું કે, આપણે માર્કેટમાં વૈશ્વિક બજારના નબળા સંકેતો અને ભારતીય અર્થતંત્રમાં મોંઘવારી (ઈન્ફલેશન)ના હાઉએ માર્કેટમાં મંદી ફેલાવાનું કારણ આપ્યું હતું. જેમાં સૌથી વધારે અસરકૃત થયા હોય તેવા સેક્ટરમાં બેંકિંગ, ફાઈનાન્શિયલ, ઓટો, રિયાલિટી સેક્ટરમાં વધુ ધોવાણ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ગત સપ્તાહમાં જેટલો પ્લસ હતી તે બધો ઉછાળાથી વધારે આ સપ્તાહમાં સેન્સેક્સમાં ૮૧૮ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો જ્યારે નિફ્ટીમાં ૨૨૯ પોઈન્ટનો ઘટાડો નોંધવામાં આવ્યો હતો.

મિત્રો આ તો થઈ સામાન્ય વાત પરંતુ હવે આપણે જોઈએ આવતા સપ્તાહની વાત. આવનાર સપ્તાહે મકર સંક્રાંતિ હોઈ બજારમાં બહુ વોલેટાલિટી અને નરમાઈ જોવા મળી શકે છે. પરંતુ અમુક સેક્ટર એવા છે જેમાં વેલ્યુબાઈંગ જોવા મળી શકે છે. જેમાં એફએમસીજી સેક્ટર, હેલ્થકેર સેક્ટર તથા અમુક અંશે ફાઈનાન્શિયલ સેક્ટરમાં વધઘટે તેજી જોવા મળી શકે છે. અહીં આપેલી ભલામણોમાં ફ્યુચરમાં જ શોર્ટ કરવું હિતાવહ રહેશે.

**અંબુજા સીમેન્ટ : બંધ ભાવ (૧૨૮.૩૫)**

માત્ર ફ્યુચરમાં જ શોર્ટ કરવું. અંબુજા સિમેન્ટમાં હાલ કોઈ ન્યૂઝ નથી પરંતુ એસીસી અને અંબુજા સીમેન્ટની ડીલ કેન્સલ થાય તેવા અણસાર લાગી રહ્યા હોવાથી તેમાં થોડું દબાણ આવી શકે છે. એટલે ફ્યુચરમાં ૧૩૫ નો સ્ટોપલોસ રાખી ૧૨૦-૧૧૫ સુધીના ટાર્ગેટ માટે શોર્ટ કરી શકાય અને મળતો નફો બુક કરી શકાય.

**સેઈલ : બંધ ભાવ (૧૭૮)**

આ સ્ટોકમાં સરકારે જ્યારથી એફપીઓ લાવવાની ઘોષણા કરી છે ત્યારથી તેમાં મંદીનું વાતાવરણ ફરી વળ્યું છે. હાલ સરકારે એફપીઓ લાવવાનો નિર્ણય લઈને આ સ્ટોકમાં એફપીઓ પ્રાઈઝ હાલના ભાવ કરતા નીચી રાખી હોવાથી તેમાં વધુ મંદી પ્રવર્તી શકે છે. તેથી ફ્યુચરમાં જ ૧૮૦-૧૮૨ આસપાસ અથવા તો સોમવારે નબળા બજારમાં ૧૭૮-૧૭૯ વચ્ચે શોર્ટ કરી શકાય. સેલિંગ પ્રેશર થકી ૧૭૦-૧૬૬ સુધી જઈ શકે તેમ છે.

**ઓર્ચિડ કેમિકલ : બંધ ભાવ (૨૮૪.૬૦)**

ફાર્મા સેક્ટરનો આ શેર ગયા સપ્તાહના છેલ્લા દિવસે ૪ ટકા ઘટાડો દર્શાવ્યો છે. પરંતુ ફાર્મા સેક્ટરમાં હાલ કોઈ ઘટાડાના સંકેત દેખાતા નથી તેથી બજારની મુવમેન્ટ જોઈને તેમાં લોંગ કરી શકાય. ૨૮૩-૨૮૦ વચ્ચે જો સોમવારે મળે તો લઈને ૨૯૦-૩૦૦ સુધી ટાર્ગેટ રાખી શકાય.

**આઈસીઆઈસીઆઈ બેંક : બંધ ભાવ (૧૦૪૮)**

આ બેંકિંગ સ્ટોકમાં મોટું ધોવાણ જોવા મળ્યું છે. પરંતુ હવે લાગે છે કે થોડું શોર્ટ કવરિંગ આવી શકે છે. રોકાણકારોએ નીચા મથાળે ૧૦૩૦-૧૦૧૫ વચ્ચે જો મળતો હોય તો સૌથી વધુ સારું વળતર મળી શકે છે પરંતુ જો તે બંધ ભાવ કરતા નીચે જાય તો અને બજાર નબળું હોય તો. ૧૦૦૦ નીચે સ્ટોક જાય તો રોકાણ દરેક ઘટાડે વધારવું. ઉછાળે ટાર્ગેટ ૧૦૬૦-૧૦૮૦ રાખી શકાય.

**માયટાસ ઈન્ફ્રા. : બંધ ભાવ (૧૮૩.૬૦)**

આ કંપનીને એનએચએઆઈ તરફથી ૩૭૨.૬૪ કરોડનો રોડ કોન્ટ્રાક્ટ મળ્યો હોવાથી આ સમાચાર આવતા જ આ શેર ૧૯૩ સુધી ઉછળી ગયો હતો અને પાછો ૧૮૩ બંધ આપ્યો છે. હવે આ શેરમાં થોડું બાઈંગ કરી શકાય છે.

**અનુસંધાન પા.નં.૪ ઉપર**

## નિફ્ટીમાં ૫૭૨૧નું લેવલ કટોકટીનું લેવલ

**શરદ કોટક**

# ઘટાડે સમજપૂર્વક વેપાર કરવો

**આ સપ્તાહ :**

આ સપ્તાહે શેર બજારમાં વધુ વધઘટ થાય છતાં એકંદરે બજાર નરમાઈ તરફી ચાલ ચાલવાનો પ્રયત્ન કરશે. પરંતુ દરેક તેજીના ઉછાળે નફો ઘર ભેગો કરાય. આ સપ્તાહે ખાસ કોઈ મોટી તેજીના યોગ નથી. સપ્તાહના પ્રારંભના દિવસોમાં બજાર થોડુંક નરમ રહેવાની શક્યતા રહે. તા. ૧૨ અને ૧૪ દરમ્યાન મોટી વેચવાલી આવી શકે.

**ટ્રેડીંગ સંભાવના :**

રિલાયન્સ કોમ્યુનિકેશન, રિલાયન્સ ઈન્ફ્રા, રિલાયન્સ બ્રોડકાસ્ટ નેટવર્ક, ઓએનજીસી, ગલ્ફ ઓઈલ, એસ્સાર ઓઈલ, તુલસી એક્સ્ટ્રુજન્સ, આરપીપી ઈન્ફ્રા, લાર્સન, હિન્દુસ્તાન કોપર, નેશનલ ફર્ટીલાઈઝર, એનટીપીસી, એબીબી, ત્રિવેણી એન્જિ., રેણુકા સુગર, બજાજ હિન્દુસ્તાન, રાષ્ટ્રીય કેમિકલ, આરઈસી, ક્રોમ્પટન ગ્રીવ્સ, પિરામલ હેલ્થ, કોર્પોરેશન બેંક

**ફ્યુચર એન્ડ ઓપ્શન :**

ડો. રેડ્ડી, સેઈલ, જેટ એરવેઝ,

**એસ્ટ્રો ગાઈડ**



કીર્તિકુમાર બી.શાહ
મો. ૯૪૨૮૧૯૨૬૫૯

સિપ્લા, કોટક બેંક, એલ એન્ડ ટી, એસીસી, સ્ટેટ બેંક, એશિયન પેઈન્ટસ, ભારતી એરટેલ, હિન્દુસ્તાન યુનિલિવર, હીરો હોન્ડા।

**હાઈ રિસ્ક - હાઈ પ્રોફીટ :**

એસીસી, ટાટા મોટર્સ, એનટીપીસી, બાયોકોન, દેના બેંક, આદિત્ય બિરલા નુવો, ટાટા પાવર, ટાટા સ્ટીલ, સ્ટરલાઈટ ઈન્ડ., પટણી કોમ્પ્યુટર, રિલાયન્સ કેપિટલ, કેઈર્ન

**ડાર્ક હોર્સ**

અંબુજા, આલોક ઈન્ડસ્ટ્રીઝ, યુનાઈટેડ સ્પીરીટ, લ્યૂમેક્સ, એમટેક ઓટો, એપોલો હોસ્પિટલ, ટાઈટન, એસ. કુમાર, ખોડેય

**ટૂંકાગાળાનું રોકાણ....**

આલોક ઈન્ડસ્ટ્રીઝ, એલઆઈસી હાઉસિંગ, એશિયન પેઈન્ટસ, પીટીસી ઈન્ડિયા, એજ્યુકોમ્પ, જીએમઆર ઈન્ફ્રા, ઈન્ડા રામા, ઈન્ડિયા ગ્લાયકોલ, સુઝલોન એનર્જી

**ચેતવણી :**

ગ્રહોને આધારે જ આ કોલમમાં શેર બજારની ચર્ચા કરાય છે. સ્વબુદ્ધિથી કામ કરવું. લાભ-નુકસાન માટે અમો જવાબદાર નથી.

# ૫૭૦૨, ૬૨૨૧ મહત્ત્વના ટ્રેન્ડ ડીસાઇડર નીચા મથાળેથી ઝડપી સુધારાની શક્યતા

**નિફ્ટી ફ્યુચર**

**બંધ : ૫૯૧૪**

વધુ ઘટાડા થકી નિફ્ટી ફ્યુચર ૫૮૪૬, ૫૭૭૮, ૫૭૧૧નો આરંભિક ઘટાડો જોવા મળે. ૫૭૧૧, ૫૭૭૮ એ

**ગોલ્ડન સ્પોટ**

મનીષ પટેલ
latish_patel@yahoo.co.in

ત્રિમાસિક ચાર્ટની દૃષ્ટિએ છેલ્લો અને મહત્ત્વનો સપોર્ટ છે. આ સપોર્ટ નજીકથી એકદમ ઝડપી સુધારાની શક્યતા વધુ છે. પરંતુ આ સપોર્ટ તુટતા અને તે નીચે બંધ આવતા હાલ પૂરતું ઉપર તરફની તેજીની આશા ખતમ થઈ જશે. અને વધુ ઘટાડામાં નિફ્ટી ફ્યુચર ૫૬૪૨, ૫૫૭૮, ૫૫૧૭ અને ૫૪૬૬ સુધી જઈ આવશે. ઉપરમાં ૫૯૮૧ પાર ન થાય ત્યાં સુધી ઉછાળે વેચવાલી જોવા મળે. ૫૯૮૧ પાર થતાં ૬૦૬૯, ૬૧૧૨ અને ૬૧૪૪ સુધીનો ઝડપી પ્રત્યાઘાતી ઉછાળો જોવા મળે. જ્યાં આગળ ૬૧૭૮ના સ્ટોપલોસથી ફરીથી વેચવું. પરંતુ ૬૧૭૮, ૬૨૨૧ ઉપર સતત બે દિવસ બંધ આવે તો અને તો જ નવો તેજીનો દોર શરૂ થશે.

**ભેલ ફ્યુચર**

**બંધ ભાવ : ૨૨૯૧**

૨૩૦૧-૨૩૧૯-૨૩૪૨ના ગમે તેવા પ્રકારના ઉછાળામાં ૨૩૬૪ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૨૨૭૦ તૂટતા વધુ ઘટાડા થકી ૨૨૩૬-૨૨૦૨-૨૧૭૬નો ભાવ જોવા મળે.

**એચડીએફસી લી. ફ્યુચર**

**બંધ ભાવ : ૬૮૪**

૬૯૫, ૭૦૯, ૭૧૬ના ગમે તેવા પ્રકારના ઉછાળામાં ૭૨૭ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૬૭૨ તૂટતા વધુ ઘટાડા થકી ૬૫૭-૬૪૨-૬૩૧નો ભાવ જોવા મળે.

**અબાન ફ્યુચર**

**બંધ ભાવ : ૭૬૮**

૭૮૦-૭૯૩-૮૦૭ના ગમે તેવા પ્રકારના ઉછાળામાં ૮૨૨ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૭૫૫ તૂટતા વધુ ઘટાડા થકી ૭૩૩-૭૦૮-૬૮૬નો ભાવ જોવા મળે.

**ચાર્ટ શીખવા માંગતા વાચક મિત્રો komal_1992@ymail.com ઉપર સંપર્ક કરો.**

# ઘણી જ સ્ક્રીપ્ટો ઓવરસોલ્ડ ઝોનમાં........ વેલ્યુબાઈંગ થકી તોફાની તેજી સાથે ઉછાળો જોવાય

ગયા સપ્તાહે શુક્રવારે જોવાયેલ તીવ્ર ઘટાડા બાદ ઘણી જ સ્ક્રીપ્ટો ઓવરસોલ્ડ ઝોનમાં આવેલ છે. જેમાં વેલ્યુબાઈંગ થકી તોફાની તેજી સાથે ઉછાળો જોવાઈ શકે છે. નવું ફંડ એલોકેશન થતાં બાઈંગ વધશે

**(૧) ચંબલ ફર્ટી. (૫૦૦૦૮૫) (૭૯) :** નજીકમાં જ તોફાની ઉછાળો દર્શાવી ૮૬ થી ૯૭.

**(૨) જીએમઆર ઈન્ફ્રા. (૫૩૨૭૫૪) (૪૪.૧૫) :** -નજીકમાં જ તેજી દર્શાવી ૫૦ થી ૫૫.

**(૩) જે.પી. એસોસિએટ્સ (૫૩૨૫૩૨) (૧૦૧.૬૫) :** -નજીકમાં જ ઉછળીને ૧૦૬ થી ૧૧૦

**(૪) સેસાગોવા (૫૦૦૨૯૫) (૩૩૧.૬૦) :** -નજીકમાં જ તેજી થકી ૩૪૩ થી ૩૫૨

**(૫) હિંદ ઓઈલ (૫૦૦૧૮૬) (૨૧૩.૯૫) :** -નજીકમાં જ ઉછાળા દ્વારા ૨૩૦ થી ૨૫૦

**(૬) જેપી પાવર (૫૩૨૬૨૭) (૫૨.૬૦) :** -નજીકમાં જ ઉછળીને ૫૯ થી ૬૪

**(૭) સુપર સ્પિનિંગ (૫૨૧૧૮૦) (૧૪.૦૭) :** -જોરદાર ઉછાળો દર્શાવી ૧૭ થી ૨૦.

**(૮) એમઆરપીએલ (૫૦૦૧૦૯) (૭૧.૮૦) :** -નજીકમાં જ તોફાની તેજીથી ઉછળીને ૮૨ થી ૯૦.

**(૯) સ્ટર્ડી ઈન્ડ. (૫૩૦૬૧૧) (૫.૬૮) :** -નજીકમાં જ તેજીથી ૭ થી ૯.

**(૧૦) મારુતિ (૫૩૨૫૦૦) (૧૩૪૩.૬૦) :** -નજીકમાં જ તોફાની શોર્ટ કવરિંગ, વેલ્યુબાઈંગ થી ૧૩૮૨ થી ૧૪૪૦.

**(૧૧) એફએસએલ (૫૩૨૮૦૯) (૨૨.૮૫) :** -નજીકમાં જ ઉછાળાથી ૨૫ થી ૩૦.

**(૧૨) ગ્રેટ ઓફશોર (૫૩૨૭૮૬) (૩૩૯.૭૫) :** -નજીકમાં જ તેજી દર્શાવી ૪૦૧ થી ૪૨૩.

**(૧૩) એસપીએસએલ (૫૩૩૧૧૦) (૮.૯૦) :** -નજીકમાં જ ઉછાળાથી ૧૨ થી ૧૪

**(૧૪) નાગાર્જુન ફર્ટી. (૫૦૦૦૭૫) (૩૦.૮૫) :** -તોફાની તેજી થકી ૩૬ થી ૪૧

**(૧૫) ઈન્ડિયા ગ્લાયકોલ (૫૦૦૨૦૧) (૧૪૫.૪૫) :** -નજીકમાં જ ઉછાળાથી ૧૬૩ થી ૧૮૦.

**(૧૬) કેએફએ (૫૩૨૭૪૭) (૬૧.૬૦) :** -નજીકમાં જ તેજી દ્વારા ૬૪ થી ૭૨.

**(૧૭) એલઆઈટીએલ (૫૩૨૭૭૮) (૫૯.૩૦) :** -ખૂબ જ તોફાની અને તીવ્ર ઉછાળાથી ૬૮ થી ૭૩.

**(૧૮) એસઈએલ એમસીએલ (૫૩૨૮૮૬) (૨૧.૯૫) :** -નજીકમાં જ તેજી દર્શાવી ૨૫ થી ૨૮.

**(૧૯) બાટલીબોઈ (૫૨૨૦૦૪) (૩૦.૨૦) :** -નજીકમાં જ ૩૫ થી ૪૧.

**(૨૦) હોટલ લીલા (૫૦૦૧૯૩) (૪૫.૨૦) :** -નજીકમાં જ ૫૦ થી ૫૪.

**હોટ કેક**



પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com

**(૨૧) ગોદરેજ કન્ઝ્યુમર (૫૩૨૪૨૪) (૩૯૪) :** - તોફાની ઉછાળાથી ૪૨૩ થી ૪૫૧.

**(૨૨) કેપ્રીહાન્સ (૫૦૯૪૮૬) (૭૩.૫૦) :** -નજીકમાં જ તેજી દ્વારા ૮૨ થી ૯૦.

**(૨૩) બાલાસોર (૫૧૩૧૪૨) (૨૬.૯૫) :** - નજીકમાં જ ઉછાળાથી ૩૨ થી ૩૬.

**(૨૪) શ્રી બજરંગ (૫૨૬૯૮૧) (૨૧.૭૦) :** -તોફાની તેજીથી ૨૫ થી ૩૨.

**(૨૫) ઈન્ડો રામા (૫૦૦૨૦૭) (૬૩) :** -નજીકમાં જ ૬૮ થી ૭૩.

**(૨૬) ઈન્ડિયા લીઝ (૫૦૦૨૦૨) (૧૦.૧૧) :** -નજીકમાં જ ૧૨ થી ૧૪.

**(૨૭) શ્રી રાયલસીમા (૫૦૭૭૫૩) (૧૨.૭૦) :** -નજીકમાં જ ઉછાળાથી ૧૬ થી૨૦.

# કરેક્શન દરમ્યાન ફાર્મા શેરોમાં રોકાણ સલામત તથા લાભદાયી બનશે

સરકાર ભ્રષ્ટાચારના આક્ષેપો, સ્કેમથી હાલ વ્યથિત છે તેમાં ખાદ્યપદાર્થોની મોંઘવારી આંક વધતા ચિંતામાં વધારો થયો છે. ૩૧ ડીસેમ્બરના પૂરા થતા કવાર્ટરના સારા પરિણામો અપેક્ષિત હોવા છતાં પ્રવર્તમાન માહોલમાં વિદેશી સંસ્થાઓ તેમજ એનએનઆઈ નવી ખરીદીથી દૂર રહે છે. અને નાના રોકાણકારકો ગભરાઈને

**શ્યોર સર્કિટ**



નિરવ દેસાઈ
મો. ૯૯૩૦૪૯૫૭૮૦
www. asianstockworld

વેચાણ કરે છે. આ કરેક્શનનો દોર હજુ એક સપ્તાહ ચાલુ રહે તેવું જણાય છે. નિફ્ટીમાં ૫૯૦૦ તૂટતાં ૫૭૯૦ અને ૫૭૨૫ અગત્યના સપોર્ટ છે. બજેટ નજીકમાં છે. તેથી વિદેશી સંસ્થાઓ ફરી ઘટાડે ખરીદી કરવા આવી જશે. આવા સંજોગોમાં હવે પછીના કરેક્શન દરમ્યાન ફાર્મા શેરોમાં બજેટ સુધીનું રોકાણ લાભદાયી રહેશે.

**(૧) ગેઈલ (૫૨૨) :**

આ અગ્રણી પીયુસી કંપનીનું પરિણામ સારું અપેક્ષિત છે. હાલના ભાવ સામે ૫૦૮ સપોર્ટ છે. ઉપરમાં ૫૩૫ ઉપર ૫૬૫ અને મિડીયમ ટર્મ માટે ૬૦૫ થી ૬૧૦નું લક્ષ છે. કંપનીની ૧૨૬૮ કરોડની ઈક્વિટી સામે ૯૨૩ કરોડનો નેટ નફો ગત વર્ષ મેળવાયો હતો. કંપનીના શેરની ઈપીએસ ૭.૨૮ તેમજ એપીએમ ૧૯.૭૭ રેકર્ડ થયેલ.

**(૨) સિપ્લા (૩૫૩) :**

આ શેરમાં લાંબી તેજી છે. ટેકનકીલી ચાર્ટપ્રમાણે ૩૩૦નો આધારભૂત સપોર્ટ છે. આગળ જતા ૩૬૫ ઉપર ૩૮૦ અને બાદમાં ૪૦૦નું શોર્ટ ટર્મ લક્ષ છે. કંપનીએ ૧૬૦ કરોડની મૂડી ઉપર ૨૩૬ કરોડનો નેટ નફો કર્યોહતો. કંપનીનો ઓપીએમ ૨૩.૭૨ અને ઈપીએસ ૩.૨૭ નોંધાયેલ છે.

**(૩) રેનબક્ષી (૫૯૨) :**

હાલના કરેક્શનમાં ઘણો ઘટાડો દર્શાવ્યા બાદ હવે સુધારા તરફે રહેવાની પૂરી શક્યતા છે. ૫૭૫નો મુખ્ય સપોર્ટ છે. ૬૨૦ ઉપર ૬૮૦નું શોર્ટટર્મ ટાર્ગેટ છે. કંપનીની ૨૨૦ કરોડની કેપિટલ છે. તે સામે ગત વર્ષ ૨૨૧ કરોડનો નેટ નફો નોંધાયેલ હતો. ઈપીએસ ૫.૨૭ અને ઓપીએમ ૨૫.૩૩ રેકર્ડ થયેલ.

**(૪) અરવિંદો ફાર્મા (૧૩૧૧) :**

ફાર્મા સેક્ટરની આ અગ્રણી કંપની છે. હાલ ૧૨૮૦ સપોર્ટ છે. જ્યારે આગળ જતા ૧૩૬૦ ઉપર ૧૪૦૦થી ૧૪૩૦ નું લક્ષ છે. મિડીયમ ટર્મ માટે ૧૫૦૦નું લક્ષ છે. કંપનીની ૨૯.૧૧ કરોડની ઈક્વિટી સામે કંપનીને ૨૧૪ કરોડનો જંગી નફો ગત વર્ષે થયો હતો. ઈપીએસ ૩૭ અને ઓપીએમ ૩૧.૭૪ નોંધાયેલ છે. સેલ્સ ૧૦૫૦ કરોડનું રેકર્ડ થયેલ.

**(૫) ગ્લેક્ષો ફાર્મા (૨૩૭૫) :**

આ શેરમાં નજીકનો સપોર્ટ ૨૩૦૦ અને દૂરનો સપોર્ટ ૨૨૦૫ છે. ઘટાડે જ ખરીદવા ભલામણ છે. આગળ જતા ૨૪૨૫ ઉપર ૨૫૫૦ અને બાદમાં ૨૬૦૦ સુધીનું લક્ષ શોર્ટ ટર્મમાં છે. કંપનીની ૮૪ કરોડની કેપિટલ છે. ગત વર્ષ ૧૫૭ કરોડનો નેટ નફો થયો હતો. ઈપીએસ ૧૮.૬૦ અને ઓપીએમ ૩૬.૬૫ રેકર્ડ થયેલ. લાંબાગાળા માટે ૨૮૫૦ થી ૩૦૦૦ નું લક્ષ છે.

# પ્રાઈમરી માર્કેટના તાણા - વાણા

## સી મહેન્દ્ર એક્ષપોર્ટસને મળેલ સામાન્ય પ્રતિભાવ

ડાયમન્ડ જવેલરી ખેલાડી સી મહેન્દ્ર એક્ષપોર્ટના ગત સપ્તાહે આવેલ આઈપીઓને સામાન્ય પ્રતિભાવ મળેલ છે અને તે માત્ર ૨.૭૮ ગણો જ ભરાયેલ છે. આ ઈસ્યુને તેના ૧.૫ કરોડ શેરની સામે ૪.૧૭ કરોડ શેર માટેની અરજીઓ મળી છે. બિન સંસ્થાકિય રોકાણકારોના અને નાના રોકાણકારા દ્વારા આ ઈસ્યુ અનુક્રમે ૩.૯૨ ગણો તેમ જ ૪.૮૨ ગણો ભરાયેલ છે. કયુઆઈબી રોકાણકારોનો હિસ્સો માત્ર ૧.૦૨ ગણો જ ભરાયેલ છે. ગમે તેમ હોય, લીસ્ટીગ વખતે આ શેરના ભાવ ઉંચા આવે પછી રામ રામ.

## મોડર્ન ટયુબ ઈન્ડસ્ટ્રીજે સેબી સમક્ષ ડી આર એચ પી ફાઈલ કર્યું

ગુજરાત સ્થિત મોડર્ન ટયુબ ઈન્ડસ્ટ્રીઝે તેનો રૂ. ૧૦ નો એક એવા ૬૫૦ મિલિયન ઈક્વિટી શેર સાથે મૂડી બજારમાં પ્રવેશવા માટે સેબી સમક્ષ ડી આર એચ પી સબમીટ કરેલ છે. આ શેર મુંબઈ સ્ટોક એક્ષચેંજ ઉપર નોંધવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

આ કંપનીને મૂડી બજારમાંપ્રવેશવા માટેની પ્રક્રિયામાં આર્યમાન ફાઈનાન્સિઅલ સર્વિસ અનેલીન્ક ઈનટાઈમ (ઈન્ડિયા) સહાયભૂત થઈ રહેલ છે.

## તક્ષીલ સોલ્યુશનનું મૂડી બજારમાં આઈપીઓ દ્વારા પ્રવેશવા આયોજન

ગુજરાત સ્થિત તક્ષીલ સોલ્યુશન તેનો રૂ. ૧૦ નો એક એવા રૂ. ૫.૫૦ મિલિયન ઈકવીટી સાથે મૂડી બજારમાં પ્રવેષવા માટે આયોજન કરી રહેલ છે. આ હેતુ સર આ કંપનીએ સેબી સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરીંગ પ્રોસ્પેકટસ પણ રજૂ કરી દીધેલ છે અને આ શેર બી એસ ઈ પર નોંધવા માટે રજુઆત કરેલ છે. આ કંપનીને મૂડી બજારમાં પ્રવેશવા માટેની પ્રક્રિયામાં પી એન બી ઈન્વેસ્ટમેન્ટ સર્વિસ અને બીગ શેર સર્વિસીસ સહાયભૂત થઈ રહેલ છે.

## લોકમત મિડીયા આઈપીઓ દ્વારા મૂડી બજારમાંથી ફંડ એકત્રિત કરશે.

મુંબઈ સ્થિત લોકમત મિડિયા પ્રિન્ટ મિડિયાના ધંધા સાથે સંકળાયેલી છે. જે તેનો રૂ. ૧૦ નો એક એવા ૧૩,૮૨૯,૦૬૪ શેર લઈને મૂડી બજારમાં પ્રવેશવા માટે આયોજન કરી રહેલ છે. આ કંપનીના શેર મુંબઈ સ્ટોક એક્ષચેંજ પણ નોંધવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આ કંપની આ આઈપીઓથી મળેલ નાણાનો ઉપયોગ છાપકામની હાલની સુવિધા અદ્યતન કરવા, નવા બજારને પહોંચી વળવા ક્ષમતા કેળવવા, પોતાનું બ્રાન્ડનેઈમ વધુ મજબૂત બનાવવા, લોન ચૂકવવા તેમ જ મરાઠી અને હિન્દી ફીલ્મનું સહ ઉત્પાદન કરવા, આઈ બી એન એલમાં રોકાણ કરવા વગેરે કારણો સર આ ફંડ એકત્રિત કરવા આયોજન કરી રહેલ છે.

કોટક મહિન્દ્ર, કેપિટલ, એનમ સિકયુરિટિજ (પ્રા) લી અને લીન્ક ઈનટાઈમ (ઈન્ડિયા) આ કંપનીની શેર ઈસ્યુની પ્રક્રિયામાં સહયોગ આપશે.

## નેટ ઓલ્ટર સોફ્ટવેર આઈપીઓ લાવશે

મુંબઈ સ્થિત નેટઓલ્ટર સોફ્ટવેર કોમ્પુટર સોફ્ટવેરના ડેવલપીંગ, માર્કેટીંગ અને ડીસ્ટ્રીબ્યુટીંગ અને ટેકનોલોજીના વ્યવસાય સાથે સંકળાયેલી કંપની છે, આ કંપની પોતાનો રૂ. ૧૦ નો એક એવા ૩.૯૦ મિલિયન શેર સાથે મૂડી બજારમાં પ્રવેશવા માટે આયોજન કરી રહેલ છે તેના ભાગ રૂપ તેણે સેબી સમક્ષ પોતાનું ડી આર એચ પી દાખલ કરેલ છે.

અરીહન્ત કેપિટલ માર્કેટસ અને લીંન્ક ઈનસટાઈમ (ઈન્ડિયા) પ્રા. લી. આ આઈપીઓમાં સાથ આપશે.

## ટ્રીમેક્ષ આઈ ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આઈપીઓ માટે આયોજન

ટ્રીમેક્ષ આઈ ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસીસ ચાલુ કેલેન્ડર વર્ષમાં આઈપીઓ દ્વારા મૂડી બજારમાં પ્રવેશવા માગે છે. , અને તે દ્વારા રૂ. ૨૫૦ થી ૩૫૦ કરોડ રૂપિયા એકત્રિત કરવા માગે છે.

તેઓ કલાઉડ કોમ્યુટીંગ સ્પેસમાં રોકાણ કરવા ઈચ્છે છે, આ ઉપરાંત ૩ થી ૪ વધુ ડેટા સેન્ટર્સમાં પણ રોકાણ કરવા ઈચ્છે. આવનાર છ માસમાં તેઓ આ અંગેના કાગળો સેબી સમક્ષ રજૂ કરશે. મુંબઈ સ્થિત આ કંપની સીસ્ટમ ઈન્ટીગ્રેશન, ડેટા સેન્ટર સર્વિસ અને આઈ ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત છે.

## હિન્દ કોપર એફ પી ઓનું પ્રાઈઝ બેન્ડ રૂ. ૧૨૦ થી ૧૪૦ નક્કી કરશે

સરકારશ્રીની માલિકીની હિન્દુસ્તાન કોપર ટૂંક સમયમાં જ પોતાનો એફ પી ઓ લોન્ચ કરનાર છે. આ ઈસ્યુ દ્વારા ૧૦ ટકા નવા શેર અને ૧૦ ટકા ડીવેસ્ટમેન્ટ કરવામાં આવશે. જેનું પ્રાઈઝબેન્ડ રૂ. ૧૦૦ થી ૧૧૦ રાખે તેવી વકી છે. આ કંપની માર્ચ માસમાં તેમનો આઈપીઓ લાવવા વિચારી રહેલ છે અને આ ઈસ્યુ દ્વારા રૂ. ૨૦૦૦ કરોડ ઉપલબ્ધ કરવા માગે છે.

હિન્દુસ્તાન કોપર આફ્રિકન દેશો અને ચીલી ખાતે ત્રાંબાની ખાણ માટે નજર દોડાવી રહેલ છે અને પાંચ વર્ષમાં તેના વિસ્તૃતિકરણ માટે રૂ. ૪૦૦૦ કરોડ રોકનાર છે.

## સેઈલનો એફપીઓ ૮મી ફેબ્રુઆરીએ ખુલશે

ભારતની સૌથી મોટી સ્ટીલ કંપની સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સેઈલ) તેની ફોલોઅપ પબ્લિક ઓફર સાથે ફેબ્રુઆરીની ૮મી તારીખે મૂડી બજારમાં પ્રવેષશે. આ કંપની ૫ ટકા નવા શેર અને ૫ ટકા સરકારશ્રીનો હિસ્સો વેચનાર છે. આ માટે આ કંપની પ્રારંભિક શેર પ્રોસ્પેકટસ તા. ૨૦મી જાન્યુઆરીએ ફાઈલ કરનાર છે.

## ટ્રીમ પ્લાસ્ટિકસે સેબી સમક્ષ આઈપીઓ પેપર રજૂ કર્યા

ટૂથબ્રશનું ઉત્પાદન કરતી ટ્રીમ પ્લાસ્ટિક્સ ૫૯.૩ લાખ ઈકવીટી શેર સાથે મૂડી બજારમાં પ્રવેષવા માટે તૈયારી કરી રહેલ છે જે દ્વારા તેમને ભરપાઈ થયેલ મૂડીના ૫૬ ટકા જેટલી રકમ મળનાર છે. આ કંપનીએ આ હેતુજી તેનું ડી આર એચ પી પણ સેબી સમક્ષ રજૂ કરી દીધેલ છે.

આ કંપની ટૂંથબ્રશના ઉત્પાદન સાથે જોડાયેલ છે અને તેની માસિક સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૪૨ લાખ ટૂથબ્રશની છે. હાલમાં આ કંપની મલ્ટીનેશનલ કોર્પોરેશન માટે કોન્ટ્રાકટના ધોરણે ટૂથબ્રશનું ઉત્પાદન કરી આપે છે. આ ઈસ્યુથી આ કંપની તેના ગુજરાત ખાતેના ઉત્પાદન પ્લાન્ટનું વિસ્તૃતિકરણ કરશે અને ડેન્ટ ઓ ફ્રેશ બ્રાન્ડના નામે ટૂથબ્રશ સાથે બજારમાં આવશે તે માટે આ કંપનીને રૂ. ૧૬.૦૯ કરોડની જરૂર છે, જે આ ઈસ્યુ દ્વારા ઉપલબ્ધ થશે.

જો કે આ ઈસ્યુથી પ્રમોટરોનું શેરહોલ્ડીંગ હાલ ૮૨.૩૦ ટકા છે તે ઘટીને ૨૬.૨૧ ટકા થશે.

## એન્ડરન્સ ટેકનોલોજીસના આપીઓને ક્રીસીલ દ્વારા ગ્રેડ ૩ અપાયો

ક્રેડીટ રેટીંગ કંપની ક્રીસીલ દ્વારા એન્ડરન્સ ટેકનોલોજીસના આઈ પી ઓને ગ્રેડ -૩ આપવામાં આવેલ છે એટલે કે આ આઈપીઓને સરાસરી ફન્ડામેન્ટલ વાળો ઠરાવવામાં આવેલ છે.

એન્ડરન્સ એ એક અગ્રણી ઓટોમોટિવ કોમ્પોનન્ટ ઉત્પાદિત કરતી કંપની છે. આ કપની દ્વિ ચક્રી વાહનો, ત્રી ચક્રી વાહનો, પેસેન્જક વ્હીકલ, લાઈટ કમર્શિયલ વ્હીકલ અને હેવી કોમર્શીયલ વ્હીકલ માટે વિવિધ કોમ્પોનન્ટનું ઉત્પાદન કરે છે. આ કંપની આ આઈપીઓથી મળનાર રકમથી લોન ભરપાઈ કરશે તેમ જ બાકી નાણાં એટલે કે રૂ. ૫૦૦ મિલિયન વિસ્તૃતિકરણ પાછળ પણ ખર્ચશે.

**કલમ કોટકની પા.નં. ૮ નું ચાલુ**

નિફ્ટી હાલમાં ૧૧.૭૯ ટકા વધીને ટ્રેડ થાય છે. મહિનાના આંકડા તપાસીએ તો નિફ્ટી -૧.૨૦ ટકા ઘટીને ટ્રેડ થાય છે. વિદેશી ફંડોની ગતિવિધિ તપાસીએ તો ૨૦૧૧ના પ્રથમ બે દિવસમાં તેમણે પ્રથમ બે દિવસમાં ઈક્વિટીમાં નેટ ૧૦૫૮.૭૩ કરોડનો માલ લીધો. પરંતુ સપ્તાહના છેલ્લા ત્રણ દિવસથી તેઓ સતત વેચવાલ છે અને નેટ ૧૬૬૬.૬૭ કરોડનું નેટ વેચાણ કરી ગયા. તેમની મુખ્ય ભીતી બધા ક્ષેત્રે અડધા ટકા આસપાસની વ્યાજ દરના વધારાની દહેશત છે. ફુગાવાને ડામવા રિઝર્વ બેંક શક્ય વ્યાજના દરમાં વધારો કરે અને પરિણામે બેંક, મેટલ, ઓટો ક્ષેત્રે દબાણ આવવાની શક્યતા છે.

ઉપરાંત હાઉસિંગ લોનમાં વ્યાજ દર ધીમી ગતિએ વધી રહ્યા છે. જેને લીધે નવા વેચાણ ઉપર દબાણ આવવાની શક્યતા છે. તેથી આવા ક્ષેત્રે તેમનું વેચાણ જોવાઈ રહ્યું છે. આઈએફસીઆઈ તથા બેંક ક્ષેત્રના તથા ઓટો ક્ષેત્રના શેરમાં તેમની વેચવાલી દેખાઈ રહી છે. પરંતુ ડીઆઈઆઈ મુર્ખતાની હદે વિદેશી ફંડોની ચાલની વિપરીત રીતે વર્તી રહી છે. છેલ્લા છ મહિનાથી આ વાત શંકા પ્રેરે તેટલી હદે સરખી રહી છે. જ્યારે જ્યારે વિદેશી ફંડો વેચે છે ત્યારે લગભગ ડીઆઈઆઈની ખરીદી હોય છે. કારણ શું? બે માંથી એક મુરખ છે કે કંઈક સાંઠ ગાંઠ છે? અમેરિકન અર્થતંત્ર ખાડે હતું ત્યારે પણ આ ફંડોએ વૈશ્વિક ધોરણે અમેરિકાની બહારથી પોતાની આવકો ઊભી કરી સાબિત કરી આપેલું કે વિશ્વના મોટા મોટા દેશોના અર્થશાસ્ત્રીઓ કરતા તેમની બુદ્ધિ, આવડત અને મેનેજમેન્ટ વધારે સારા અને કુશળ છે. તેથી બે માંથી કોણ મુરખ એ કહેવાની જરુર નથી. ખરેખર આ બાબતમાં પણ કોઈ રાજકારણ અને દોરી સંચારની શંકા જાય છે. શુક્રવારે એફઆઈઆઈનું નેટ વેચાણ ૧૦૪૦.૭૪ કરોડનું હતું જ્યારે ડીઆઈઆઈની નેટ ખરીદી ૧૧૧૫.૮૩ કરોડની હતી. તો પછી બજાર નીચે કેમ ગયું? ખેર, જ્યારે સીબીઆઈ ની ગતિવિધિ તરફ શંકાની સોય તકાતી હોય અને પ્રધાનો ભ્રષ્ટાચાર કરતા હોય ત્યારે બીજા કોઈ વિશે શું કહેવું?

# બેરીશ ઈન્ગલ્ફીંગ

**તા. ૦૮.૦૧.૨૦૧૧**

**ટૂંકા અને મધ્યમ ગાળાની રૂખ નકારાત્મક બની**

ગત સપ્તાહે બજારે નીચેની ઉચ્ચ સપાટીનો સ્પર્શ કર્યો અને નીચે જવા માંડયું તે જોતાં બજાર નજીકના ભવિષ્યમાં જ અગાઉની ઉચ્ચતમ સપાટીને સ્પર્શ કરશે તેવી બધી જ આશાઓ રગદોળાઈ ગઈ. હવે બધા જ ટ્રેડર્સના મનમાં બજાર અગાઉની ટોચની સપાટી હાંસલ કરશે કે નહીં તે નથી, પરંતુ બજાર તેની અગાઉની તળિયાની સપાટીને સ્પર્શવા જઈ રહેલ છે કે નહીં ? તે છે. જો અગાઉની તળિયાની સપાટી




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ**
**રોકાણકારોના હિત માટે સમર્પિત**

આઈ પગલાં લઈ શકે અને હવે વ્યાજદરમાં વધારો કરી શકે છે તેવા ભયથી શુક્રવારે બજાર લથડયું, આ ઉપરાંત રાહત પેકેજ રદ કરવાની ચર્ચાથી વધુ ભય ફેલાયો.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૨૦૬૨૧ પોઈન્ટથી થઈ, ૨૦૬૬૪ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૯૯૨૯ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૯૬૯૧ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૮૧૮ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૬૧૭૭ પોઈન્ટથી કરી, ૬૧૮૧ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૮૮૩ પોઈન્ટન નિમ્ન સપાટી દર્શાવી અને ૫૯૦૪ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૨૩૦ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ સપ્તાહે બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર એક મોટા કદની કાળી કેન્ડલની રચના કરી. છેલ્લા બે સપ્તાહે બેરીશ ઈન્ગલ્ફીંગ કેન્ડલસ્ટીક પેટર્નની રચના કરેલ છે. આ એક બેરીશ રિવર્સલ પેટર્ન છે. દૈનિક ચાર્ટ પર પણ, ઈન્ડેક્ષોએ એક મોટા કદની કાળી કેન્ડલની રચના કરેલ છે જે રૂખમાં વધુ નબળાઈની સૂચક છે.

હાલમાં બજાર ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૨૦૦૪૫ અને નિફ્ટી ૬૦૧૭) તેમ જ ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૨૦૦૪૯ અને નિફ્ટી ૬૦૦૫)નીચે બંધ આપેલ છે, પરિણામસ્વરૂપ મધ્યમ ગાળાની તેમ જ ટૂંકા ગાળાની રૂખ મંદીમય બનેલ છે. બંને ઈન્ડેક્ષો ૨૦૦ ડી એમ એ ઉપર (સેન્સેક્ષ ૧૮૬૩૬ અને નિફ્ટી ૫૫૯૪)હોઈ લાંબા ગાળાની રૂખ હજુ સુધી તો ઉર્ધ્વમૂખિ છે

સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ તેનો તેના હાલની વૃધ્ધિને (સેન્સેક્ષ ૧૮૯૫૪ થી ૨૦૬૬૪ અને નિફ્ટીમાં ૫૬૯૦ થી ૬૧૮૧) સુધારી રહેલ છે. શુક્રવારે ઉપર દર્શાવિલ ઘટાડા દરમ્યાન બંને ઈન્ડેક્ષોએ તેમની ૬૧.૮ ટકા રિટ્રેસમેન્ટ સપાટી પર આધાર લીધો હતો એટલે કે સેન્સેક્ષે ૧૯૬૦૭ અને નિફ્ટીએ ૫૮૭૮ની સપાટી પર. જો ઉપર દર્શાવેલ સપાટી નીચે ઘટાડો ચાલુ જ રહે તો આપણને મોટું કરેકશન જોવા મળી શકે એટલે કે સેન્સેક્ષમાં ૧૫૯૬૦ થી ૨૧૧૦૮ અને નિફ્ટીમાં ૪૭૮૬ થી ૬૩૩૮. સેન્સેક્ષ માટેની કરેકશન સપાટી ૧૯૧૪૧-૧૮૫૩૪-૧૭૯૨૬ અને નિફ્ટી માટેની રિટ્રેસમેન્ટ સપાટી ૫૭૪૫-૫૫૬૨-૫૩૭૯ આવે.

બંને ઈન્ડેક્ષોએ એટલે કે સેન્સેક્ષે ૧૮૯૫૪ ની સપાટીએ અને નિફ્ટીએ ૫૬૯૦ની સપાટીએ બોટમની રચના કરેલ છે. જયારે ઈન્ડેક્ષ નીચે ગયા ત્યારે (સેન્સેક્ષ ૧૯૦૭૪ અને નિફ્ટી ૫૭૨૧) આ સપાટી તોડેલ ન હતી તેથી હવે ટૂંકા ગાળામાં સેન્સેક્ષ ૧૮૯૫૪ અને નિફ્ટી ૫૬૯૦ની સપાટી ખૂબ મહત્વની બની જાય છે. જયાં સુધી ઉપર દર્શાવિલ સપાટીઓ જળવાઈ રહે ત્યાં સુધી બજારની રૂખ હકારાત્મક રહે. જયાં સુધી સેન્સેક્ષ ૧૭૮૧૯ અને નિફ્ટી ૫૩૪૮ની સપાટી જાળવી રાખશે ત્યાં સુધી લાંબા ગાળાની રૂખ સાબૂત રહેશે.

**જયાં સુધી સેન્સેક્ષ ૧૭૮૧૯ અને નિફ્ટી ૫૩૪૮ની સપાટી જાળવી રાખશે ત્યાં સુધી લાંબા ગાળાની રૂખ સાબૂત રહેશે.**

આર ઓ સી નકારાત્મક બનેલ છે અને તેથી વેચાણના સંકેત આપે છે અને એમ એ સી ડી પણ વેચાણના સંકેત આપી રહેલ છે પરંતુ તેઓ હજુ હકારાત્મક ટેરીટરીમાં રહેલ છે. આર એસ આઈ એ પણ નીચે તરફ ૪૧ સુધી ગતી કરેલ છે અને વેચાણના સંકેત આપેલ છે. ઓ બી વી એ પણ મનીફલો ઈન્ડેક્ષ કે જે સેન્ટરલાઈનથી થોડો નીચે નિમ્નગતિ કરી ગયેલ છે તે સાથે વેચાણના સંકેત આપેલ છે. %કે ઓવરસોલ્ડ ઝોનમાં હોઈ સ્ટોકેસ્ટિક ઓસીલેટર પણ ઓવરસોલ્ડ ઝોનમાં જ છે. ગુરુવારે +ડીઆઈએ -ડીઆઈને ઉપરથી નીચે તરફ પસાર કરેલ છે તે જોતાં દીશા સૂચક સંકેતકોએ પણ વેચાણના સંકેત આપેલ છે.

ઓ આઈ પી સી આર આ સપ્તાહે તિવ્રતાથી ઘટેલ છે અને હવે તે ૧.૮૯ પોઈન્ટે છે, પુટ રાઈટર્સ નિર્દયતાથી રહેંસાઈ ગયેલ છે. બજારમાં આવેલ તિવ્ર ઘટાડાએ કોલ રાઈટર્સમાં વિશ્વાસ ઉમેરેલ છે જે ઓપન ઈન્ટરેસ્ટમાં શુક્રવારે ૬૦૦૦ ને બદલે ૬૨૦૦ અને ૬૧૦૦ સુધી થયેલ વૃધ્ધિમાં જોઈ શકાય છે. ૫૮૦૦નું મજબૂત પુટ રાઈટીંગ થયેલ છે જે ટેકા તરીકે કાર્ય કરશે.

સેન્સેક્ષ માટેનો ટ્રેન્ડલાઈન ટેકો ૧૯૫૨૦-૧૯૨૧૬ છે અને નિફ્ટી માટે ટ્રેન્ડલાઈન ટેકો ૫૮૫૭-૫૬૮૨ છે.

આવનાર સપ્તાહે સેન્સેક્ષનો સપોર્ટ ૧૯૩૪૨-૧૯૦૧૪-૧૮૮૨૩ છે. સેન્સેક્ષનો રેજીસ્ટન્સ ૧૯૮૬૪-૨૦૦૮૪-૨૦૨૬૭ રહેશે. આવનાર સપ્તાહે નિફ્ટીનો સપોર્ટ ૫૮૨૪-૫૭૨૧-૫૬૨૫ છે. નિફ્ટીનો રેજીસ્ટન્સ ૫૯૬૬-૬૦૨૯-૬૦૯૨ રહેશે.

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5625 | 5721 | 5824 | 5904 | 5966 | 6029 | 6092 |
| Sensex | 18823 | 19014 | 19342 | 19691 | 19864 | 20084 | 20267 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**એસ કુમાર સિવાય ભલામણ કરેલ ઘણા શેરના સ્ટોપલોસ આવી ગયા**

| STOCK | Reco. Price | Tgt | Reached |
|---|---|---|---|
| Buy OFSS | 2338 | 2368 | 2354 |
| Buy CanaraBnk | 660 | 680 | 672 |
| Buy Skumars | 86 | 89 | 89 |
| Buy HDiL | 194 | 200 | 198 |
| Buy SyndicateBnk | 128 | 132 | 130 |

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|
| SELL CUMMINS | 743 | 751 | 731 | 717 |
| SELL SAIL | 178 | 182 | 171 | 163 |
| SELL YESBANK | 270 | 277 | 257 | 243 |
| SELL PATELENGG | 291 | 295 | 282 | 272 |
| SELL MARUTI | 1340 | 1356 | 1313 | 1283 |

**સેન્સેક્ષ માટેનો ટ્રેન્ડલાઈન ટેકો ૧૯૫૨૦-૧૯૨૧૬ છે અને નિફ્ટી માટે ટ્રેન્ડલાઈન ટેકો ૫૮૫૭-૫૬૮૨ છ**

તૂટે એટલે કે નિફ્ટીમાં ૫૬૯૦, તો નિફ્ટી લોઅર ટોપ લોઅર બોટમ ફોર્મેશનને માન્યતા આપે. બધા જ ઈન્ડેક્ષો તેમની ટૂંકા અને મધ્યમ ગાળાની સરાસરી નીચે બંધ આવેલ છે અને તેથી ટૂંકા અને મધ્યમ એમ બંને ગાળાની રૂખ નિમ્નમૂખી બનેલ છે. ખરેખર તો બ્રોડનીંગ પેટર્ન જયારે તેના લક્ષ સાધ્યથી બહાર થઈ જાય છે ત્યારે આ રીતે પ્રતિક્રિયા આપતી હોય છે. જયારે આ પેટર્ન બહાર ચાલતી હોય ત્યારે ઘણા સ્ટોપલોસ આવી જાય છે અને આ પેટર્ન ફોર્મેશનમાં પૈસા બનાવવા મૂશ્કેલ બની જતા હોય છે.

**બજારની ચિંતા, હવે આર બી આઈ શું પગલાં લેશે ?**

શુક્રવારે, વધતા જતા ખાદ્ય પદાર્થો આધારિત ફૂગાવાના કારણે સેન્સેક્ષ ૫૦૦ કરતાં પણ વધુ પોઈન્ટથી લથડયો. આ માટે વિરોધ પ્રદર્શન જોરથી થઈ રહેલ છે અને હવે સરકાર ફૂગાવાના મોરચે વિપક્ષો દ્વારા સરકાર ઘેરાઈ રહી છે. ફૂગાવાને નાથવા માટે આર બી

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

Sell Cummins743 SL 751 Tgt 731-717



# રાજકીય અસ્થિરતા અને મોંઘવારીના રાક્ષસે શેરબજારની તેજીને બ્રેક લગાવી દીધી

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**સીનેમેક્ષ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૦૭**
**હાલનો ભાવ રૂ.૫૭**

ઉપર જણાવ્યા મુજબ ૨૦૧૧ની સારી શરુઆત પછી ફરીથી એક વાર રાજકીય અસ્થિરતા એટલે કે જુના કૌભાંડો ફરીથી એક વાર કોથળામાંથી ઉભા થતાં, દા. ત. બોફોર્સ, જે વિરોધ પક્ષોએ ફરીથી ચગાવ્યો, તદ ઉપરાંત ટેલીકોમ કૌભાંડ તો ઉભું જ છે, તેની સાથે સાથે છેલ્લા ૧૫ થી ૨૦ દિવસમાં ખાદ્ય પદાર્થોના ભાવોમાં થયેલ જબરજસ્ત વધારો, અને તેમાંય ખાસ કરીને ડુંગળી, કે જેના ભાવમાં છેલ્લા એક માસમાં લગભગ ૫૦ થી ૭૦ ટકાનો વધારો થયેલ છે, તેમ જ પેટ્રો પેદાશોના ભાવોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, આના લીધે મોંઘવારી આંક ઓલ ટાઈમ હાઈ એટલે કે ૧૮.૩૨ થઈ ગયો છે. આ તમામ નકારાત્મક પરિબળોના કારણે ભારતીય તેમ જ વિદેશી રોકાણકારોનું ભારતીય શેર બજાર પ્રત્યેનું વલણ નકારાત્મક થયું. તેના કારણે ગત સપ્તાહમાં ૨૦૧૧ ની પ્રથમ મંદી એટલે કે મુંબઈ શેર બજાર આંક સાપ્તાહિક ૫૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯૬૯૧ પોઈન્ટે બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વળતર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**સીનેમેક્ષ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૦૭**
**હાલનો ભાવ રૂ.૫૭**

મલ્ટીપ્લેક્ષ એટલે કે મનોરંજનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની આઈપીઓ પ્રાઈજ ૧૪૦ કરતાં બહુ જ ઓછા ભાવે ઉપલબ્ધ છે. કંપનીના સમગ્ર ભારતમાં ૨૫ થી ૩૦ મલ્ટીપ્લેક્ષ છે. અને આવનાર દિવસોમાં ઘણાં બધાં મલ્ટીપ્લેક્ષ બનાવશે. ફીલ્મ ઉદ્યોગનું ભાવી જોતાં, આ કંપનીનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે. આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ તમને એક થી બે વર્ષમાં લાખો રૂપિયા કમાવી આપી શકે તેમ છે.

**આઈનોક્ષ લીઝર લી.**
**બીએસઈ કોડ ૫૩૨૭૦૬**
**હાલનો ભાવ રૂ.૬૫**

મલ્ટીપ્લેક્ષના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીએ તાજેતરમાં જ મલ્ટીપ્લેક્ષની બીજી કંપની ફેઈમ ઈન્ડિયાને હસ્તગત કરી લીધેલ છે. એટલે કે કંપનીએ ફેઈમ ઈન્ડિયામાં ૫૦ ટકા ઈકવીટી ખરીદેલ છે. એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો ફેઈલ ઈન્ડિયા હવે આઈનોક્ષની સબસીડીયરી કંપની બની ગઈ છે. આ તમામ પરિબળો જોતાં આ કંપનીનું ભવિષ્ય હવે ખૂબ જ ઉજ્જવળ થઈ ગયેલ છે. કંપનીની નફા શક્તિમાં નોંધપાત્ર વધારો થશે. તો લાંબાગાળાના રોકાણકાર માટે આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉમદા તક છે.

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

**મોઝર બેઅર લી.**
**બીએસઈ કોડ ૫૧૭૧૪૦**
**હાલનો ભાવ રૂ.૫૯**

ઈલેક્ટ્રોનિક્સ ફેરીફલ તેમ જ સી ડીના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીએ તાજેતરમાં જ પીવી એનર્જી (સોલર એનર્જી)ના વ્યવસાયમાં ઝંપલાવેલ છે અને સમગ્ર ભારતમાં પીવી એનર્જીના ક્ષેત્રમાં આ પહેલી કંપની છે કે જેણે તાજેતરમાં જ ૧૦૦ મેઘાવોટ પાવર પ્લાન્ટ કાર્યરત કરેલ છે. (સોલાર એનર્જી). તો આ કંપનીમાં હાલના ભાગે કરેલ રોકાણ તમને ૨૦૧૧ સુધીમાં ઢગલો વળતર આપી શકે તેમ છે. તો મધ્યમથી લાંબા ગાળનું રોકાણ કરવું હીતાવહ.

**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૨૭**

જાણીતા બીગબુલ ટ્રેડર શ્રી રાકેશ ઝૂનઝૂનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીનો શેર છેલ્લા બે વર્ષમાં થયેલ તેજીમાં નકારાત્મક સાબિત થયેલ છે. જે ૨૦૧૧ માં ખૂબ સારું વળતર આપી શકે તેમ છે. એજયુકેશન સેકટરનું ભવિષ્ય જોતાં આ સેકટરનો આ શેર હાલમાં પાણીના ભાવે ઉપલબ્ધ છે, તો લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

**શિપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. (એસ સી આઈ)**
**બીએસઈ કોડ ૫૨૩૫૯૮**
**હાલનો ભાવ રૂ.૧૩૧**

સરકારી જાહેર ક્ષેત્રની શીપીંગના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની તાજેતરમાં જ રૂ. ૧૩૫ થી ૧૪૦ ના પ્રાઈસબેન્ડ સાથે એફ પી ઓ લાવેલ હતી, પરંતુ કંપની હાલમાં ખૂબ જ ઓછા વોલ્યુમ સાથે ડીસ્કાઉન્ટ ભાવે ટ્રેડ કરી કરેલ છે, તો લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેરમાં ડીલીવરીબેઈઝ રોકાણ કરવાની ઉત્તમ તક છે. ૨૦૧૧ માં આ શેરમાં ખૂબ જ સારી તેજી જોવા મળી શકે.

## આવતા સપ્તાહમાં મલ્ટીપ્લેક્ષ મિડીયા શેરોમાં આગ ભભૂકતી તેજી

**સીનેમેકસના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા ઘરને મલ્ટીપ્લેક્ષ જેવું આકર્ષક બનાવો**

# જયોતિશીય દ્રષ્ટિએ પરિસ્થિતિ ભ્રામક રહેશે

**તા.૧૦ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી , ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા મીન અને મેષ રાશીમાં ભ્રમણ કરશે, રાહુ, સૂર્ય બુધ અને પ્લુટો ધન રાશીમાં, મંગળ મકરમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુન રાશીમાં, શનિ કન્યા રાશીમાં, શુક્ર વૃશ્ચિકમાં, ગુરુ અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે. નેપ્ચ્યુન કુંભ રાશીમાં રહેશે.

**ગ્રહોકીય સ્થિતિ અસુવિધાજનક છે તેથી સાવચેતી રાખો, તે કારણે બજારમાં ભ્રામકતા અને ભારે ચંચળતા રહે. ગ્રહોકીય સ્થિતિ સૂચવી રહેલ છે કે નકારાત્મક સમાચારોનો વહેતો પ્રવાહ ચાલુ જ રહેશે.**

**બજારમાં એક અથવા બે દિવસની રેલીથી ગેરમાર્ગે દોરવાતા નહીં. જયોતિશીય દ્રષ્ટિએ પરિસ્થિતિ ભ્રામક રહેશે.**

**નીચે દર્શાવેલ ક્ષેત્ર જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.**

**રંગો :** એશિયન પેઈન્ટ, બર્ગર પેઈન્ટ, શાલીમાર અને હાર્ડકેસ્ટલ વગેરે.

**ફાર્મા :** સન ફાર્મા, ગ્લેક્ષો, રેનબક્ષી અને પીરામલ હેલ્થ વગેરે

**ડીફેન્સ :** ભારત ઈલેકટ્રોનિકસ, અરેવા ટી એન્ડ ડી અને નેલ્કો વગેરે

**ગત સપ્તાહની આગાહી :**

ગત સપ્તાહ બજાર માટે ખરાબ રહ્યું અને નિફ્ટીએ ૪.૫ ટકા ઘટાડો દર્શાવ્યો. પાંચમાંથી ચાર ટ્રેડીંગ સેશનમાં બજારમાં નિચી સપાટીએ ટ્રેડ થયું. આગાહી કર્યા મુજબ શુક્રવારે ૭ જાન્યુઆરીના રોજ ભારે ભ્રામક સ્થિતિ જોવા મળી, જયાં નિફ્ટી ૧૫૮ પોઈન્ટ નીચે હતી. પ્રતિકૂળ બજારોની પરિસ્થિતિ હોવા છતાં બંને સેકટર પેઈન્સ અને ઘડિયાળોએ ખૂબ સારો દેખાવ કર્યો. રંગોમાં એશિયન પેઈન્ટમાં ૨.૫ ટકા વૃધ્ધિ જોવા મળી. શાલીમાર પેઈન્ટસમાં ૬ ટકા અને હાર્ડકેસ્ટલમાં ૨૬ ટકા વૃધ્ધિ જોવા મળી. તે જ પ્રમાણે આ સમયગાળામાં ઘડિયાળોમાં ટાઈટનએ ૩.૨ ટકા વૃધ્ધિ દર્શાવી. **જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# ન્યૂઝ ટ્રેક

**વાઈબ્રન્ટ સમીટ : સોમવારે ૯ રાષ્ટ્રોની ૨૫ યુનિવર્સિટીઓ વચ્ચે આમંત્રણ**



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ તા. ૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ યોજાનાર છે. તેનો સંદેશ સમગ્ર વિશ્વમાં ગુંજતો થયો છે. આ સમિટ અંતર્ગત એકસાથે વિદેશની ૨૫ જેટલી યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓના અનુભવ આધારિત સહિયારા સંશોધન અંગે ઘનિષ્ટ ચર્ચાવિચારણા કરવામાં આવશે. આ સમિટમાં શ્રી મોદીની ઉપસ્થિતિમાં વિદેશની અને રાજયની યુનિવર્સિટીઓ વચ્ચે કરારો થશે તેમ જ સ્થાનિક ઉદ્યોગો પણ યુનિવર્સિટીઓ સાથે કરાર કરીને સંશોધન અંગેનું કામ યુનિવર્સિટીઓને સોંપશે.

**મોદી આજે આસામમાં, કાલે દિલ્હીમાં**

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આજે શનિવારે આસામના ગૌહતી ખાતે યોજાઈ રહેલી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપી રહ્યા છે. કાલે રવિવારે દિલ્હીમાં પ્રવાસી ભારતીય દિવસ સમારોહમાં બિનનિવાસી ભારતીયો અને ગુજરાતીઓના સંમેલનને પણ સંબોધન કરશે.

**★ મહાત્મા મંદિર ખાતે ભવ્યાતિભવ્ય પ્રદર્શનનું આયોજન**

**★ માનવ વિકાસ સૂચકાંક અને આરોગ્યને લગતા વિવિધ ઈન્ડીકેટર અંગે રાજયકક્ષાની એક ખાસ પેનલ ચર્ચા આગામી તા. ૧૦મી જાન્યુઆરી ૨૦૧૧ના રોજ યોજાશે.**

**★ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૧માં ડિજીટલ ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ**

**★ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૧ બંદરોના વિકાસ અંગે પ્રદર્શનનું આયોજન**

**હોટ કોમોડીટી પા.નં. ૪ નું ચાલુ**

ભાવ જોવા મળે. જયાં ૩૯૦૦ આસપાસ ફરી લેવાલી તરફી ધ્યાન બેસે જયાં ૩૮૫૦ નો સપોર્ટ ધ્યાનમાં લેવો. જે ઉપરમાં ૪૧૨૦નું રેસીસ્ટન્સ લેવલ જણાય.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૩૬૦ ડોલરથી નીચે જતા ૧૩૪૫ ડોલર જોવા મળે. ઉપરમાં ૧૩૯૨ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. હાલ પુરતા ભાવ ૧૩૪૦ થી ૧૩૯૦ની રેન્જમાં જોવા મળે. ઘટાડે ભાવમાં સપોર્ટ જારી રહેશે. એમસીએક્સ સોનામાં નીચે ૨૦૨૦૦ થી ૨૦૦૮૦ સુધી ઘટાડો જોવા મળે. નીચે થી ફરી લેવાલી તરફી ઉપરમાં ૨૦૫૫૦ ની પ્રતિકારક સપાટી જણાય જયાંથી વેચી વેપાર કરવો.

**ચાંદીની ચાલ :** આંતર રાષ્ટ્રીય ચાંદીમાં ૨૮ ડોલરનો સપોર્ટ છે. જો તોડે તો વધુ ઘટાડો જોવા મળે જયાં ૨૭.૨૦ થી ૨૬ ડોલર સુધી ઘટાડો આગળ વધે. ઉપરમાં ૨૯.૫૦ ડોલરનું નજીકનું રેસીસ્ટન્સ લેવલ છે. એમસીએક્સમાં ૪૩૫૦૦ નો સપોર્ટ છે. જો તુટે તો નીચેમાં ૪૨૮૫૦ થી ૪૨૨૦૦ જોવા મળે. ઘટાડે ભાવમાં સપોર્ટથી ફરી લેવાલી જોવા મળે. ઉપરમાં ફરી ૪૪૮૦૦થી ઉપર ૪૫૨૦૦ સુધી જોવા મળે. જેની ઉપર બંધ આવે તો તેજી આગળ વધે.

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

## તંત્રીની કલમે....

## જો પ્રજાને જોઈએ તે ન આપી શકતા હો તો તમને સત્તા પર રહેવાનો અધિકાર શો ? તમારી જાતને પુછો ? જો અંતરઆત્મા હોય તો...

**મિત્રો,**

આજે સર્વત્ર ચર્ચાતો એક પ્રશ્ન હોય તો તે છે મોંઘવારી, આજે આમ આદમીનો એક જ પ્રાણ પ્રશ્ન છે, રોટી, કપડાં અને મકાન. રાજાની કુંવરીની માફક દિવસે ન વધે તેટલી રાત્રે, અને રાત્રે ન વધે તેટલી દિવસે વધતી મોંઘવારીએ તો માઝા મૂકી છે, આમ આદમીની જરૂરિયાત ખાસ કરીને ખાદ્ય ચિજો, તેના ભાવ તેની આવક કરતાં પણ ઘણા ઝડપી વધી રહેલ છે ત્યારે સામાન્ય માનવીનું જીવન જીવવું કઠીન બની રહેલ છે.

આજે સર્વત્ર આ મોંઘવારીના વધતા રાક્ષસની જ વાતો થાય છે. હવે મધ્યમ વર્ગ પણ તેની પીડામાંથી બાકાત નથી. માત્ર ખાદ્ય પદાર્થો જ નહીં, ગેસ, તેલ, અને પેટ્રોલ પણ વધી ગયાં છે, અને હજુ પણ વધવાની શકયતાઓ છે, મોં પર થપ્પડ મારીને ગાલ લાલ રાખતો આ મધ્યમવર્ગ ધીરે ધીરે ગરીબાઈ તરફ સરકી રહ્યો છે અને આવકના બે છેડા ભેગા કરવા માટે આવકના બીજા રસ્તા શોધી રહેલ છે. રાજકારણીઓ તો પોતે જ દલા તરવાડી છે, સંસદમાં સર્વાનુમતે ઠરાવ કરી પગાર - ભથ્થાં વધારી દે અને ઉપરની આવક જુદી, પછી તેમને મોંઘવારી કયાં નડે, પિસાય છે ગરીબ જનતા, તાલ એવો થયો છે કે રાજાની નિમણૂક કરનાર ભિખારી બની રહ્યો છે, અને છતાં વેરાથી રાજાનાં ખિસ્સાં ભરે છે.

અહા તો એક અતિ સામાન્ય માનવીની જરૂરિયાત છે. જો શાક ન હોય તો ચાલે, ચા અને રોટલો આરોગતાં કુટુંબો પણ છે, પણ તેમની જરૂરિયાતનું દૂધ, અમુલે થોડા જ સમયમાં ત્રણ ત્રણ વખત ભાવ વધારો કરેલ છે. ગરીબોની કસ્તુરી ડુંગળીમાંથી પણ હવે તો ગરીબોને કસ્તુરીની સુગંધને બદલે દુર્ગંધ આવે તેટલી મોંઘી થઈ રહેલ છે, ત્યારે આ જનતા ફરિયાદ કરે તો પણ કોને કરે ? અત્યાર સુધી આ મોંઘવારીનો પ્રશ્ન એ કોઈ પણ વિરોધપક્ષ પાસે, સત્તાધારી પક્ષ પર ઉગામવાનું હથિયાર હતું, પ્રજા પણ આ પ્રશ્ન આવે એટલે સામેલ થઈ જાય, પણ હવે તો આ પ્રશ્ને જયારે સરકારે જ હાથ ઉંચા કરી દીધા છે ત્યારે પ્રજા જાય તો કયાં જાય ? નાણાપ્રધાન શ્રી પ્રણવ મુખરજીએ તો જણાવી દીધું કે મોંઘવારીની તેમને પણ ચિંતા છે પરંતુ તેઓ કયું સમાધાન કરી રહ્યા છે તે જણાવી શકયા નથી. ભૂતપૂર્વ નાણાં પ્રધાન શ્રી ચિદંમ્બરમ અને સરકારના આર્થિક સલાહકાર કૌશિક બસુએ પણ જણાવેલ છે કે ભાવ વધારાને રોકવા સરકાર પાસે ટોંચાં સાધનો છે અને સરકાર નિઃસહાય છે.

હવે સહુ વાટ જુએ છે તા. ૨૫ મી જાન્યુઆરીએ ફુગાવો રોકવા આર બી આઈ તેની નાણાકીય નીતિમાં કેવાં પગલાં સૂચવે છે તેની.

પરંતુ, અમને એક પ્રશ્ન થાય છે, તમને વોટ આપ્યા રાજય કરવા, પ્રજાનું કલ્યાણ કરવા, અને હવે પાંચ વર્ષની રાજગાદીની ગેરંટી મળ્યા પછી તમે કહો છો, આ બાબત અમારા હાથમાં નથી, તો જનતાએ શું કરવાનું ? જો આ બાબત તમારા હાથમાં ન હોય તો જે લોકોના હાથમાં હોય તેમને આ કાર્ય સોંપો, ચારે કોર ભ્રષ્ટાચાર અને ખાયકી સિવાય સત્તાધિકારીઓ પાસે બીજી કોઈ વાત નથી. ઘણાં વર્ષો સુધી ટેકસનો એક પણ પૈસો ન ઉઘરાવે તો પણ દેશ વધુ સારી રીતે ચાલે તેટલું નાણું સ્વીસ બેંકમાં હોય, અને હજુ પણ ખાયકી ચાલુ જ હોય તો આમ જનતાને તો આંગળી ચાટીને પેટ ભરવાનો જ વારો આવે ને ? શું આ ભ્રષ્ટાચાર રોકવાનું પણ તમારા હાથમાં નથી, ખાદ્ય ચિજોમાં થતી સટ્ટાખોરીમાં ખેતીપ્રધાન જ સામેલ હોય તો તે શું રોકવાનું પણ તમારા હાથમાં નથી ? નફા ખોરી રોકવા માટેનો તમારી પાસે કોઈ રસ્તો નથી ? તમને તમારી સત્તાના ચાબૂકની ખબર નથી કે પછી તે ચાબૂક તમારા હિત માટે જ બીજા રસ્તે જ વાપરો છો ? જે દેશના વડાપ્રધાન એક અર્થશાસ્ત્રી છે તેમ કહેવાતું હોય તેદેશની સરકાર પણ મોંઘવારી કાબૂમાં નથી આવતી કહી હાથ ઉંચા કરી શું પોતાની અક્ષમતા સાબિત નથી કરતી? અને બીજી એક વાત, જે કર્મચારી સક્ષમ નથી તેને કોઈ નોકરીમાં ન રાખે, તો જે સરકાર સક્ષમ ન હોય તેને સત્તા પર રહેવાનો અધિકાર ખરો ?

અરે હવે તો માણસને થૂંકવા માટે પણ જોગવાઈ નથી, બધે જ વેરાની ભ્રમજાળ છે, એક સામાન્ય પેદલ રિક્ષાવાળો અને રેલવે સ્ટેશનનો કુલી, પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ વેરા ચૂકવે છે, પેટ્રોલ - ડીઝલ પર પણ ૨૫ ટકાથી વધુ વેરો, સરકાર જ વ્યાપારી બની છે, જે ચિજ સરકાર હસ્તક હોય તેમાં ઈજારા શાહી હોય, અને આ ઈજારાવાળી ચિજમાં મન ભાવે તેમ ભાવ વધારો કરી શકાય, જો આમ જ બને તો પછી પ્રજાનું કોણ, કહેવત છે કે જેનો રાજા વેપારી તેની પ્રજા ભીખારી, અહીં તે સંપૂર્ણ સાચું પડે છે.

હવે તો નવ યુવાનોએ આગળ આવી નવી ચેતના જગાવવી પડશે. પ્રજાએ નક્કી કરવાનું છે કે દેશનું સુકાન સંભાળી શકે તેવા કોઈ છે ખરા, અને હોય તો કોણ, શું મનમોહનસિંહ પોતે સક્ષમ છે તેમ કહી શકશે, તેઓ તો અર્થશાસ્ત્રી અને રાજકારણી છે જે ખુરશીને ચિપકી રહેવા માટે જ છે ? શું ભારતના અત્યાર સુધી થયેલા વડાપ્રધાનોમાં આ સૌથી નિર્માલ્ય વડા પ્રધાન સાબીત થશે કે પછી કોઈનું મહોરું બની ગયા છે, જવાબ તો તેમના હાથમાં જ હશે ને ?

મિત્રો, શ્રી મોરારજીભાઈ દેસાઈ થોડો સમય સત્તા પર રહ્યા, તે વખતે તેમણે મોંઘવારી ઘટાડી હતી તેમની વીચક્ષણ બુધ્ધિથી, પણ સત્તાલાલસુઓએ તેમની ખુરશી ટકવા ન દીધી, અને ઈન્દીરા ગાંધીએ થોડો સમય આ મોંઘવારીના રાક્ષસને નાથ્યો કટોકટીથી પણ આ કટોકટી તેમના માટે પણ કટોકટી સાબિત થઈ, ગમે તેમ જો આ લોકો થોડો સમય આ કરી શકયા તો આ સરકાર પાસે તો સમય છે, શા માટે તેઓ હાથ ઉંચા કરી પોતાની અક્ષમતા દર્શાવે છે ? પ્રજાએ જ આ વિચાર કરી આપણા સત્તાધિશોની લાયકાત નક્કી કરવી પડશે, એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. એક જ રસ્તો છે, જે બગડી છે તે રિપેર ન થાય તો ફેંકી દો, નવી ચિજ અજમાવો, હા નવનિર્માણ કરો.

**જય હો,**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,** **નરેન્દ્ર જોષી, એડીટર**

## બુલિયન કોમોડીટીઝમાં કરેક્શન આગળ વધે જયાં નીચેથી ફરી લેવાલી જોવા મળે

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડીટીઝમાં ઉપરના લેવલ થી ઘટાડો જોવા મળ્યો હતો. સોનામાં પ્રોફીટ બુકિંગ જોવા મળ્યું જયાં ભાવ ૧૩૮૦ના સપોર્ટને તોડી નીચે ૧૩૬૦ ડોલર નીચે ૫ સીએક્ષમાં ભાવ ૨૦૨૦૦ આસપાસ જોવા મળ્યા. સાથે બેઝ મેટલ તેમજ સોનાના પગલે સિલ્વર જોવા મળ્યું. અને સ્થાનિક બજારમાં ભાવ ૪૪૦૦૦ ની નીચે પહોંચી ગયા, બેઝ મેટલમાં કોપરમાં વેચવાલી જોવા મળી, ભાવ ઘટી ૪૩૦ નજીક પહોંચ્યા. આગામી સમયમાં કરેક્શન જારી રહી શકે છે જયાં નીચેથી ફરી સપોર્ટ જોવા મળે.

### હોટ કોમોડીટીઝ



**પ્રતિક સોની**
**મો. ૯૫૧૦૮૫૦૨૮૮**

**ક્રૂડનો ક્યાસ :** આંતર રાષ્ટ્રીય ક્રૂડ ઓઈલમાં ૯૦.૨૦ ડોલરનું રેજીસ્ટન્સ લેવલ છે. તેમજ ઉપરમાં ક્રૂડમાં સેલ ઓફ જોવા મળે જયાં ક્રૂડ ૯૦ ડોલરથી ઉપર રહેવામાં અસમર્થ જોવા મળે. નીચેમાં ૮૮ ડોલરથી નીચે જતા ૮૭.૨૦ થી ૮૬.૫૦ ડોલર સુધી ઘટાડો આગળ વધે. જયાં થી ૮૫.૮૦ ડોલરનો સપોર્ટ જોવા મળે. હાલ પુરતી ૮૬ ડોલરથી ૯૦ ડોલરની રેન્જમાં ફરતો જોવા મળે. એમસીએક્સમાં ૪૦૦૦ થી નીચે જતા ૩૯૬૦ થી ૩૯૨૦ સુધીનો

**અનુસંધાન પા.નં. ૩ ઉપર**

# સેન્સેક્સમાં ૧૯૭૯૯ નીચે રૂખ મંદીની

વાંચક મિત્રો,

વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો, મોંઘવારીના દરમાં કુદકે ને ભૂસકે થઈ રહેલો વધારો અને એફઆઈઆઈની આક્રમક વેચવાલી થકી ગત સપ્તાહે ભારતીય શેર બજારમાં નવા વર્ષની શરૂઆત ખૂબ જ નિરાશાજનક બની રહી હતી. ગત સપ્તાહે બજારમાં સાર્વત્રિક વેચવાલી વચ્ચે પણ અમોએ આપેલ ભલામણ ભંડારી હોઝીયરીએ ૮ ટકા ઉપર વળતર આપેલ છે. જે અમારી ભલામણની મજબૂતાઈ બતાવે છે. બાકી ભંડારીએ કુલ ૧૦૦ ટકા ઉપર વળતર આપેલ છે.

**નિફ્ટી ટેકનીકલ્સ :** સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફ્ટી સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન

### રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે નિફ્ટીમાં જ્યાં સુધી એક મુખ્ય અવરોધ પાર ન કરે ત્યાં સુધી ઉછાળે મોટી વેચવાલીના સંકેત આપે છે. ગત સપ્તાહે સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે નિફ્ટીનો મુખ્ય ટેકો એટલે કે ૬૧૧૭ તોડે તો ઉછાળે મોટી વેચવાલી જોવા મળે અને તે મુજબ જ નિફ્ટીમાં ૨૨૯ પોઈન્ટનું તોતિંગ ગાબડું નોંધાયું હતું.

આગામી સપ્તાહે નિફ્ટી સામાન્ય સુધારો બતાવી શકે છે. મુખ્ય અવરોધ ઉપર બંધ આપે તો મંદીના ખેલાડીઓએ પોઝીશન વહેલી તકે કવર કરી લેવી.

**લાંબાગાળાના રોકાણકારો માટે**

**ગુજરાત અંબુજા એક્સપોર્ટ (બીએસઈ કોડ ૫૨૪૨૨૬) (૩૫.૪૦) :** શ્રી વિજય ગુપ્તા અને મનીષ ગુપ્તા હસ્તકની અમદાવાદ (ગુજરાત) સ્થિત કંપની કૃષિ આધારિત ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે. કંપની કૃષિ આધારિત ચીજવસ્તુઓ જેવી કે મેઝ ક્રશિંગ, સોર્બીટોલ, સ્ટાર્ચ, ઘઉં, ફલોર પ્રોડક્ટ, સોયા અને સીડ, ખાદ્યતેલ, રિફાઈન્ડ ઓઈલ, વનસ્પતિ ઘી, બેકરી સોર્ટનીંગ, કેટલ ફિલ્ડ મિલ, લિક્વીડ ગ્લુકોઝ અને કોર્ટન યાર્નનું ઉત્પાદન કરે છે.

કંપની ૧૦૦ ટકા નિકાસ લક્ષી સ્પિનિંગ યુનિટ, ૫૦૦ ટનની મેઝ ક્રશિંગ ક્ષમતા અને કેટલફીલ્ડની દૈનિક ૩૦૦ ટનની ક્ષમતા પણ ધરાવે છે. કંપનીનું ખાદ્ય અને વનસ્પતિ તેલ અંબુજા અને ત્રિવેણી બ્રાન્ડથી વેચાય છે. નિયમિત વાચક મિત્રોને ધ્યાનમાં હશે કે અમે આ શેર લેવાની ભલામણ ચાર માસ અગાઉ એટલે કે ૭-૬-૨૦૧૦ના અંકમાં ૨૨ આસપાસ કરેલ જે મુજબ ૪૭ ટકાનું સારું વળતર મળેલ છે.

શેરની ફેસ વેલ્યુ રૂા. ૨ જ્યારે વર્તમાન બુકવેલ્યુ રૂા. ૩૦.૩૭ છે જે વર્તમાન બજાર ભાવ આસપાસ જ છે. કંપનીએ ચાલુ સમયગાળા માટે ૪.૯૬ ટકા ઈપીએસ દર્શાવેલ છે. કંપનીનો વર્તમાન પીઈ રેશિયો ૭.૨૩ ટકા છે. જે ઈન્ડસ્ટ્રીયલ પીઈ રેશિયો ૧૫.૯૪ ટકાથી નીચે છે. કંપની દર વર્ષ ૨૦ ટકા ઉપર ડિવિડન્ડ પણ આપે છે. કંપનીના વાર્ષિક ગાળાના પરિણામો ઉત્સાહજનક જ્યારે ત્રિમાસિક ગાળાના પરિણામો મધ્યમ આવેલ છે. વાર્ષિક દ્રષ્ટિએ કંપનીએ માર્ચ ૨૦૦૯ રૂા. ૧૬૦૪.૬૦ કરોડના વેચાણો સામે માર્ચ ૨૦૧૦ માં રૂા. ૧૪૧૦.૬૦ કરોડના વેચાણો નોંધાવેલ છે. કંપનીનો ઓપરેટિંગ નફો રૂા. ૯૦.૭૬ કરોડ તી વધીને રૂા. ૧૧૩.૪૦ કરોડ જ્યારે નેટ નફો રૂા. ૨૩.૫૮ કરોડથી વધારે વધીને રૂા. ૬૦.૦૩ કરોડ નોંધાવેલ. વાર્ષિક દ્રષ્ટિએ ઈપીએસ પણ ૧.૭૦ ટકા થી વધીને ૪.૩૪ ટકા નોંધાવેલ છે.

ટેકનીકલી ચાર્ટનું નિરીક્ષણ કરતા સ્ટોક સાપ્તાહિક ચાર્ટ ઉપર એસેન્ડિંગ ટ્રાયેંગલ ઈન ડાઉનટ્રેન્ડની રચના બનાવે છે જે સ્ટોકમાં આવેલી ટૂંકાગાળાની તેજી બાદ સામાન્ય પ્રોફીટ બુકિંગના સંકેતો આપે છે. ત્રિમાસિક ગાળાના ચાર્ટ ઉપર સ્ટોક રાઈઝીંગ વિડ્થ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે સ્ટોકમાં નજીકના મુખ્ય ટેકાથી તેજી તરફી રુખના સંકેતો આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે સ્ટોકમાં લાંબાગાળા માટે રોકાણ કરવાના સંકેતો આપે છે.

ટેકનીકલી શેરમાં એક મુખ્ય ટેકો અને ૨૦૦ ડીએમએ ઉપર રહેતાં તેજીનો દોર યથાવત્ રહે જયારે એક મુખ્ય અવરોધ પાર થતા ૫૦ ટકાથી વધુનો ઉછાળો મધ્યમગાળામાં બતાવી શકેછે. ટેકનીકલી ટુલ્સ પણ રોકાણ કરવાના સ્પષ્ટ સંકેતો આપેછે. આ શેર લાંબાગાળાનો હિન્દુસ્તાન યુનિલિવર છે.

# નિફ્ટીનો ટેકો ૫૭૫૦ અને ૫૬૦૦, પ્રતિકારક સપાટી ૬૦૫૦ અને ૬૨૦૦

### ટેકનીકલ ટ્રેન્ડ



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE : www.stockacademy.co.in**

**૦૭ જાન્યુઆરી ૨૦૧૧**
**શુક્રવાર**

નિફ્ટીનો ટેકો ૫૭૫૦ અને ૫૬૦૦, પ્રતિકારક સપાટી ૬૦૫૦ અને ૬૨૦૦ છે. નિફ્ટી સાપ્તાહિક ચાર્ટ મુજબ તેજીમય છે પરંતુ દૈનિક ચાર્ટ મુજબ તે મંદીમય જણાય છે, અને તેનો ટેકો ૫૭૫૦ નો રહેશે.

### ડીલીવરી બેઈઝ ખરીદવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| ABGSHIP | 360 | 340 | 405 |
| ACC | 980 | 970 | 1040 |
| BHARATFORGE | 360 | 350 | 375 |
| BHUSANSTL | 420 | 410 | 460 |
| CIPLA | 350 | 340 | 365 |
| EXIDEIND | 155 | 150 | 165 |
| ICICIBK | 1000 | 950 | 1080 |
| IOB | 130 | 125 | 140..145 |

# બજાર ફુગાવાના ઊંચા આંકડાઓને કારણે ઘટ્યું

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૯૬૯૧.૮૧) અને નિફ્ટી (૫૯૦૪.૬૦) બંન્ને ૪.૦૦ ટકા અને ૩.૦૭ ટકા ઘટીને બંધ આવ્યા હતા.

### બુલેટ



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

નિફ્ટી ફ્યુચર જાન્યુઆરી ૮.૫૦ પોઈન્ટના ડીસ્કાઉન્ટમાં હતો. નિફ્ટી જાન્યુઆરી ૬૧૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૨૮૯૬૦ **તથા રેજીસ્ટન્સ** ૨૦૩૬૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૭૧૦ અને **રેજીસ્ટન્સ** ૬૦૯૫ નો છે.

સેઈલ અને એચડીએફસી આવતા સપ્તાહે પોતાની એડવાન્સ ટેક્ષ જાહેર કરશે. ડીસેમ્બરના અંતમાં ઈન્ફલેશન (ફુગાવો) પોતાની ઉચ્ચ સપાટીએ રહ્યો હતો.

એસબીઆઈ અને ટાટા મોટર્સ ના ઓપન ઈન્ટરેસ્ટમાં જાન્યુઆરી સિરીઝમાં રસ જોવાયો હતો. એસબીઆઈ ના જાન્યુઆરી ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૨૭૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. આઈસીઆઈસીઆઈ બેંક માં કોલ ઓપ્શનમાં જાન્યુઆરી માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૧૦૦ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. આઈઓસી (૩૪૩.૭૫)** લોટ સાઈઝ ૫૦૦ શેર

- જાન્યુઆરી માસના સ્ટ્રાઈક ભાવ ૩૪૦ થી ૧૨.૦૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- જાન્યુઆરી માસના ૩૬૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૫.૫૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૧૨.૦૦ * ૫૦૦ = ૨૭૫૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૫.૫૦ ★ ૫૦૦ = ૬૦૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૬૦૦૦.૦૦ - ૨૭૫૦.૦૦ = ૩૨૫૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૩૬૦ - ૩૪૦ = ૨૦ ★ ૫૦૦ = ૧૦૦૦૦ - ૩૨૫૦.૦૦ = ૬૭૫૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૩૨૫૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૧૪૬.૫૦

**૨. એચપીસીએલ (૩૮૯.૫૦) :** જાન્યુઆરી માસ ફયુચર લોટ સાઈઝ ૫૦૦ શેર

- રૂ. ૩૮૯.૫૦ ના ભાવથી જાન્યુઆરી માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન :** જાન્યુઆરી માસ સ્ટ્રાઈક ભાવ ૪૦૦ થી રૂ.૮.૪૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૮.૪૫ ★ ૫૦૦ = ૪૨૨૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૪૦૦ - ૩૮૯.૫૦ = ૧૦.૫૦ ★ ૫૦૦ = ૫૨૫૦.૦૦ + ૪૨૨૫.૦૦ = ૯૪૭૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. ગ્રાસીમ** (૨૩૯૦.૭૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. બેંક ઓફ ઈન્ડિયા** (૪૫૦.૧૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# અગાઉ જણાવ્યા મુજબ ટેકાની સપાટીઓ ધોવાઈ ગઈ

ગત સપ્તાહે અમોએ જાન્યુઆરીમાં સાવચેત રહેવા માટે ચેતવણી આપેલ હતી, કારણ કે અત્યાર સુધીનો ઈતિહાસ જ દર્શાવે છે કે બજેટના એક માસ પહેલાં હંમેશાં

### ટુ ધી પોઈન્ટ



**દિનેશ સી. નાગપાલ**
**૯૮૩૦૦૩૯૦૮૫**
bluechips4u@gmail.com

પ્રોફીટ બુકીંગ થતું જોવા મળે જ છે. જો કે આ સમયે તો બીજાં નકારાત્મક પાસાંઓ પણ બજારમાં તિવ્ર ઘટાડો લાવવા માટે નિમિત્ત બનેલ છે, જેમાં કૌભાંડો અને ફૂગાવાનો સમાવેશ થાય છે. દૈનિક ચાર્ટ પર નિફ્ટીએ ૫ દિવસનો લોવર હાઈ અને લોવર લો સપાટી બનાવી ઢોળાવવાળી ચેનલમાં જ ગતિ કરી, જો આ પેટર્ન ઉપર તરફ ન તૂટે તો નવી લોંગ પોઝીશન લેવાનું ટાળવું જોઈએ. જયારે સાપ્તાહિક ચાર્ટ પર નિફ્ટી હજુ પણ રાઈજીંગ ચેનલ ફોર્મેશનમાં છે. કોઈ પણ દિશામાં આવેલ બ્રેકઆઉટ બજારને મધ્યમગાળા માટે તે દિશામાં દોરી જશે. આ સપ્તાહે નિફ્ટીએ ૫૮૮૦ ઉપર ટકી રહેવું જોઈએ, જેથી તે ઉપર કેટલુંક શોર્ટકવરીંગ જોવા મળે. જો નિફ્ટી આ સપાટી ટકાવી ન શકે તો નિફ્ટી વધુ નીચે તરફ ખેંચાઈ શકે.

રોકાણકારો માટે અમોએ ગત સપ્તાહે ૫ શેરની ભલામણ કરેલ હતી, જેમાંથી હેક્ઝાવેર અને તીનપ્લેટ દ્વારા સારું વળતર આપવામાં આવેલ, હીન્દ યુનિલીવર અને પેટ્રોનેટ એલએનજીએ તેને સાથ આપેલ હતો.

**નિફ્ટી :**

**આવનાર સપ્તાહ માટેનો ટેકો :**
૫૭૯૦ / ૫૬૮૫ / ૫૫૦૦

**આવનાર સપ્તાહ માટેની પ્રતિકારક સપાટી**
૬૧૦૦ / ૬૨૯૦ / ૬૩૯૦

**આ સપ્તાહમાં ધ્યાનમાં રાખવા જેવા શેર**

**બોસ લી (૬૪૩૩) વેચો**

દૈનિક ચાર્ટમાં આ શેર આ સપાટીએ ખૂબ જ વેચવાલીનું દબાણ દર્શાવી રહેલ છે. ડેરિવેટિવ્સ ડેટા લોંગ અનવાઈન્ડીંગ સૂચવી રહેલ છે. આ શેર રૂ. ૬૨૦૦ ના લક્ષાંકથી વેચો, રૂ. ૬૫૮૦નો સ્ટોપલોસ રાખો.

**હીન્દ ઝીંક (૧૩૪૩) વેચો**

દૈનિક ચાર્ટમાં આ શેરે તેના ઉપર તરફના આવેગની લહેર પુરી કરેલ છે અને હવે તેના પણ વેચવાલીનું દબાણ જોવા મળી રહેલ છે, અને તે પણ મોટા વોલ્યુમ સાથે. આ શેર રૂ. ૧૩૦૦ ના લક્ષાંકથી રૂ. ૧૩૭૦ના સ્ટોપલોસને ધ્યનમાં રાખીને વેચો.

**પ્રાજ ઈન્ડ (૮૨.૬૫) ખરીદો**

દૈનિક ચાર્ટ પર આ શેર દ્વારા તેનું કરેકશન ઓછા જથ્થા સાથે પૂર્ણ કરવામાં આવેલ છે અને આ સપાટીએ ટેકો લીધેલ છે. આ શેર રૂ. ૮૬ના લક્ષાંકથી, રૂ. ૮૧ના સ્ટોપલોસને ધ્યાનમાં રાખીને ખરીદો.

**બેંક ઓફ ઈન્ડિયા (૪૫૦) ખરીદો**

દૈનિક ચાર્ટ પર આ શેર રાઈઝીંગ ચેનલમાં ગતિ કરી રહેલ છે. ડેરિવેટિવ્સ ડેટા તાજી લોંગ પોઝીશન દર્શાવી રહેલ છે. આ શેર રૂ. ૪૭૦ના લક્ષાંકથી ખરીદો, રૂ. ૩૩૮ના સ્ટોપલોસને ધ્યાનમાં રાખો.

### પોઈન્ટ બ્લેન્ક નં.૧ નું ચાલુ

૧૭૮ નો સ્ટોપલોસ રાખી ૧૯૫-૨૦૫ સુધી નો ટાર્ગેટ રાખી શકાય.

**બાટા ઈન્ડિયા : બંધ ભાવ (૩૮૬.૪૫)** બાટા ઈન્ડિયા ના સ્ટોકમાં ગયા સપ્તાહે એક જ દિવસમાં ૧૦ ટકાનો ઉછાળો બતાવ્યો હતો. અને બીજા દિવસે ભાવ ઘટ્યા હતા. હવે આ સ્ટોકમાં ફરી રોકાણ કરવા માટે ધ્યાન બેસે છે. એટલે ૩૮૦ સ્ટોપલોસ રાખી ૪૦૦-૪૧૫ સુધીનો ટાર્ગેટ રાખી શકાય.

**પિરામલ હેલ્થકેર : બંધ ભાવ (૪૭૪.૯૫)** હેલ્થકેર સેક્ટરના આ શેરમાં આવનાર દિવસોમાં કંપની તેના વિસ્તરણ કરશે અને વેચાણ વધારવા નવું રોકાણ કરવા માંગે છે તેથી આ શેર ઘટાડે લઈ શકાય. ૪૬૫ સ્ટોપલોસ રાખી ૪૮૫-૫૦૦ ટાર્ગેટ રાખી શકાય.

મિત્રો આપેલી ભલામણોમાં ક્યારેય આંધળુકિયું ન કરવું. સમજો, વિચારો બજારની રુખ જોઈને પછી જ રોકાણ કરવાનો નિર્ણય લો. અમે ફક્ત વ્યૂહ આપીએ છીએ તમને તમારા ધ્યેય તરફ દોરવાનો એક રસ્તો બતાવીએ છીએ. તેના પર કઈ રીતે ચાલવું તે તમારે નિર્ણય લેવાનો છે. તેથી થોડું વિચારો, સમજો અને બજારની ચાલ જોઈને અથવા કોઈની સલાહ પ્રમાણે જ કામ કરવું.

### બાજ નજરે પા.નં.૫ નું ચાલુ

**(૧૪૮.૪૦) :** - નજીકમાં જ ૧૬૦ થી ૧૮૦. ઉછાળો દર્શાવી.

**(૭) એસ્ટ્રા માઈક્રો (૫૩૨૪૯૩)**
**(૪૫.૯૦) :** - નજીકમાં જ તેજી થકી ૫૦ થી ૫૪.

**(૮) એડલવેઈઝ (૫૩૨૯૨૨)**
**(૪૨.૯૫) :** - નજીકમાં જ ઉછાળા થકી ૫૦ થી ૫૫.

**(૯) એસ.કુમાર (૫૧૪૩૦૪)**
**(૮૨.૪૦) :** - નજીકમાં જ વેલ્યુબાઈંગ થી ૯૦ થી ૧૦૦

**(૧૦) એચસીસી (૫૦૦૧૮૫)**
**(૪૫.૩૦) :** - નજીકમાં જ તેજી દર્શાવી ૫૦ થી ૫૪.

ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન

# ૫૮૫૦ મહત્વનો ટેકો : ૨૦૦૮નું પુનરાવર્તન શરૂ

**તા. ૧૦ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી**

**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૫૯૦૪**

## નિફ્ટી સૂત્ર



દિનેશ એ. ઠાકુર
મો. ૯૮૨૨૦૫૦૯૪૯
dinuthakur@gmail.com
blog site– http://dinuthakur.blogspot.com

**(ગત સપ્તાહે ૬૧૩૫)**

સોમવારે અને મંગળવારે બજાર મજબૂતાઈ સાથે ખુલ્યું અને અમારા સાપ્તાહિક ટ્રેન્ડ પોઈન્ટ ૬૧૧૦ ઉપર ટકી રહ્યું. બુધવારે નકારાત્મક બંધે નિમ્નગતિની શરૂઆત કરાવી. આ પછીના સપ્તાહે વેચવાલી પણ ચાલુ રહી. શુક્રવારે તો જોરદાર વેચવાલી જોવા મળી અને ગત સપ્તાહે આપેલ ૨૦ ડબલ્યુએમએ ૫૮૮૦ પર ટેકો લીધો. સપ્તાહે ૨૩૦ પોઈન્ટના સાપ્તાહિક ઘટાડા સાથે અમારા ત્રિમાસિક સ્ટોપલોસ ૫૯૦૦ નજીક બંધ આપ્યો, આ રીતે સાપ્તાહિક ઉંચી સપાટી ૬૧૮૦ થી ૩૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો. આવનાર સપ્તાહે અમારા સાપ્તાહિક ટ્રેન્ડ પોઈન્ટ ૫૯૪૦ ઉપર બજાર ૬૦૦૦, ૬૦૭૦, ૬૧૬૦ તરફ ગતિ કરશે.

હવે અમારી ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર માટેની ૧૫ વિવિધ હીન્ટમાંથી ૬ હીન્ટ તેજી મય છે ૧૩ નિફ્ટીના શેરે તેમનો ટેકો જાળવીને હકારાત્મક ટ્રેડ થઈ રહેલ છે. વાચકો નિફ્ટીના ઈ ઓ ડી ટેકનીકલ ચાર્ટ અને એન એસ ઈ / બી એસ ઈ સ્ટોકસ મોબાઈલ પર અને મારી સાઈટ પર જોઈ શકે છે.

**નિફ્ટી સ્ટોકસ માટેની ટૂંકા ગાળાની રૂખ અને સ્ટોપલોસ નીચે મુજબ છે.** સ્ટોપલોસનો ઉપયોગ બજારમાં દાખલ થવા અથવા તો બહાર નિકળવા એમ બે રીતે કરી શકાય.

| Trend | STOCK | SL1 | SL2 |
|---|---|---|---|
| UP | Bharti | 335 | 310 |
| UP | Cairn | 335 | 325 |
| UP | Cipla | 355 | 340 |
| UP | Dr Reddy | 1570 | 1420 |
| UP | GAIL | 500 | 490 |
| UP | HCL tech | 430 | 425 |
| UP | Hero | 1860 | 1850 |
| UP | Hindalco | 230 | 215 |
| UP | HUL | 305 | 300 |
| UP | Infosys | 3190 | 3090 |
| UP | ITC | 172 | 170 |
| UP | JindalS&P | 700 | 690 |
| UP | Mah &Mah | 720 | 640 |
| UP | Ranbaxy | 580 | 560 |
| UP | Reliance | 1050 | 1030 |
| UP | Siemens | 780 | 750 |
| UP | Sterlite | 175 | 170 |
| UP | Sunpharma | 460 | 410 |
| UP | Tata Motor | 1160 | 950 |
| UP | Tata Steel | 640 | 620 |
| UP | TataPower | 1340 | 1310 |
| UP | TCS | 1100 | 1000 |
| UP | Wipro | 450 | 440 |
| DOWN | ICICI Bank | 1110 | 1140 |
| DOWN | Maruti | 1410 | 1420 |

| Trend | STOCK | SL1 | SL2 |
|---|---|---|---|
| DOWN | ACC | 1020 | 1060 |
| DOWN | Ambujacem | 140 | 145 |
| DOWN | Axis bank | 1360 | 1410 |
| DOWN | Bajajauto | 1450 | 1480 |
| DOWN | BHEL | 2310 | 2410 |
| DOWN | BPCL | 670 | 700 |
| DOWN | DLF | 300 | 310 |
| DOWN | HDFC | 695 | 700 |
| DOWN | HDFCBank | 2300 | 2330 |
| DOWN | IDFC | 180 | 185 |
| DOWN | JPAssociate | 115 | 120 |
| DOWN | Kotak Bank | 465 | 470 |
| DOWN | LT | 1980 | 2020 |
| DOWN | NTPC | 200 | 205 |
| DOWN | ONGC | 1300 | 1330 |
| DOWN | PNB | 1220 | 1240 |
| DOWN | Power grid | 98 | 100 |
| DOWN | RCom | 145 | 155 |
| DOWN | RIL Capital | 690 | 750 |
| DOWN | RIL Infra | 870 | 960 |
| DOWN | RPower | 162 | 164 |
| DOWN | Sail | 185 | 200 |
| DOWN | SBIN | 2700 | 2900 |
| DOWN | Sesagoa | 330 | 320 |
| DOWN | Suzlon | 53 | 57 |

**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૫૬૪૦ – ૬૨૪૦, વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૯૪૦ (જેમાં સપ્તાહ દરમ્યાન ટ્રેન્ડ પોઈન્ટને અપડેટ કરવા માટે સાપ્તાહિક આવક / નુકશાનના ૨૫ ટકા વધારો અથવા ઘટાડો ધ્યાનમાં લો.) તેમ જ સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટેનો ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦ દિવસનો ઈ એમ એ સપોર્ટ ૬૦૧૦(+૦), ૫૯૯૦(+૧૦),૫૮૯૦(+૧૦), ૫૬૫૦(+૨૦).

ઘટાડા સમયે ટ્રેડર્સે ટ્રીગર લેવલ પર તેમની લોંગ પોઝીશનમાંથી નિકળી જવું જોઈએ. આ પછી ફરી ટ્રીગર સપાટીએ અથવા તો નીચેની સપાટીએ વ્યાપારમાં દાખલ થવું જોઈએ. આ રીતે, ટ્રીગર તમારું રક્ષણ કરવામાં, વધુમાં વધુ નફો કરવામાં અને તમારી પોઝીશન જાળવી રાખવામાં મદદરૂપ નિવડશે.

**નિફ્ટી** જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ - નીચે તરફ, ૬૧૫૦, ૯૦ મીનીટ - નીચે તરફ, ૬૧૫૦, દૈનિક - સમ ૬૦૦૦, સાપ્તાહિક - ઉપર તરફ ૫૧૦૦,

## દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | DOWN | 6130 | 5970* | + 230 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | DOWN | 6070 | 5960* | + 170 |
| Short term | Bi-weekly | 20 (1) | DOWN | 6070 | 6020* | + 170 |
| Medium term | Monthly | 20 (1-0.8) | DOWN | 6030 | 5980* | + 130 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | UP | 5000 | 5860/6020** | + 1230 |
| Long Term | Yearly | 10 (-0.8) | UP | 3670 | 5420/6200** | + 2460 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે. ટ્રેડર્સે ટ્રીગર પોઈન્ટ નીચે વ્યાપારમાંથી બહાર નિકળી જવું અથવા તો નીચેના ટ્રીગર પોઈન્ટે વ્યાપારમાં દાખલ થવું. જો બજાર રોજીંદા સ્ટોપલોસ કરતાં ૩૦ મીનીટ સુધી નીચેની સપાટીએ ટ્રેડ થાય તો રિવર્સ ટ્રેન્ડ ગણવો.

# ૫૯૯૯ ઉપર ૬૦૪૮, ૬૦૭૫, ૬૧૧૧, ૫૮૬૦ નીચે ૫૭૯૬, ૫૭૫૪, ૫૭૨૪

ગયા સપ્તાહે જણાવેલ કે, ૬૧૯૨ ઉપર ૬૨૪૬... પરંતુ નિફ્ટી ફ્યુચરે ૬૨૦૯.૯૦નો જ હાઈ દર્શાવેલ. ઉપરાંત જણાવેલ કે, ૫૯૯૭ નીચે ૫૯૫૯, ૫૯૦૦ જોવા મળે..... બરાબર તેજ પ્રમાણે શુક્રવારે અંધાધુંધ વિના કારણની વેચવાલીને હિસાબે ૫૯૯૭ તૂટતાં ૫૮૯૧.૩૫નો લો દર્શાવેલ. તે માહિતી માટે ફક્ત.

## બાજ નજરે



પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com

ગયા સપ્તાહની સ્ટોક ફ્યુચરની ભલામણોમાંથી રિલાયન્સ ૧૦૬૭ વાળો ૧૦૯૫, ચંબલ ૯૧ વાળો ૯૪, ટીસ્કો ૬૮૩ વાળો ૭૦૯, સેસાગોવા ૩૩૦ વાળો ૩૪૭, એમઆર પીએલ ૭૪ વાળો ૩૮, મારુતિ ૧૪૨૩ વાળો ૧૪૫૧, રિલા. ઈન્ફ્રા. ૮૪૭ વાળો ૮૯૯ અને ડિલેવરીમાંથી હિંદ ઓઈલ ૨૩૬ વાળો ૨૫૧, જેપી પાવર ૫૩ વાળો ૫૮, સુઝલોન ૫૪.૬૫ વાળો ૫૭.૩૦, સ્ટરલાઈટ ૧૮૬.૬૦ વાળો ૧૯૬, આર. પાવર ૧૫૮ વાળો ૧૬૨ જેવા ભાવો સપ્તાહ દરમ્યાન જોવા મળેલ તે માહિતી માટે ફક્ત...

★ **નિફ્ટી ફ્યુચર (૫૯૧૪.૧૫)** :- ૫૯૯૯ ઉપર ૬૦૪૮, ૬૦૭૫, ૬૧૧૧ જોવા મળે. ૫૮૬૦ નીચે ૫૭૯૬, ૫૭૫૪, ૫૭૨૪ જોવા મળે. વાંચનારે અંગત કેપેસિટી/જોખમાનુસાર બ્રેક આઉટ સાઈડ જ વેપાર ગોઠવવો હિતાવહ.

★ **હોટ પોઝીશનલ ફ્યુચર્સ સ્ટોક્સ**

**(૧) પ્રાજ (૮૨.૭૫) :-** રૂા.૭૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૮૬ થી ૯૦

**(૨) એચપીસીએલ (૩૯૦.૪૫)** :- રૂા. ૪૧૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૭૭ થી ૪૨૪.

**(૩) આઈડીએફસી (૧૬૯.૦૫)** :- રૂા.૧૬૩ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૭૬ થી ૧૮૩.

**(૪) આઈસીઆઈસીઆઈ બેંક (૧૦૫૨.૧૦)** :- રૂા.૧૦૩૧ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૦૭૬ થી ૧૦૯૮.

**(૫) હિંદ ઝીંક (૧૩૪૭.૧૫) :-** રૂા.૧૩૨૩ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૩૭૭ થી ૧૪૦૨.

★ **હોટ વીકલી સ્ટોક ફ્યુચર :-**

**(૧) રિલાયન્સ (૧૦૬૬.૭૫) :-** રૂા.૧૦૪૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૦૯૮ થી ૧૧૨૪.

**(૨) આર.કોમ. (૧૩૯.૩૦) :-** રૂા. ૧૩૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૪૯ થી ૧૫૪.

**(૩) રિલા. ઈન્ફ્રા. (૮૨૯.૮૦) :-** રૂા.૮૦૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૮૫૧ થી ૮૭૮.

**(૪) આર.પાવર (૧૫૫.૬૫) :-** રૂા.૧૫૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૬૩ થી ૧૭૧

**(૫) સ્ટરલાઈટ (૧૭૬.૯૦) :-** રૂા.૧૭૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૮૫ થી ૧૯૧.

★ **હોટ ડિલેવરીબેઈઝ રોકાણ**

**(૧) હિંદ કોપર (૫૧૩૫૯૯) (૩૦૭.૪૫)** : નજીકમાં જ તોફાની ઉછાળાથી ૩૬૦ થી ૪૦૧.

**(૨) એનટીપીસી (૫૩૨૫૫૫)**

**ઘણાં જ ઓવરસોલ્ડ ઝોનમાં માર્કેટ..... વેલ્યુબાઈંગ તથા શોર્ટ કવરિંગથી તોફાની ઉછાળો જોવાય**

**(૧૯૬.૯૦)** : - નજીકમાં જ ઉછાળાથી ૨૦૩ થી ૨૧૨.

**(૩) બજાજ હિંદ (૫૦૦૦૩૨રો) (૧૧૦.૬૫)** : - નજીકમાં જ જોરદાર ઉછાળાથી ૧૧૭ થી ૧૨૪..

**(૪) કરુતુરી (૫૩૧૬૮૭) (૧૯.૧૦)** : - નજીકમાં જ ઉછાળો દર્શાવી ૨૨ થી ૨૫.

**(૫) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૪૨.૨૫)** : - નજીકમાં જ તેજી થકી ૪૫ થી ૫૦.

**(૬) અજીગોલ્ડ (૫૧૨૨૮૯)**

**અનુસંધાન પા.નં. ૪ ઉપર**

## ( દીપનું દર્પણ ) – દીપેશ ગોહીલ



મો. ૯૭૨૭૯૯૦૯૮૦ veenmoney@gmail.com

| NAME | : NIFTY |
|---|---|
| BUY ABOVE | : 5914 |
| RES-1 | : 5962 |
| RES-2 | : 6010 |
| RES-3 | : 6050 |
| SELL BELOW | : 5914 |
| SUP-1 | : 5900 |
| SUP-2 | : 5847 |
| SUP-3 | : 5800 |




| NAME | : ITC |
|---|---|
| BUY ABOVE | : 172 |
| RES-1 | : 178 |
| RES-2 | : 182 |
| RES-3 | : 185 |
| SELL BELOW | : 172 |
| SUP-1 | : 169 |
| SUP-2 | : 165 |
| SUP-3 | : 161 |




| NAME | : BANK NIFTY |
|---|---|
| BUY ABOVE | : 11080 |
| RES-1 | : 11111 |
| RES-2 | : 11200 |
| RES-3 | : 11345 |
| SELL BELOW | : 11080 |
| SUP-1 | : 11000 |
| SUP-2 | : 10920 |
| SUP-3 | : 10800 |



| NAME | : ONGC |
|---|---|
| BUY ABOVE | : 1205 |
| RES-1 | : 1220 |
| RES-2 | : 1230 |
| RES-3 | : 1250 |
| SELL BELOW | : 1205 |
| SUP-1 | : 1193 |
| SUP-2 | : 1189 |
| SUP-3 | : 1170 |




| NAME | : ICICI BANK |
|---|---|
| BUY ABOVE | : 1050 |
| RES-1 | : 1061 |
| RES-2 | : 1090 |
| RES-3 | : 1138 |
| SELL BELOW | : 1050 |
| SUP-1 | : 1039 |
| SUP-2 | : 1032 |
| SUP-3 | : 1023 |



| NAME | : SESAGOA |
|---|---|
| BUY ABOVE | : 331 |
| RES-1 | : 340 |
| RES-2 | : 346 |
| RES-3 | : 354 |
| SELL BELOW | : 331 |
| SUP-1 | : 325 |
| SUP-2 | : 318 |
| SUP-3 | : 312 |



### OUR PERFORMANCE

| STOCKS | REC.HIGH/LOW PRICE | | TARGET |
|---|---|---|---|
| NIFTY | 6160 | 5891 | 3 TARGET ACHIEV. |
| BANKNIFTY | 11840 | 11040 | 3 TARGET ACHIEV. |
| BPCL | 658 | 613.50 | 3 TARGET ACHIEV. |
| CIPLA | 369 | 381 | 2 TARGET ACHIEV. |
| DLF | 291 | 267 | 3 TARGET ACHIEV. |
| HINDUNILVR | 312 | 329.90 | 3 TARGET ACHIEV. |

**ATTENTION**

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra JoshiEditor,
The Economic Revolution.

# માર્કેટ ટ્રેન્ડ

પ્રિય વાચકમિત્રો,

બુધ, ગુરુ અને શુક્રવાર ત્રણેય દિવસ સેન્સેક્સ ઝડપથી અને આંચકાથી નીચે પડ્યું છે જેથી કાંતો માર્કેટ હવે સાઈડમાં જાય અથવા તો લો ટોપ બનાવીને જો જુનું લો પોઈન્ટ તોડે તો આપણે મંદીના માર્કેટમાં આવી ગયા છીએ. એક આર્ટીકલમાં વાંચ્યુ હતું કે, મોટાભાગના લોકો માર્કેટમાં કમાવવા કરતા કંઈક બીજાજ ઉદ્દેશથી ટ્રેડીંગ કરતા હોય છે. આવા લોકોને આ માર્કેટમાં કમાવવું તકલીફ પડે તેમ છે. ચાલો આપણે જોઈએ કે આપણે લખેલ ભલામણનું શું થયું ?

## ટેકનીકલ એનાલીસીસ ફોર ફ્યુચર ટ્રેન્ડ



ડો. ચંદ્ર વનવારી
મો. ૯૮૨૫૯૦૦૮૪૯
www.vccfuturetrading.com

**ઈન્ફોસીસ ટેકનોલોજી :** ૫૫૦૦ (૩૩૦૦ ઉપર ભલામણ કરેલી) હવે તેમાં મેં એક જ લેણ હોય તો તેમાં નફો બુક કરી લેવો અને જો એક કરતા વધારે લેણ હોય તો ૫૦ ટકા નફો બુક કરવો. આપણે ટાર્ગેટ ૩૬૦૦ નો હતો પણ માર્કેટને જોતા તે કદાચ સમય માંગી લે તેમ છે તેથી નફો બુક કરવો સારો.

**હિન્દુસ્તાન લીવર :** ૨૦૮માં ભલામણ કરીને ૨૩૦સુધી પહોંચી ૨૧૩ શુક્રવારના રોજ બંધ આવ્યું છે. તેમાં પણ ઈન્ફોસીસની જેમ જો એક જ લેણ હોય તો નફો બુક કરવો અને એક કરતા વધારે લેણ હોય તો ૫૦ ટકા નફો બુક કરવો.

**કેઈર્ન ઈન્ડિયા :** માં ૨૨૯નો સ્ટોપલોસ (બ્રેક ઈવન પોઈન્ટ) ઉપર સ્ટોપલોસ રાખીને ટ્રેડીંગ કરવું તેથી તેમાં નુકસાન ના થવું જોઈએ. શુક્રવારના રોજ તે અડીખમ રહ્યું તેથી લાગે છે કે આવનાર દિવસોમા તે સ્ટ્રોંગ રહે તેમ લાગે છે.

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ :** ૨૦૪૮નો સ્ટોપલોસ ચાલુ રાખવું. કાં તો નફો બુક કરવો. એક વાર આપણે નફામાં હોઈએ ત્યારપછી નુકસાન કરવું નહીં.

**જૈન ઈરીગેશન :** આ એક નવો ઉમેરો છે. માર્કેટ ભલે ડાઉન જાય પણ આ સ્ટોક સ્ટ્રોંગ ગ્રોથ સ્ટોક છે. તેથી દરેક ડીપમાં અથવા દરેક ઉછાળે વેચવા કરતા લેવામાં રહેવું અને ધીરે ધીરે સ્ટોક એકત્રિત કરવા જેથી જ્યારે માર્કેટ સુધરે ત્યારે આ સ્ટોક સોનાના ઈંડા આપે તેવો સ્ટોક છે.

આવનાર ત્રણ થી ચાર દિવસ સેન્સેક્સ માટે બહુ જ અગત્યના છે જે માર્કેટની દિશા નક્કી કરશે કે માર્કેટ મંદીમાં રહેશે કે પાછું વળશે. વેચચાવલીનું દબાણ વધારે તે હવે તેજીવાળા તેને કેવી રીતે પછાડે છે તે જોવાનું છે. વધુ આવતા અંકે. ટ્રેન્ડ દિશાસૂચક હોય તેવું લાગે છે. હેપ્પી ટ્રેડીંગ.



રજનીકાન્ત સી. ઠક્કર
ફોન : (૦૨૬૯૭)૨૪૪૮૧૮
(M)૯૮૭૯૯૨૧૯૫૧, ૯૪૨૬૫૮૩૪૫૩
E-mail: Rajanithakkar @yahoo.co.in

# સાપ્તાહિક શેર ભવિષ્ય

## શેર બજારની તેજી-મંદી ૧૦-૦૧-૨૦૧૧ થી ૧૪-૦૧-૨૦૧૧

| | | |
|---|---|---|
| ૧૦.૦૧.૨૦૧૧ | સોમવાર | બજાર નરમ ખૂલશે. ૯.૪૪ થી ૧૩.૫૧ તેજ, ૧૩.૫૧ થી ૧૪.૫૨ નરમ, ૧૪.૫૨ થી ૧૫.૧૫ થી સમ રહેશે. તમામમાં બંને તરફી વધઘટ રહેશે. |
| ૧૧.૦૧.૨૦૧૧ | મંગળવાર | બજાર તેજ ખૂલશે. ૧૦.૪૧ થી નમર રહેશે. |
| ૧૨.૦૧.૨૦૧૧ | બુધવાર | બજાર તેજ ખૂલી તેજ બંધ રહેશે. |
| ૧૩.૦૧.૨૦૧૧ | ગુરુવાર | બજાર તેજ ખુલશે. ૯.૦૬ થી ૧૨.૦૩ નરમ રહેશે. ૧૨.૦૩ થી સુધારો રહેશે. |
| ૧૪.૦૧.૨૦૧૧ | શુક્રવાર | બજાર તેજ ખૂલશે. ૧૨.૩૭ થી સંસ્થાકીય વેચવાલી આવતા નરમ રહેશે. |

**:સૂચના**

૧. ઉપરોક્ત આગાહી માત્ર માર્ગદર્શનના હેતુથી હિંદુ જ્યોતિષશાસ્ત્રના આધારે જ આપવામાં આવેલ છે.

૨. આપની સટ્ટાકીય વૃત્તિ કે નિર્ણયશક્તિના અભાવે થનાર નફા કે નુકસાન માટે લેખક, સંપાદક કે પ્રકાશક જવાબદાર રહેશે નહીં. આપના નફા કે નુકસાનની જવાબદારીઆપની પોતાની રહેશે.

૩. દરરોજના નિફ્ટીના લેવલ જોવા માટે www.vyaparbhavishya.com ની મુલાકાત લો.

**બાય એન્ડ સેલ પા.નં. ૧ નું ચાલુ**

ટકી રહે અથવા તો ૧૯૬૨૧ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૯૬૨૧, ૧૯૪૫૪, ૧૯૨૬૫ અને ૧૯૦૨૬

**પ્રતિકારક સપાટી :** ૧૯૮૫૦, ૨૦૦૧૭, ૨૦૨૧૪ અને ૨૦૩૯૫

**તા.૧૦ જાન્યુઆરીના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૯૬૨૧ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૯૯૬૨-૨૦૦૧૭ રહેશે. નહીંતર તે ૧૯૪૪૫-૧૯૩૮૩ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૯૬૨૧, ૧૯૫૩૬, ૧૯૪૫૪ અને ૧૯૩૮૩

**પ્રતિકારક સપાટી :** ૧૯૭૭૩, ૧૯૮૫૦, ૧૯૯૬૨ અને ૨૦૦૧૭

**નિફ્ટી ૫૯૦૪**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૧૦ જાન્યુઆરી, ૨૦૧૦ થી ૧૪ જાન્યુઆરી, ૨૦૧૦)** આ સપ્તાહે ૫૯૫૨ અને ૫૮૮૩ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૯૫૨ ઉપર અથવા તો ૫૮૮૩ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૮૮૩, ૫૮૩૨, ૫૭૭૪ અને ૫૭૧૧

**પ્રતિકારક સપાટી -** ૫૯૫૨, ૬૦૦૩, ૬૦૬૨ અને ૬૧૧૭

**તા.૧૦ જાન્યુઆરીના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૫૮૮૩ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૯૮૬-૬૦૦૩ દર્શાવી શકે. નહીંતર નિફ્ટી ૫૮૩૧-૫૮૦૧ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૮૮૩, ૫૮૫૬, ૫૮૩૨ અને ૫૮૦૧

**પ્રતિકારક સપાટી -** ૫૯૩૧, ૫૯૫૨, ૫૯૮૬ અને ૬૦૦૩

**ઝડપી લેવા જેવા રોકડાના શેર**

**જે કે પેપર (૫૩૨૧૬૨ ) હાલનો ભાવ રૂ.૫૬** રૂ. ૫૪ થી ૫૭ ની વચ્ચે તેમ જ ઘટાડે તબક્કાવાર આ શેર ભેગા કરો, રૂ. ૪૫ના મહત્વના ટેકાને ધ્યાનમાં રાખો,ટૂંકા ગાળાનો લક્ષાંક રૂ. ૭૫ થી ૯૦

**સિમેક (૫૨૬૮૦૭ ) હાલનો ભાવ રૂ.૧૩૫** દરેક ઘટાડે ભેગા કરો, નજીકનો ટેકો રૂ. ૧૨૮ થી ૧૩૨ અને મહત્વનો ટેકો રૂ. ૧૧૫ બજેટ સમયનો લક્ષાંક રૂ. ૧૮૦-૧૯૫

**અગાઉની ભલામણ અમોએ તા. ૨૪.૯.૨૦૧૦ ના રોજ રામા પેપર, બી એસ ઈ કોડ ૫૦૦૩૫૭ની રૂ. ૩૧ ના ભાવે ભલામણ કરેલ હતી, તેમાં ૭૫ ટકા નફો બુક કર્યો.**

# દેશ અને બજાર ખતરનાક મોડ ઉપર આવીને ઊભા છે... કંઇક લોકોની રાજકારણમાં માઠી બેઠી છે, તો કંઇકની બજાર માઠી-બેસાડી દેશે

પ્રિય વાચક મિત્રો,

ગયો અંક વાંચ્યો હતોને ? તેના હેડીંગમાં ઘણું કહેલ જે આપે આ સંપૂર્ણ સપ્તાહ દરમિયાન અનુભવ્યુંને ? ફરી એકવાર હેડીંગ અત્રે દોહરાવું છું.

''દસકના ટોપ ક્લોઝ સાથે પૂરું થયેલું વર્ષ અનેક ચેલેન્જો સાથે શરૂ થશે. રાજકીય તેમજ વૈશ્વિક પ્રવાહોની બજાર ઉપર જોરદાર અસર જોવા મળશે. વધતો વ્યાજદર, વધતું ક્રુડ અને વધતો ફુગાવો બજારને ધમરોળતા જોવા મળશે.''

ઘણું જ લાંબુ હેડીંગ હતું નહીં ? પણ શું કરું અમારા ઘણા મિત્રોને ફક્ત હેડીંગ વાંચીને જ આખા લેખનો સાર મળી જાય

**માર્વેલસ રિસર્ચ**

**લલીતભાઈ શાહ**

**મો. ૯૮૨૫૦૫૬૩૯૬**

છે. બાકી ગયા અંકમાં ૨૦૧૧ માટેનો સંપૂર્ણ ચિતાર આપેલ છે. માટે જો આપે ના વાંચ્યો હોય તો વાંચી જશો અને છાપુ ના ખરીદ્યું હોય તો ખરીદી લેશો. તમારા છાપાવાળા પાસે ના હોય તો છાપાવાળાની ઓફિસેથી મંગાવી લેશો અને હવે દર અઠવાડિયે એકવાર આ અંક અને આની પહેલાંનો અંક વાંચી લેશો તો અમોને ખાત્રી છે કે તમો ૧૦૦ ટકા ફાયદામાં રહેશો. કારણ કે આ અમારો છેલ્લો લેખ છે.

હવે આ વખતે પહેલાં આપણે ગયા દસકની ગતિવિધિ સાથે આવતા આખા દસકની શક્યતા વિચારીશું.

ગઈ ૩૧ ડિસમ્બરે પૂર્ણ થયેલ

**ગયા અંકમાં જણાવેલા વિવિધ કારણો થકી બજારને મંદીના રીંછડાઓએ ધમરોળી નાંખ્યું.**

શેરબજારનો દસક ખરેખર આપણી ઈકોનોમી માટે ખાસ ''ગોલ્ડન-દસક'' હતો. એક સુવર્ણ યુગ સમાન જેમાં શેરબજાર-સોનુ-પ્રોપર્ટી માર્કેટ કોમોડીટી માર્કેટ બધામાં ૫૦૦ થી ૧૦૦૦ ટકા કે વધુનો વધારો દસકામાં થયો. છેલ્લે - છેલ્લે બાકી રહી જતું હતું તો ડુંગળીના ભાવ પણ ૭વાળા ૭૦ બોલી ગયા. હવે એક રીતે જોઈએ તો શેરનો વેપારી તેની મુડી ૫ના ૫૦ કરે કે સોનાનો વેપારી ૪૦૦૦ના સોના ૨૧૦૦૦ કરે કે પ્રોપર્ટીનો વેપારી ૧૦ લાખના ફ્લેટ ૭૦ લાખથી કરોડમાં વેચે કે અન્ય કોમોડીટી ૫-૬નું લોખંડ ૩૫-૫૦ પહોંચે તો વાંધો નહીં પણ બિચારો ડુંગળી ઉગાડનાર કે અન્ય ખાદ્ય પદાર્થ ઉગાડનારો એમાં વિપરિત હવામાનને લઈને પાક પાણી ઓછા થાય અને ઊંચા ભાવ કમાય તો આપણાં હૈયામાં હાય બળતરા શેની ? એ સમજાતું નથી.

ખેર જે હોય તે પણ આ ડુંગળી બઈ જો સ્વામી મંદિરમાં જોવા મળે તો એરૂ પકડવાના સાણસાથી બહાર ફેંકી દેવામાં આવતાં હતાં તો આજ કાલ સમસ્ત પટેલ સમાજ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભળી ગયો છે. અને જો તે ડુંગળી-લસણ જૈનોની જેમ ત્યજી દે તો આ ડુંગળી-લસણને સુંઘવાવાળા પણ ના જડે પણ... આ ડુંગળી પણ ખરી છે. પહેલાં વાજપેયી સાહેબની ઊંઘ હરામ કરેલ તો હાલમાં બિચારા સિંહને બિલાડીના પાંજરામાં પૂરી દીધાં છે.

તો બીજી તરફ ટેલીકોમ કૌભાંડ જેનો પાયો ૧૯૯૯થી નંખાયો છે અને એનડીએ અને યુપીએ બંનેએ મલાઇ ખાધી છે એવું નવા પ્રધાન શ્રી સીબલ સાહેબ કહે છે. અને આપણે સહુ જાણીએ પણ છીએ.

આ દસકમાં ૨૦૧૪માં ફરી લોકસભાની ચૂંટણી તેમજ અનેક સ્ટેટની ચૂંટણીઓ આવી રહી છે. કોંગ્રેસ પક્ષ જનાધાર ગુમાવતો જાય છે. તો લોકોનો ભક્તિ ભાવ ધાર્મિક કટ્ટરવાદ તરફ ઢળી રહ્યો છે. ''રાષ્ટ્રવાદ'' મૃત્યુ પથારીએ પડ્યો છે. ત્યારે કોંગ્રેસે ૨૦૧૪ની તેમજ હવે પછી આવતી સ્ટેટની ઈલેકશનો જીતવી હોય તો ખાદ્ય કોમોડીટીના સટ્ટા ઉપર રોક લગાવી લોકપ્રિય બનવું ઘટે તો હજુ પણ એક એવડો મોટો વર્ગ ઘરનું ઘર જોવાના સપનાનો પણ વિચાર નથી કરી શકતો તેના માટે ઘરનું ઘર, શિક્ષણનો વ્યાપાર બંધ. સસ્તી અને સારી મેડીકલ સેવા માટે મેડીકલ - દાકતરીના વ્યવસાયનું રાષ્ટ્રીયકરણ નો પ્રાઈવેટ સ્કૂલ કોલેજ એન્ડ નો પ્રાઈવેટ હોસ્પિટલ તેમજ ઇચ એન્ડ એવરી ડૉક્ટર મસ્ટ સર્વ ઈન ગવર્મેન્ટ હોસ્પિટલ અને બેદરકારી બદલ આકરી સજા. ટ્યુશન ક્લાસો બંધ જેવા આકરા પગલા જે પ્રજાના લાંબાગાળાના હિત માટે તેમજ ખુદ સરકાર જ સેઝના નામે અને વિકાસના નામે જમીનો ઉદ્યોગપતિઓને પધરાવવાને બદલે પ્રજા માટે સસ્તા-ટકાઉ અને સારા રહેવા યોગ્ય મકાનો ઉપલબ્ધ કરાવે તો કદાચ કોંગ્રેસના યુવરાજ માટે જગ્યા થાય. બાકી હાલમાં તો તાત્કાલિક ધોરણે પ્રજાને અડતી સીધી મોંઘવારી યેનકેન પ્રકારે નાથવી ઘટે. બાકી અમોને ખબર છે કે એક એવું ફિલ્ડ છે જ્યાં એન.ડી.એ. હોય કે યુ.પી.એ. હોય બંને એકમત્તે પબ્લિકને લૂંટવા માટે હોય એટલા વાના કર્યા છે અને કરતી આવી છે. તે બંધ કરે તો કોંગ્રેસ માટ ઉજળા ચાન્સ છે.

બાકી આ વખતે ગુજરાતમાં વાયબ્રન્ટ ખાટલાની કેપેસીટી એટલી વધી જશે. અમોને પણ ૫૦૦૦૦/૧૦૦૦૦૦ કરોડનું એમ.ઓ.યુ. કરવાનું મન થયું છે અને મફતમાં જેટલાં દિવસની વીઆઈપી ટ્રીટમેન્ટ મળે તેટલી ભોગવવી છે. પણ જો હમણાં ખ્યાતિની લાલસા છોડી એમ.ઓ.યુ.ના દશ ટકા સરકાર એસ્ક્રો એકાઉન્ટમાં જમા કરાવવાના કરે તો કેટલાં આવે છે. એમ.ઓ.યુ. કરવા તેનો સાચો ખ્યાલ આવી જશે. આખરે રીવર ફ્રન્ટ નામે ઘાટ તૈયાર થઇ ગયો છે અને જ્યાં નર્મદા અને સાબરમતીનો દ્વિવેણી સંગમ થઇ ગયો છે એટલે આપણે શ્રાદ્ધ સરાવવા જવાની જરૂર જ નહીં રહે. એને બદલે ૧૨૦૦ કે ૨૦૦૦ - પાંચ કરોડના સસ્તા-સારા અને ટકાઉ મકાનો અને જાતજાતના સેન્સેનલ પ્રોગ્રામોને બદલે ગુજરાતની પ્રજા ઉપરથી ટેક્ષનું ભારણ ઓછું કરે તો સારું નહીં..!

ખેર આખરે જેની સારા ઉદ્યોગપતિ તરીકેની છાપ હતી તેવા સોજા રતનબાવાએ પણ કહેવું પડ્યું કે ''હમામ મે સબ... હૈ.''

સરકાર કોઇ ભી હોય ચાની નાની-મોટી પત્તીથી નથી ચાલતું. ખેર આ છેલ્લો છેલ્લો બળાપો છે એટલે લાંબુ ખેંચ્યું. બાકી કોંગ્રેસ હોય કે અન્ય જેને લાંબુ રાજ કરવું હોય તેના માટે અમારી પાસે ઉપાય છે. અને જો તેને અનુસરે તો અમો આમ તો ગેરંટી ક્યારેય નથી આપતા છતાં રાષ્ટ્રના વિશાળ હીતમાં ખાત્રી આપીએ છીએ કે તેઓને ઓછામાં ઓછું આવનારી ૨૦૨૪ની ચૂંટણી સુધી કોઈ હરાવી ના

**આ દશકમાં અમુક એવા શેરો ટર્નએરાઉન્ડ થઇ રહ્યાં છે જે પૂર્ણ થયેલ દશકમાં વાલચંદનગર ઇન્ડસ્ટ્રીઝ, જીંદાલ સ્ટીલ એન્ડ પાવર, જીએમડીસીએ જેમ થાઉઝન્સ ઓફ પરસન્ટેજમાં મોટું રીટર્ન આપ્યું તેવું આવતા દશકમાં આપવાની તૈયારી કરી રહ્યાં છે.**

શકે. અત્યારે એ કેન્દ્રમાં યુ.પી.એ. છે. માટે અમારી મફત સલાહ માટે પહેલો વારો તેનો (આમ તો અમો મફતમાં સલાહ નથી આપતા) પણ વિશાળ રાષ્ટ્ર હીત માટે પહેલી અને છેલ્લી પોલીટીકલ સલાહ આપીશું.

હવે આપણે ગયા દસકાના સેન્સેક્સ - નિફ્ટીની ગતિવિધિ અને આવતા દસકા માટેની શક્યતાઓ જોઈશું.

**બીએસઇ સેન્સેક્સ**

**૩૧-૧૨-૨૦૧૦નો**

**બંધ : ૨૦૫૦૯.૦૯**

પૂર્ણ થયેલ દસકા દરમિયાન આપણા સેન્સેક્સ ભાઈએ ૧૮૬૧૧.૯૦ પોઈન્ટની રેન્જ બાદ દશકાની શરૂઆતના ઓપનીંગ કરતાં +૧૬૫૧૮.૪૭ અને આગલાં દસકાના ક્લોઝ કરતાં +૧૬૫૩૬.૯૭નો ભવ્ય પોઝીટીવ ક્લોઝ આપ્યો. જે સમગ્ર સેન્સેક્સ ૪૦૦ ઉપરાંત ટકાનો વધારો ૨૦૦૧-૨૦૧૦ના દશકમાં બતાવે છે. જેની કોઈએ કલ્પના પણ ના કરી હોય. અમારા સિવાય હવે આવતા દસકા માટેના સેન્સેક્સના સપોર્ટ અને રેઝીસ્ટન્સ જોઈએ.

૨૦૧૧થી ૨૦૨૦ના દશક માટેના સપોર્ટ :

(૧) ૧૪૦૯૭★ (૨) ૧૧૯૦૧★ (૩) ૯૭૦૫ (૪) ૬૯૮૭.

૨૦૧૧થી ૨૦૨૦ના દશક માટેના અવરોધો :

**નિફ્ટી**

**તા. ૩૧-૧૨-૨૦૧૦નો**

**બંધ ભાવ : ૬૧૩૪.૫૦**

પૂર્ણ થયેલ દશકમાં ૫૫૦૭.૧૫ની રેન્જ કર્યા બાદ નિફ્ટીએ આગલા દશકના બંધ કરતાં +૪૨૪૩.૬૦ અને પૂર્ણ થયેલ

દેખાય છે.

હાલમાં વિરોધ પક્ષોના બીનલોકશાહી રવૈયાને લઈને સંસદ સત્રમાં પડેલી ''ગલ'' જો આ બજેટ પહેલાં ઉકલી જાય તો પ્રથમ અવરોધ ટેસ્ટ કર્યા બાદ પણ ઉપર ★વાળા લેવલો ૨૦૧૪ સુધીમાં

**અત્રે આપેલ આ કોઠાની અંદર ૨૦૦૧ થી ૨૦૧૦ના વિજેતા શેરો અને નકારાત્મક રીટર્ન આપનાર શેરોની યાદી છે સાથે સાથે ૨૦૧૧થી ૨૦૨૦ના દશકમાં તેમાં થનારી વધઘટની શક્યતા ધરાવતી રેન્જ આપી છે. જે અમુક ભાવની ઉપર તેજી થશે તો અને હાલમાં વધઘટે નરમાઇની રૂખ બતાવી રહી છે.**

| SCRIP SYMBOL | OPEN DECADE ENDED2010 | RANGE DECADE ENDED2010 | PROFIT / LOSS DECADE ENDED2010 | POSSIBLE RANGE NEXT DECADE 2010-20 | |
|---|---|---|---|---|---|
| NIFTY | 1263.50 | 5507.15 | 335.86 | 4253.00 | 9761.00 |
| SENSEX | 3990.62 | 18611.90 | 413.93 | 11028.00 | 33787.00 |
| ACC | 159.00 | 1224.60 | 579.48 | 558.00 | 2072.00 |
| BHARTIARTL | 27.50 | 564.17 | 1203.27 | 226.00 | 923.00 |
| BHEL | 97.87 | 2872.75 | 2275.34 | 1149.00 | 4700.00 |
| DLF | 582.00 | 1100.85 | -50.00 | 10.00 | 1225.00 |
| GRASIM | 246.93 | 3267.40 | 847.96 | 1444.00 | 5482.00 |
| HDFC ** | 54.20 | 730.45 | 1243.08 | 329.00 | 1231.00 |
| HDFCBANK ** | 222.85 | 2332.15 | 952.95 | 107a7.00 | 3959.00 |
| HINDALCO ** | 63.57 | 210.00 | 286.97 | 117.00 | 377.00 |
| HUL | 207.50 | 216.70 | 50.36 | 187.00 | 455.00 |
| ICICIBANK | 153.50 | 1398.50 | 645.70 | 601.00 | 2329.00 |
| INFOSYS ** | 714.88 | 3184.50 | 381.90 | 1862.00 | 5422.00 |
| ITC ** | 29.97 | 166.21 | 482.25 | 102.00 | 287.00 |
| JAIPRA | 5.73 | 337.27 | 1748.17 | 82.30 | 340.00 |
| LNT | 47.85 | 2299.06 | 4035.78 | 914.00 | 3755.00 |
| MARUTI ** | 156.40 | 1583.90 | 807.93 | 530.00 | 2719.00 |
| MNM ** | 37.50 | 813.67 | 1973.47 | 324.00 | 1330.00 |
| NTPC | 70.00 | 223.00 | 185.00 | 121.00 | 429.00 |
| ONGC | 81.33 | 1392.00 | 1490.31 | 776.00 | 2332.00 |
| RANBAXY | 203.11 | 501.30 | 194.74 | 315.00 | 931.00 |
| RCOM | 290.00 | 724.25 | -50.00 | 120.00 | 844.00 |
| RELINFRA | 199.00 | 2475.65 | 323.12 | 676.00 | 2360.00 |
| RIL | 131.02 | 1547.39 | 707.70 | 444.00 | 2585.00 |
| SBI ** | 181.99 | 3383.12 | 1627.59 | 1424.00 | 5605.00 |
| SUNPHARMA | 26.75 | 468.80 | 1711.77 | 255.00 | 779.00 |
| STERLITEIND | 3.86 | 282.95 | 4734.20 | 69.00 | 460.00 |
| TATAMOTORS ** | 85.54 | 1325.26 | 1427.12 | 369.00 | 2200.00 |
| TATAPOWER | 119.15 | 1549.00 | 1046.20 | 458.00 | 2598.00 |
| TATASTL | 77.49 | 930.37 | 776.18 | 259.00 | 1545.00 |
| TCS ** | 269.00 | 970.00 | 333.09 | 438.00 | 1778.00 |
| WIPRO ** | 239.90 | 423.57 | 104.36 | 177.00 | 762.00 |

** COMPANIES GAVE EXCELLENT RETURNS

**લાર્સન એન્ડ ટુર્બો અને સ્ટરલાઇટ ઇન્ડસ્ટ્રીઝે પૂર્ણ થયેલ દશકમાં ટોપનું રીટર્ન આપેલ છે જ્યારે આર.કોમ અને ડીએલએફે નેગેટીવ રીટર્ન આપેલ છે. અત્રે જે પણ ગણતરી કરવામાં આવેલ છે તે XR-XB અને સ્પ્લીટ થયા બાદના ભાવથી છે. આવતા દશક માટેની રેન્જ અત્રે આપેલ છે જેમાં નીચેના કે ઉપરના ભાવો ક્યારે આવશે તે માટે ફોન કરવો નહીં. આ ગણતરી આવતા દશ વર્ષ માટે છે માટે પેપર દશ વર્ષ સાચવીને રાખવું અને દર અઠવાડિયે તેનું રીવીઝન કરી જવું.**

(૧) ૨૩૩૩૦ (૨) ૨૮૧૯૪ (૩) ૩૦૯૧૨ (૪) ૩૨૭૦૯.

આ સપોર્ટો અને અવરોધોમાં અમોને ૨૦૬૭૦ ઉપર ખૂબ જ તાકાતથી બજાર નીકળે તો ૨૩૩૩૦ સુધીની શક્યતા દેખાય છે. બાકી પ્રથમ ૧૪૦૯૭-૧૧૯૦૧ ૨૦૧૪ના સંસદના ઈલેકશન પહેલાં કે સુધીમાં દેખાય છે. આ લેખ વાંચીને ગભરાઈ જવાની જરૂર નથી એ પહેલાં બજાર અનેક ઉછળકુદ કરતુ જોવા મળશે. ટૂંકમાં ૨૧મી સદીના પ્રથમ દશક જેવો બીજો દશક દેખાતો નથી. છતાં આ બજારમાં દર વર્ષે ૫૦ ટકાથી ૧૦૦ રીટર્ન છૂટી શકે તેવું પણ છે. જેના માટે ગયા અંકમાં જણાવેલ.

બાકી હવે આપણે નિફ્ટી માટેનો પણ આવતા દશક માટેનો વરતારો અને આ દશકની ગતિવિધિ જોઇ લઈએ.

દશકના ઓપનથી +૪૨૪૩.૬૫નો ગોલ્ડન પોઝીટીવ બંધ આપી એક સુવર્ણ યુગની સમાપ્તિ કરી છે.

હવે આપણે નિફ્ટી માટેની આ ૨૦૧૧ થી ૨૦૨૦ના દશકની શક્યતા તપાસીએ.

૨૦૧૧ થી ૨૦૨૦ના દશકના નિફ્ટીના સપોર્ટ :

(૧) ૫૨૦૧ (૨) ૪૨૫૩★ (૩) ૩૬૦૪★ (૪) ૨૯૫૪ (૫) ૨૧૫૦.

અવરોધો :

(૧) ૬૩૫૭ (૨) ૬૯૯૩ (૩) ૮૫૦૭ (૪) ૯૩૧૧ (૫) ૯૭૬૦.

પણ આમા ૬૨૦૦ તાકાતથી ક્રોસ ના થાય ત્યાં સુધી વધઘટે ૨૦૧૪ના જનરલ ઈલેકશન પહેલાં કે સુધીમાં સેન્સેક્સ ૧૪૦૯૭ થી ૧૧૯૦૧ અને નિફ્ટી ૪૨૫૩ થી ૩૬૦૪ આવવાની શક્યતા ટેસ્ટ થવાના ચાન્સ અમોને ૧૦૦ ટકા દેખાય છે. માટે હવે પછી સેન્સેક્સ બેઈઝ સ્ક્રીપ્ટોમાં ઉછાળે રોકડી કરો અને ફુગાવા સામે લડવા માટે નાના કેશ સેગમેન્ટ ટર્નએરાઉન્ડ શેરોમાં લાંબાગાળાના વ્યુહથી રોકાણ કરાય. બાકી એફએન્ડઓની પણ કેટલીય સ્ક્રિપ્ટો હવે પછીના સમય ૧૦૦ થી ૫૦૦ ટકાનું વળતર સેન્સેક્સ અને નિફ્ટીના ડાઉન ટર્ન છતાં આપતી જોવા મળશે. જે માર્વેલસ મિત્રોને ટાઈમે ટાઈમે જણાવીશું તો અમુક એવા સેક્ટર છે કે જેમાં અમો ભળતી તેજી જોઇ રહ્યાં છીએ.

હવે આપણે આવતા સપ્તાહ માટેના સેન્સેક્સ અને નિફ્ટીની ગતિવિધિ અને વરતાળો જોઈશું.

**સેન્સેક્સ**

**તા.૭-૧-૨૦૧૧નો**

**બંધ : ૧૯૬૯૧.૮૧**

સાપ્તાહિક ધોરણે ૧૦૩૫.૫૮ પોઈન્ટની રેન્જ બાદ સાપ્તાહિક ઓપનથી -૯૨૯.૮૦ આગલા સાપ્તાહિક બંધ કરતાં -૮૧૭.૨૮નો નેગેટીવ બંધ આપેલ છે. જે ખરાબ બંધ કહેવાય. કેન્ડલ ચાર્ટ ઉપર એન્ગુલફી બીયર બનેલ છે જે આવતા સપ્તાહમાં પુલબેકમાં વધુમાં વધુ ૨૦૦૬૦ સુધી આવી બજાર ઘટી શકે છે. હવે બજાર જ્યાં સુધી અતિ તાકાત સાથે ૨૦૬૨૫ ક્રોસ કરી ૨૦૬૭૫ ક્રોસ થાય બાદમાં ઉપર તરફ નવો હાઈ બની શકે. જે માટે શાસક યુ.પી.એ. યેન-કેન પ્રકારેણ સંસદ ચાલે તેવો માહોલ અને મોંઘવારી ખાસ કરીને ખાદ્ય વસ્તુની કાબુમાં લેવી ઘટે. તેમજ સંસદમાં વધુ એમ.પી.નો જનાધાર બનાવવાના પ્રયત્નો અત્યારથી કરવા ઘટે. બાકી ગમે તેવું સારું બજેટ પણ બજારને ઊંચે લઈ જવા માટે અસક્ષમ સાબિત થાય જે સહેજે.

સેન્સેક્સના સાપ્તાહિક સપોર્ટ અને રેઝીસ્ટન્સ :

રેઝીસ્ટન્સ (સાપ્તાહિક) :

(૧) ૧૯૮૭૩ (૨) ૨૦૦૨૫ (૩) ૨૦૦૬૦ (૪) ૨૦૧૪૭ (૫) ૨૦૨૬૯ (૬) ૨૦૬૬૫ (૭) ૨૧૩૦૫.

સપોર્ટ :

(૧) ૧૯૫૫૯ (૨) ૧૮૯૮૯ (૩) ૧૭૬૯૪.

**નિફ્ટી (વીકલી)**

**બંધ : ૫૯૦૪.૬૦**

પૂર્ણ થયેલ સપ્તાહ દરમિયાન નિફ્ટીબાઈએ ૨૯૭.૪૫ પોઈન્ટના નેગેટીવ ઠુમકા માર્યા બાદ સાપ્તાહિક ઓપનથી -૨૭૨.૮૫ અને આગલા સાપ્તાહિક બંધથી -૨૨૯.૯૦નો નેગેટીવ ક્લોઝ આપેલ છે.

આવતા સપ્તાહ માટેના નિફ્ટીના સપોર્ટ અને રેઝીસ્ટન્સ લેવલો જોઈ લઈએ.

સપોર્ટ (સાપ્તાહિક) :

(૧) ૫૮૭૪ (૨) ૫૭૨૨ (૩) ૫૭૦૦ (૪) ૫૪૪૫ (૫) ૫૨૦૧ (૬) ૪૯૯૩.

અમારા મતે ૫૭૦૦ અને તેની નીચે ૫૫૫૦થી ૫૩૬૦ વચ્ચે સારો સપોર્ટ મળે.

હાલમાં બજારની પરિસ્થિતિ ઉત્તરાણ પહેલાં જ ઢઢો - ભાંગી ગયેલાં પતંગ જેવી બની ગઈ છે. અતિ તાકાત સાથે ૬૧૮૦ ક્રોસ થાય અને ૬૨૦૦ ઉપર બંધ આવે ત્યારે જ દશકાના પહેલા રેઝીસ્ટન્સની શક્યતા દેખાય છે. છતાં બજારમાં ઉછાળા પણ એવાં જ આવતા રહેશે જે સહેજે.

છતાં કેન્ડલ ચાર્ટ મુજબ આવતા સપ્તાહમાં વધુમાં વધુ ૬૦૧૦ સુધીની પુલબેક આવી શકે પણ ૫૮૭૦ તુટે તો ૫૬૯૦-૫૫૫૦ ગમે તે સપોર્ટ ટેસ્ટ થાય. બાકી આજે તો સચિનદા કા જવાબ નહીની જેમ આપણ સેન્સેક્સ ભાઈએ આશરે ૫૦૦ પોઈન્ટની પાંચ સેન્ચુરી ઠોકી દીધી.

અત્રે એક ટેબલ આપેલ છે જેમાં ગયા દશકમાં સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્ટો વિશેની માહિતી છે. આવતા દશક માટેના લેવલો છે. બાકી રોકડાના શેરોમાં ચાહે બજાર ગમે તેવું ઘટે પણ અમોને

(૧) મેકલીયોડ રસેલ વિશ્વની મોટામાં મોટી બ્લેક ટી કંપનીનો શેર.

(૨) ડંકન ઈન્ડ. આ સદીની બેસ્ટ ટર્ન એરાઉન્ડ.

(૩) ગોવિંદ રબ્બર બેસ્ટ ટર્નએરાઉન્ડ.

તો એચ.ઓ.ઇ.સી., આયોન એક્ષચેન્જ, એસ્સાર કંપની, સૂર્યચક્ર પાવર કાઈનેટીક. બંને જેવા અનેક શેરોમાં ભળતુ વળતર મળી શકે છે.

**''ગુડ બાય''**

MARVELLOUS SMS CLUB MEMBERSHIP

| PERIOD | EQUITY FEES (In Rs.) | F&O FEES (In Rs.) | COMBO FEES (In Rs.) |
|---|---|---|---|
| 1 Month | 10000 | 30000 | 35000 |
| 6 Month | 50000 | 150000 | 175000 |
| 12 Month | 90000 | 270000 | 315000 |

Contact : Mr. LALIT SHAH (Mobile : 098250 56396)

Marvellous Global, Inc.

રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું.

# ૨૦૧૧ના વર્ષમાં ૧૦૦ થી પણ વધારે ઈસ્યુ આવશે, રોકાણકારોને પસંદગીની તક મળશે

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

મિત્રો,

આ આવનાર સપ્તાહે મનોરંજનના વ્યવસાય સાથે સંકળાયેલ એટલે કે ફિલ્મ નિર્માણ, પ્રદર્શન વગેરે સાથે સંકળાયેલ કંપની મીડવેલી એન્ટરટેઈનમેન્ટ લી. આઈપીઓ લઈને આવી રહી છે. ખૂબ જ નબળા ફંડામેન્ટલ ધરાવતી, અને જેમાં પ્રમોટરો પોતાના શેર ઓછા કરી રહેલ છે તે કંપનીમાં અરજી કરી શકાય નહીં તે એક હકીક્ત છે.

જો કે જીંદાલ પાવર અને સ્ટરલાઈટ એનર્જી જેવી કંપનીઓ ૨૦૧૧માં આઈપીઓ લઈને આવવા આયોજન કરી રહેલ છે, આ કંપનીઓના ભાવ આકર્ષક પણ રહેશે.

એક વાત સાચી છે કે સરકાર હસ્તકની કંપનીઓ જયારે આઈપીઓ લાવે ત્યારે તેમની હરિફ કંપનીઓ કરતાં ઓછા ભાવે લાવે છે જયારે ખાનગી સેકટર મોટે ભાગે તેમના હરિફોના શેર કરતાં પણ ઉંચા ભાવે શેર લાવે છે જે કારણે તેમને નબળા પ્રતિભાવ મળે છે અને રોકાણકારોને તેમાં નુકશાન પણ થાય છે.

જો કે હવે ૧૦૦ થી વધારે ઈસ્યુ આવવાની રાહ જોઈ રહેલ છે ત્યારે રોકાણકારોને સારી પસંદગી મળવાની જ છે. પી એસ યુ કંપનીઓના આઈપીઓ પણ આવશે, આ કંપનીઓ પ્રાઈવેટ સેકટર કરતાં સારી હોય છે અને રોકાણકારો પણ હવે ગુણવત્તા અને મુલ્યાંકનના આધારે પસંદગી કરતા હોય છે. સેબી દ્વારા જેમને હાલ ઈસ્યુ લાવવા માટે લીલી ઝંડી પ્રાપ્ત થયેલ છે તેવી કંપનીઓમાં જીંદાલ પાવર, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન, સ્ટરલાઈટ એનર્જી, બી પી ટી પી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એમાર એમ જી એફ, ફયુચર વેન્ચર્સ ઈન્ડિયા, કલ્પતરૂ, માઈક્રોમેક્ષ ઈન્ફરમેટિકસ, રેઈડ એન્ડ ટેલર વગેરે પણ સેબી તરફથી લીલી ઝંડીની રાહ જોઈને બેઠા છે.

એસકેએસ માઈક્રોફાઈનાન્સ, ઓરિએન્ટ ગ્રીન પાવર અને એ ર ઝેડએન્જીનીયરીંગ જેવા આઈપીઓ રોકાણકારોને નુકશાન કરાવતા રહેલ છે અને તેથી ઈન્વેસ્ટમેન્ટ બેંક હવે નવા આઈપીઓ લાવનાર પ્રમોટરો પર દબાણ રાખતા થયા છે ખરા, જોઈએ એનાં કેવાં પરિણામો આવેછે.

જો કે ૨૦૧૧ માં પહેલાં કરતાં ઘણી કંપનીઓ પોતાના આઈપીઓ લઈને આવનાર છે અને તેથી આ ઈસ્યુ લાવનાર કંપનીઓએ તેમના શેરના ભાવ અને બીજી બાબતોથી રોકાણકારોને વધુ આકર્ષિત કરવા પડશે.

હવે રોકાણકારો પણ પસંદગીની કંપનીઓના આઈપીઓમાં જ રોકાણ કરે છે અને વધુ પડતા પ્રાઈઝબેન્ડના આઈપીઓને અવગણે પણ છે.પરંતુ કોલ ઈન્ડિયા અને મોઈલ જેવા આઈપીઓમાં અરજી કરવા તૂટી પણ પડે છે. જો કે તેથી રોકાણકારોને જયારે હવે બહોળી પસંદગી ઉપલબ્ધ છે ત્યારે તેઓએ પી એસ યુ કંપનીઓ અથવા તો સારા ફન્ડામેન્ટલ ધરાવતી અને યોગ્ય પ્રાઈઝબેન્ડ લઈને આવેલ કંપનીઓનો અભ્યાસ કરીને જ અરજી કરવી હિતાવહ રહેશે. કારણ કે આપણે ગત અંકમાં જોયું તેમ મોટાભાગના એટલે કે ૬૮ ટકા જેટલા ઈસ્યુઓએ તો ૨૦૧૦ માં રોકાણકારોને ખોટ જ કરાવેલ છે.

## મીડવેલી એન્ટરટેઈનમેન્ટ લી.

# નબળા ફંડામેન્ટલ વાળી આ કંપનીના શેરમાં રોકાણ ન કરાય લીસ્ટીંગ વખતે થોડો નફો મળવાની શકયતા, પછી રામ રામ

### કંપનીનો પરિચય

ચેન્નાઈ સ્થિત મલ્ટીનેશનલ મિડિયા અને એન્ટરટેઈનમેન્ટ કંપની મીડવેલી એન્ટરટેઈનમેન્ટ તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૧ થી તા. ૧૨ મી જાન્યુઆરી ૨૦૧૧ સુધી રૂ. ૧૦ના રુ. ૬૦ કરોડના ઈકવીટી સાથે, રૂ. ૬૪ થી ૭૦ ના પ્રાઈઝબેન્ડથી મુડી બજારમાં પ્રવેશી રહેલ છે.

આ કંપની ફીલ્મ એકઝીબીશન અને કન્સેપ્ટ થીએટર્સ, ફીલ્મ નિર્માણ, ડીસ્ટ્રીબ્યુશન, હોસ્પિટાલીટી અને સીને એડવર્ટાઈઝીંગ સાથે સંકળાયેલી છે. તે ભારતીય તેમ જ વિદેશી એમ બંને ભાષાઓમાં ફીલ્મો દર્શાવે છે તેમ જ ડીસ્ટ્રીબ્યુટ પણ કરે છે. આ કંપની વિડિઓ અને ટેલીવિઝન ફિલ્મોના હક્કો, ટીવી ચેનલ માટે ટીવી સિરિયલના હક્કો પણ ધરાવે છે. અગાઉ આ કંપનીએ થમ્બી અને સીના થાના જેવી તામીલ ફીલ્મોનું નિર્માણ કરેલ છે. હાલમાં આ કંપનીએ ૪૬ થિએટર્સનું સ્ક્રીનીંગ એગ્રીમેન્ટ કરેલ છે જેમાં તામીલનાડુમાં ૩૪૫ આંધ્ર પ્રદેશમાં ૫ અને કર્ણાટકમાં ૭ નો સમાવેશ થાય છે. આ કંપની હજુ આગળ ઉપર ફિલ્મોના નિર્માણ અને પ્રદર્શનના ધંધા પર ધ્યાન કેન્દ્રિત કરવા આયોજન કરી રહેલ છે.

દક્ષીણ ભારતમાં આ કંપની ૪૬ સ્ક્રીન ધરાવે છે. ૨૦૧૧ના અંત સુધીમાં તે લગભગ ૧૦૦ સ્ક્રીનનું સંચાલન કરશે. જેમાં સીનેપ્લેક્ષ, મલ્ટીપ્લેક્ષ, ઓપન એર થિએટર અને કન્સેપ્ટ થિએટરનો સમાવેશ થાય છે.

### કંપનીની મજબુતાઈ

- ખાસ કોઈ મજબૂતાઈ નજરે પડતી નથી.

### જોખમી પાસુ

- આ કંપની ખૂબ જ હરિફાઈયુક્ત અને અચોક્કસતાપૂર્ણ બજારમાં કાર્યાન્વિત છે.
- જે ધંધો ચાલી રહ્યો છે તેમાં ટ્રાન્સપરન્સીની કમીને કારણે કોર્પોરેટ ગવર્નન્સમાં પણ ઉણપ દેખાઈ રહેલ છે.
- આ કંપનીઓ રૂ. ૯૧૪ લાખનો ઈન્કમ ટેક્ષ બાકી છે
- કંપનીઓ હસ્તગત કરવા માટે કોઈ ખાસ લક્ષાંક રાખવામાં આવેલ નથી.
- અગાઉ આ કંપનીએ સીટી યુનિયન બેંક લી. પાસેથી લોન લીધી હતી અને તેની ચુકવણીમાં નિષ્ફળ નિવડેલ હતી તેથી ડીફોલ્ટર જાહેર થયેલ હતી.
- આ કંપનીએ 'ફેમા' દ્વારા નિયત કરવામાં આવેલ કેટલીક ગાઈડ લાઈન્સનું ઉલ્લંઘન પણ કરેલ છે.
- આ કંપનીના ઓડીટરના રિપોર્ટમાં અગાઉના નાણાકીય સમય માટે કેટલાક પ્રશ્ન ઉઠાવવામાં આવેલ છે.
- ક્રેડીટ રેટીંગ એજન્સી બ્રીક વર્કસ દ્વારા આ કંપનીના ફન્ડામેન્ટલ તેના જેવી બીજી કંપનીઓની સરખામણીમાં તદ્દન નબળા ઠરાવવામાં આવેલ છે, એટલે કે ૫ માંથી ગ્રેડ ૧ આપવામાં આવેલ છે.
- આ કંપનીના શેર માત્ર બી એસ ઈ ઉપર જ લીસ્ટ થનાર છે. એન એસ ઈ પર લીસ્ટ કરવા માટેની શરતો આ કંપની પરીપૂર્ણ કરી શકતી નથી.

### મીડવેલી એન્ટરટેઈનમેન્ટ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૧૦ જાન્યુઆરી ૨૦૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૧૦**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૮,૫૭૧,૪૨૮ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | રૂ. ૬૦ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | રૂ. ૬૪ થી ૭૦ |
| **ઓછામાં ઓછી અરજી** | ૯૫ શેર રૂ. ૬૬૫૦ |
| **વધારેમાં વધારે અરજી** | ૨૮૫૦ રૂ. ૧૯૯૫૦૦ |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | ---- |
| **પ્રમોટર્સ** | શ્રી દતુક કે. કેથીશ્વરન<br>યુનિગોલ્ડ પેસીફીક લી.<br>ગ્લોબલ મોશન પીકચર્સ એન્ડ વેન.લી.<br>કીરા એનીગ્મા |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | ૯મો માળ, ગી ગી એમરલ્ડ,<br>૩૧૨, વલયવર કોટ્ટમ હાઈ રોડ,<br>ચેન્નાઈ ૬૦૦૦૩૪, તામીલનાડુ<br>ફોન નં. ૯૧-૪૪-૩૦૬૩૨૪૫૪/૫૫<br>ફેકસ નં. ૯૧-૪૪-૩૦૬૩૨૪૫૩ |

Email: ipo@mvel.in
Website: http://www.mvel.in

| | |
|---|---|
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | કેમિઓ કોર્પોરેટ સર્વિસ લી.<br>સુબ્રમનીઅમ બિલ્ડીંગ-૧<br>કલબ હાઉસ રોડ, ચેન્નાઈ ૬૦૦ ૦૦૨,<br>ફોન નં. +૯૧-૪૪-૨૮૪૬૦૩૯૦<br>ફેક્સ નં ૯૧-૪૪-૨૮૪૬૦૧૨૯ |

Email: investor@cameoindia.com
Website: http://www.cameoindia.com

| | |
|---|---|
| **બુકરનીંગ લીડ મેનેજર** | **આર્યમાન ફાઈનાન્સિઅલ સર્વિસ લી.** |
| **લીસ્ટીંગ** | બીએસઈ, |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૪,૨૮૫,૭૧૪ | ૧,૨૮૫,૭૧૪ | ૩,૦૦૦,૦૦૦ | ૦ |

### ક્રેડીટ રેટીંગ એજન્સી દ્વારા આ ઈસ્યુને નબળો ઠરાવવાનાં કારણો

**રેટીંગ**

ક્રેડીટ રેટીંગ કેપની બ્રીક વર્કસ દ્વારા આ કંપનીને ગ્રેડ ૧ ફાળવવામાં આવેલ છે, એટલે કે બ્રીક વર્કસ મંતવ્ય અનુસાર આ કંપની નબળા ફંડામેન્ટલ ધરાવે છે. કેર કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે

રેટીંગ એજન્સી બ્રીક વર્કસ દ્વારા આ કંપનીને ખૂબ જ નબળા ફન્ડામેન્ટલ વાળી ઠરાવવામાં આવેલ છે. જેમાં આ ક્ષેત્રનો પ્રમોટરોનો ઓછો અનુભવ અને નાના કાર્યક્ષેત્રને ધ્યાનમાં લેવામાં આવેલ છે. આ ઉપરાંત છેલ્લા બે વર્ષમાં કાર્યક્ષેત્રમાં ઘટાડો, ચાર કંપનીઓ દ્વારા આઈ પી ઓ દ્વારા ફંડ એકત્રિત કરવામાં મળેલ નિષ્ફળતા, મનોરંજન ક્ષેત્રમાં પ્રમોટર્સનો ખૂબ ઓછો અનુભવ, ટેક્ષન ન ચુકવવા બદલ ઈન્કમટેક્ષ સાથેનો વિવાદ, પ્રમોટરની કંપની એમસીવીએલ અને આ ગ્રુપની બીજી કંપનીઓ નુકશાન કરી રહેલ છે, પ્રોજેકટોનું અમલીકરણ ખુબ જ પ્રારંભિક તબક્કે, પ્રોજેકટ / પ્રોજેકટના ખાર્ચ માટે ન કોઈ ચોક્કસ અંદાજ, અને પ્રોજેકટનો ખર્ચ પણ સંપૂર્ણપણે આઈ પી ઓ ઉપર જ આધારિત છે, વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવેલ છે. આ ઉપરાંત આ કંપનીના પ્રમોટરો તેમની શેર મૂડી પણ જે હાલમાં જે કુલ મુડીના ૪૯.૯ ટકા છે તે ઘટાડીને ૩૪ ટકા કરી રહેલ છે. આ ક્ષેત્રની આવકો પણ ખૂબ ચંચળતાપૂર્ણ હોય છે અને વિડિયો તેમ જ ઓડિયોની પાયરસીથી પિડાઈ રેહલ છે, જેને ખાસ ધ્યાનમાં લેવામાં આવ્યા છે અને તેથી આ ઈસ્યુને નબળો ઠરાવવામાં આવેલ છે.

### નાણાકીય ભલામણ

કુલ ૫૪.૩૫ કરોડની સંપત્તિ અને રૂ. ૧૦નો એક એવા ૨૫.૬૫ કરોડની કીંમતના શેર સાથે આ કંપનીની પ્રિ ઈસ્યુ બુક વેલ્યુ રૂ. ૨૧.૨૦ ગણી શકાય. જો પ્રાઈજ બેન્ડની ઉપરની સપાટી એટલે કે રૂ. ૭૦ ધ્યાનમાં લેવામાં આવેતો તે મુજબ ઈસ્યુ પહેલાંના ભાવે બુક વેલ્યુ ૩.૩૦ ગણી થાય જે આ ઉદ્યોગના અગ્રણીઓ જેવા કે પીવીઆર (બીએસઈ ૫૩૨૬૮૯, એન એસ ઈ : પીવીઆર) પી/બીવી ૧.૬૦ ગણા છે જયારે ઈનોક્ષ લીઝર (બી એસ ઈ ૫૩૨૭૦૬, એન એસ ઈ : ઈનોક્ષલીઝર) ૧.૨૯ છે સામે ઘણી વધારે ગણી શકાય.

બીજી એક હકીકત એ છે કે મીડવેલી એન્ટરટેઈનમેન્ટ તેમના આ હરિફો કરતાં ઘણી નાની કંપની છે પરંતુ જો તેની ફિલ્મ નિર્માણ સિવાયની વિવિધ ક્ષેત્રની કાર્યાન્વીતતા લક્ષમાં લેવામાં આવે તો પણ રિલાયન્સ મિડિયાવર્કસ (બી એસ ઈ ૫૩૨૩૯૯, એન એસ ઈ રિલમિડિયા) પણ ૨.૪૩ ગણા ભાવથી ઉપલબ્ધ છે જે કારણે કોઈ પણ રીતે એનાલીસીસ કરતાં આ આઈપીઓ લાવનાર કંપની મોંઘી લાગે છે.

### આઈપીઓનો હેતુ

- ૩૦૦ સીનેમા થિએટર્સ સાથે સ્ક્રીનીંગ એગ્રીમેન્ટ કરવા માટે
- પસંદગીની ૧૦૦ સ્ક્રીન માટે સિનેમા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ડીઝીટલ ઈકવીપમેન્ટ અને આનુસંગિક બાબતો સાથે રીનોવેશન અને અપગ્રેડેશન કરવા માટે
- કંપનીઓ હસ્તગત કરવા માટે, સરખેજ લાઈનમાં, રેન્જમાં અને ધંધાકીય હેતુ માટે કંપનીઓના સ્ક્રીનીંગ રાઈટસ હસ્તગત કરવા માટે
- અન્ય કોર્પોરેટ ખર્ચને પહોંચી વળવા માટે

આવકની દ્રષ્ટિએ પણ જો આ આઈપીઓનો વિચાર કરવામાં આવે તો તેનો ભાવ વધારે છે. જેમ કે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષની ઈપીએસની વેઈટેડ એવરેજ માત્ર ઉપર છે, જે મુજબ પ્રિ ઈસ્યુ પી ઈ રેશિયો ગણીએ તો ૧૩૪ ગણો થાય. જે સામે પીવીઆર ૨૪ ના પીઈ રેશિયોથી અને ઈનોક્ષ ૧૨ ના પી ઈ રેશિયોથી મળે છે.

અને જો એપ્રિલ ૨૦૧૦ અંતિત ૧૨ માસની ઈપીએસ લઈએ તો ઈપીએસ (શેર દીઠ આવક) માત્ર રૂ.૦.૦૧ છે જો ૩૩ ટકા ડાયલુશન તેમાં ઉમેરવામાં આવે તો પી ઈ રેશિયો ખૂબ જ વધુ આવે.

**આ કંપની માત્ર બીએસઈ ઉપર જ લીસ્ટ થવાની છે.**

જો કે બીજી કંપનીઓની જેમ આ કંપનીમાં પણ ઈસ્યુ આવતાં પહેલાં એટલે કે મે જુન જુલાઈ ૨૦૧૦ ના ત્રિમાસીક ગાળામાં ઈપીએસ ૦.૫૬ થઈ છે. જો કે પછીના વર્ષે આમ બનશે? તે કહેવું અઘરું છે.

જો કે આ ક્ષેત્રના ખેલાડીઓ જેવા કે બાલાજી ટેલીફીલ્મ, ફેમ ઈન્ડિયા, એરોજ ઈન્ટરનેશનલ આ કંપની કરતાં વધુ પીઈ રેશિયો ધરાવે છે, જો કે તે તેમની ખૂબ જ હરિફાઈમાં ટકી રહેવાની શક્તિને આધારિત છે.

આ કંપનીએ જુલાઈ ૨૦૦૭ અને ઓકટોબર ૨૦૦૯માં આઈ પીઓ લાવવા પ્રયત્ન કરેલ પરંતુ તે સાર્થક થયેલ નહીં.

બીજી એક હકીકત એ છે કે આ ઈસ્યુ પછી પ્રમોટર્સનો હિસ્સો ઘટીને ૩૪ ટકા થનાર છે. એટલે કે પ્રમોટર્સ શેર વેચી દેવાના છે, આવું જ કે સેરા સેરામાં થયેલ કે જેમાં હવે પ્રમોટર ગ્રુપનું જ અસ્તિત્વ નથી. આ બધું વિચારીને રેટીંગ એજન્સી બ્રિકસ દ્વારા પણ આ કંપનીના ફન્ડામેન્ટલ ખૂબ જ નબળા દર્શાવેલ છે.

**આ કંપનીના શેર માત્ર બી એસ ઈ ઉપર જ લીસ્ટ થનાર છે. એન એસ ઈ પર લીસ્ટ કરવા માટેની શરતો આ કંપની પરીપૂર્ણ કરી શકતી નથી.**

આ કંપની એન એસ ઈ પર પણ લીસ્ટીંગ માટેની લાયકાત ધરાવતી નથી, તેથી આવી નબળી કંપનીમાં તેના ગજા કરતાં ઉંચા ભાવના શેર માટે અરજી કરી શકાય નહીં.

# તા. ૧૦મી જાન્યુઆરીથી ૧૪મી જાન્યુઆરી ૨૦૧૦ નાં ટ્રેડીંગ લેવલ્સ

### સાપ્તાહિક ટ્રેન્ડ



**માધવ રાનડે**
**મો. ૦૯૩૭૧૦૦૨૯૪૩**
email: sumamura@dataone.in

૨૦૧૧ના પ્રથમ ટ્રેડીંગ દિવસોએ આપણાં બજારો મજબૂત ખુલ્યાં પરંતુ પછીના દિવસે તો ૨૦૧૦ના અંતમાં ૧૦ દિવસ જોવા મળેલ રિકવરી ઉપર પણ શંકા આવે તેમ લપસ્યાં.

ગત સપ્તાહે જયારે મેં ૨૦૧૧ની આગાહી કરી હતી ત્યારે ભયની ઘંટી તો બજાવી હતી, હું પોતે પણ કયારેય અપેક્ષા રાખતો ન હતો કે ૨૦૧૦ ના છેલ્લા બે સપ્તાહમાં ઝડપથી દોડતા ઋષભો આટલા બેરહેમીથી પિટાઈ જશે, મને એમ હતું કે આમ બનશે પણ તે ઈન્ફોસીસનાં પરિણામો પછી.

બેંક અને ઓટો પણ નબળાં જણાય છે અને નવેમ્બરમાં આ સેકટરના ઘણા શેર આપણે નીચે જતા જોયા છે. વૈશ્વિક બજારો સ્થિર થવાને કારણે અને આપણાં બજારો પણ ટૂંકા સમય માટે ઓવર સોલ્ડ હોઈ, આવનાર સપ્તાહે થોડુ બાઉન્સબેક જોવા મળી શકે. પરંતુ આ બાઉન્સ બેકનો ઉપયોગ લોંગમાંથી ખરસી જવા માટે કરાય અને સાહસિકો શોર્ટ પણ કરી શકે.

મને આર ઈ સી / આઈ ડી એફ સી / બજાજ ઓટો લાંબા ગાળા માટેના વ્યૂહથી સારા જણાય છે અને પૈસા બનાવવા માટે આ શેરને વેચો, પ્રાજ ઈન્ડ.ને પણ ધ્યાનમાં રાખો.

મને અપેક્ષા છે કે તમે બધાએ મારી વેબસાઈટWWW.SUMAMURA.COM ની મુલાકાત લીધી હશે. મારી વેબસાઈટ ફેબ્રુઆરી ૨૦૧૧ થી પેઈડ વેબસાઈટ બની રહેલ છે.

એક વાત ખાસ યાદ રાખો મૂડી હંમેશાં દુર્લભ હોય છે તેનું સન્માન કરો.

| posn trading lvls | | date | 10th / 14th january 2011 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 19900 | 19660/420/180 | 20140 |
| | long | 20140 | 20380/620/860 | 19900 |
| BSE auto index | short | 9475 | x | 9550 |
| | long | 9550 | x | 9475 |
| BSE capital goods | short | 14720 | x | 14820 |
| | long | 14920 | x | 14820 |
| BSE FMCG index | short | 3660 | x | 3725 |
| | long | 3725 | x | 3660 |
| BSE health index | short | 6675 | x | 6725 |
| | long | 6725 | x | 6675 |
| BSE metal index | short | 16990 | x | 17170 |
| | long | 17170 | x | 16990 |
| BSE oil & gas INDEX | short | 10260 | x | 10360 |
| | long | 10360 | x | 10260 |
| BSE PSU index | short | 9025 | x | 9100 |
| | long | 9180 | x | 9100 |
| BSE realty index | short | 2680 | x | 2715 |
| | long | 2715 | x | 2680 |

# નિફ્ટી ૬૨૮૭ લેવલ પાર ન કરે ત્યાં સુધી તેજીની કોઈ શક્યતા નથી

મિત્રો,

જય જલારામ,

શુક્રવારે ખૂલતાંની સાથે જ બજાર ગગડવા માંડ્યું કારણ ? કારણ ગમે તે કહેવામાં આવે પરંતુ મુખ્ય કારણ એક જ છે. વર્તમાન સરકાર બીલકુલ અણઘડ છે. વડાપ્રધાને પ્રધાન મંડળ ઉપરનો કંટ્રોલ ગુમાવી દીધો છે. સરકારને તૂટતી બચાવવા અને ગાદી સાચવી રાખવા માટે જે પક્ષોની સહાયલીધી છે તે પક્ષોને હવે કાળા કર્મો કરવાનો છૂટો દોર આપી દેવામાં આવ્યો છે અથવા તો આપવો પડ્યો છે.તમે માનતા હો કે આ સરકારની ફક્ત અસહાયતા છે તો એ તમારી ભૂલ છે. દેશના રાજકારણમાં અમારી દ્રષ્ટિએ સૌથી છેલ્લી પાયરીની વાત કરીએ તો ખેતીવાડી ખાતું આવે.જે માણસનો એક પગ સ્મશાનમાં હોય છતાં કાળા કામો કરવામાંથી બાજ ન આવતો હોય, પ્રજાનો દ્રોહ જેને મન સામાન્ય રમત હોય તે માણસ વિશે અભિપ્રાય આપવો તે પણ આપણી માટે શરમ જનક છે. વિદેશી ફંડોનો દેશની સરકાર ઉપરથી વિશ્વાસ ઉઠતો જણાય છે. જીડીપી ગ્રોથની વાતો બંધ થવી જોઈએ.દેશ જે વિકાસ કરી રહ્યો છે તેમાં સરકારનો ફાળો ખાયકીથી વિશેષ જણાતો નથી. આ રાજકારણીઓ મરશે ત્યારે કેટલા નાણાં ઉપર લઈ જશે તે તેમને જ ખબર પરંતુ દરેક ક્ષેત્રે ખાયકી કરવા માટે બિલાડીની જેમ બધી જ શરમ નેવે મૂકીને ઝાવા મારી રહ્યા છે.

કલમ કોટકની



શરદ કોટક

મો. ૯૮૨૫૦૬૮૨૧૧

Skotak@KI-TRADE.com

WWW. KI-TRADE.COM

દેશની આમ જનતા હવે મોંઘવારીથી ત્રસ્ત છે. આપણા વડાપ્રધાને વર્ષના અંતે મોંઘવારી કાબૂમાં આવશે તે ક્યા કારણોથી બોલ્યા હતા ? ડીસેમ્બરમાં મોંઘવારી સૌથી વધારે વધી છે. શરદ પવારને ઘેર બેસાડવાની ત્રેવડ આ મનમોહનજીમાં છે ? સરકાર ચલાવવાનું તેમના માટે મુખ્ય મુદ્દો છે. ગાદી ટકાવવાનો પ્રથમ એજન્ડા છે. પ્રજાનું ગમે તે થાય. ચાર વરસકાળા કામો કરી પાંચમા વર્ષે જ્યારે ચૂંટણી આવશે ત્યારે તેમને બધી જ સમજ પડશે. હમણાં જ તેઓ બહાવરા બની ગયા છે. અસહાય બની ગયા છે. આટલી હદે નિર્લજજ સરકાર ભાગ્યે જ ઈતિહાસમાં જોવા મળશે. અમે ઈશ્વરને પ્રાર્થના કરીએકે જો તમને ભારતની પ્રજાની દયા આવતી હોય તો આ રાજકારણીઓને તમારા લોકનો વહીવટ સોંપવા બોલાવી લો. તમને પણ થોડા અનુભવ મળે. પ્રજાને પાંચ વરસે એક જ વખત મોકો મળે છે ત્યારે પ્રજા જૂની વાતો ભૂલી જાય છે પરંતુ હવે અત્યારથી જ નોંધ બનાવી લો કે કોને મત નથી આપવો અને કારણ પણ લખી લો.

શુક્રવારે બજાર કડડભૂસ થઈ ગઈ તેની માટે અનેક કારણો છે. પરંતુ મુખ્ય કારણ આ સરકારની વિશ્વસનિયતા છે. ત્રણ દિવસમાં ડુંગળીના ભાવ ૩૦ ટકા વધી જાય તેની માટે કોઈપણ કારણ હોઈ શકે નહીં. પહેલાં ખાંડના ભાવો વધવા દેવામાં આવ્યા. મોટાભાગની ખાંડની મીલો શરદ પવારના પ્રદેશમાં છે. અને એ મતક્ષેત્રમાંથી આ રાજકારણી ચૂંટાતો આવ્યો છે. એ રિહર્સલ હતું. સરકાર ચૂપ રહી પછી અનાજ, કઠોળ, શાકભાજી એક પછી એક દરેકને છૂટો દોર આપવામાં આવ્યો. પુરવઠા ખાતું ચૂપ છે. સરકારો તમાશો જોઈ રહી છે. પ્રજા પીડાઈ રહી છે. જ્યારે અતિ મર્યાદા ઓળંગે છે ત્યારે તેનો અંત નજીક છે તે સમજી જવું. આ અત્યાચાર છે અને “**બહુ થોડા સમય માટે જ હોય છે**.” ઈશ્વરના ઘરમાં દેર છે અંધેર નથી. પ્રજા વાવણી છે તો તેનો તારણહાર ઈશ્વર આ ભ્રષ્ટાચારીઓને સજા કરશે તે નક્કી છે.

શેર બજારની ચર્ચા કરવાનો અર્થ નથી. જે દેશમાં આટલી ભ્રષ્ટ, નિર્લજજ અને અણઘડ સરકાર હોય તે દેશની બજારો ચાલી શકે જ નહીં. આ દેશની ધરતી હવે રાજકારણીઓનો મોટા પાયે બલીદાન માંગે છે. પાપીઓનો નાશ તેમના પાપના ભારથી આપ મેળે થાય છે. ૩ જી સ્કેમ, કોમનવેલ્થ ગેમ સ્કેમ, ભ્રષ્ટાચારનો અંત જ નથી. કોઈપણ ધોરણો થકી આ સરકાર પ્રજાનો વિશ્વાસ ગુમાવી ચૂકી છે. અને દેશ ઉપર રાજ કરવાનો અધિકાર પણ ગુમાવી ચૂકી છે. છતાં છેલ્લાં શ્વાસ સુધી આ દેશની પ્રજાનું લોહી ચૂસતા લોકો ખુરશી છોડવાના નથી. આ દેશમાં લોકશાહી નથી ચાલતી, ભ્રષ્ચાચાર શાહી ચાલી રહી છે.

અમેરિકન અર્થતંત્ર સુધરી રહ્યું છે. જેના પરિણામે ડોલર મજબૂત થશે અને તેથી રૂપિયો ઘસાશે. નબળો પડશે. આવું થાય તો રૂપિયાના મુલ્યમાં ૧૫ થી ૨૦ ટકાનો ઓછામાં ઓછો ઘટાડો થાય. એની અસર કનવર્ઝન રેશિયો ઉપર પડે અને વિદેશી ફંડોનું રોકાણ બજારના વર્તમાન ભાવે પણ ૧૫ ટકા ઘસાઈ જાય. અત્યારે બજાર તેના ઓલ ટાઈમ હાઈ આસપાસ છે. વિદેશી ફંડો જે આપણા દેશમાં રોકાણ કરે છે તેમનો હેતુ અંતે તો એ માલ વેચી નાણાં ઘરભેગા કરવાનો જ હોય છે. અત્યારે જો તેઓ માલ વેચે અને એ નાણાં પોતાના દેશમાં લઈ જવા માંગે તો તેમને રૂપિયામાંથી ડોલરમાં કનવર્ટ કરવા પડે અને તે માટે ડોલર ખરીદવા પડે. હાલના ભાવે એક ડોલર ખરીદવા ૪૫.૩૮ રૂપિયા આપવા પડે. રૂપિયો ફુગાવા થકી નબળો પડે તો તેમને ધારો કે ૫૦ રૂપિયા ડોલરે આપવા પડે. આ સંજોગોમાં તેમનો નફો ૧૦ ટકા કોઈપણ કારણ વગર ઓછો થઈ જાય. ભલે શેરનો બજાર ભાવ એ જ રહે. ફુગાવો વધવાનું કારણ બે હોઈ શકે. (૧) સપ્લાય ઓછો હોય (૨) ડીમાન્ડ વધારે હોય. પરંતુ ત્રીજુ કારણ જે અર્થશાસ્ત્રમાં દર્શાવવામાં ન આવે તો કાળા બજારીયાઓ-કાળા બજારીયાઓ માલનો સંગ્રહ કરીને સપ્લાય ઓછો કરી દે જેથી ભાવ વધે. સરકાર અને રિઝર્વ બેંક બંને આ કારણને રોકવા સક્ષમ છે. અને કાયદાઓ પણ અસ્તિત્વમાં છે. સ્ટોક હોલ્ડીંગની મર્યાદા ઘટાડી છે. બેંકોને લોન ઉપરનું માર્જીન વધારવા કહે તથા વ્યાજના દર આવી વસ્તુઓ ઉપર વધારી દે તો એક દિવસમાં ભાવમાં કડાકો બોલી જાય. અગાઉ આ બધા ઉપાયો યોજવામાં આવ્યા જ છે. હવે સરકાર બધું ભૂલી ગઈ છે કે સાથે બુદ્ધિ નાઠી છે ? આપણે અમરેકિના વાદે ચઢ્યા છીએ.અનાજ કઠોળ ઉપરનો સટ્ટો સદંતર બંધ કરી દેવો જોઈએ. ભાવ વધારાનો લાભ ક્યારેય પણ નાના, મધ્યમ અને સિમાન્ત ખેડૂતને થતો નથી. તેઓ તો બિચારા પોતાની ફસલ-ઉપજ એડવાન્સમાં વેચી ચૂક્યા હોય છે. છેલ્લા દશ વર્ષમાં નવા ટાટા, બિરલા અને અંબાણીઓ પેદા થયા છે તે પ્રજાના સુખને ભાગે જ થયા છે સરકારની નિષ્ફળતા, સેબીની નિષ્ફળતા, રિઝર્વબેંકની શુષ્કતા બધે જ અંધેર આવે. અંધેર જ છે. યુપીએ સરકાર ગુજરાતના એન્કાઉન્ટર પાછળ સમય બરબાદ કરવાને બદલે પ્રજાલક્ષી કાર્યો તરફ ધ્યાન આપે તે જરુરી છે.

આપણે શેર બજારમાં વિશ્વાસના અભાવનાં બે કારણો જોયા. ત્રીજુ કારણ મોંઘવારી છે. મોંઘવારી ડામવા વ્યાજના દર વધારવામાં આવે તો ટૂંકાગાળા માટે મોંઘવારી ઘટે પરંતુ લાંબાગાળે ઉત્પાદન ખર્ચ વધે.માલ - વસ્તુઓ મોંઘી જ થાય. કંપનીઓનો કુલ નફો ભલે વધે પરંતુ ઉત્પાદનનાં અંગો જેવા કે કાચો માલ, મજૂરી, ટ્રાન્સપોર્ટેશન, વહીવટી ખર્ચ, વ્યાજ દર, કરવેરા, સેવાના દર વિગેરે ઉપરનો ખર્ચ પણ વધે જેથી ટકાવારીમાં નફો ઓછો થાય. કુલ્લ વેચાણ પર નફો ભલે વધે પરંતુ ટકાવારીમાં માર્જીન ઘટે અને રેટ સેન્સીટીવ ક્ષેત્રો ઉપર તો કાળ બેસી જાય. બેંકો, રિયાલીટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે ક્ષેત્રો પર દબાણ આવે. આ વિષચક્ર ફર્યા જ કરે જેને “વિસીયસ સર્કલ” કહેવાય છે. સરવાળે તમે ત્યાંને ત્યાં આવીને ઊભા રહો. ફરી ભાવ વધારો, ફરી વ્યાજ દર વધારો આમ ચાલ્યા જ કરે.

સરકાર ખરેખર પ્રજાનું હિત ઈચ્છતી હોય તો નફાની ટકાવારી ઉપર મર્યાદા લાદી દેવી જોઈએ. અગાઉનો ઈતિહાસ તપાસો તો ૧૫ ટકાની નફાકારકતાની મર્યાદા ઘણી બધી વસ્તુઓ ઉપર લાદવામાં આવેલી છે. ઈતિહાસ સાક્ષી છે, ડુંગળી ઉપર “૧૫ ટકા + વહીવટી ખર્ચ = કુલ્લે નફો ” એ મર્યાદા ઉપર મીડલ એજન્સી નફો લે તો તેમને “કોફે પોસા” જેવા કાયદા હેઠળ કે કાળા બજાર અને સંગ્રહખોરીના વર્તમાન કાયદા હેઠળ જેલ ભેગા કરો. બીજાજ દિવસે ડુંગળીના ભાવ ૨૦ ટકા ઘટી જશે. પરંતુ સરકારની મથરાવટી જ મેલી છે. નિર્માલ્ય સરકાર છે.

ચોથું કારણ ચીનમાં સ્લો ડાઉન અને ફુગાવાને ડામવાના સંભવિત પ્રયાસોને કારણે મેટલમાં ઓલ રાઉન્ડ સેલ આઉટ છે. ટાટા સ્ટીલ, સ્ટરલાઈટમાં તીવ્ર વેચાણો આ કારણે હતા. પરંતુ ટાટા સ્ટીલમાં લાંબાગાળાની કોઈ ખરાબી નથી તેથી તે પાછો બાઉન્સ બેક થઈ જશે. આઈટી સેક્ટરમાં જે સેલ ઓફ હતું તે પણ ખોટું હતું. લીલા સાથે સુકું પણ બળી જાય તેવું આઈટી સેક્ટરમાં પણ ફરીથી બાઉન્સ બેક થઈ જાશે. ગયા સપ્તાહે અમે એચસીએલ - ટેક. નો શેર લેવાની ભલામણ કરી હતી તે નિફ્ટીનો સપ્તાહમાં સૌથી વધેલો શેર રહ્યો. અમેરિકન અર્થતંત્ર સુધરી રહ્યું છે અને હવે આઈટી સેક્ટરને નવા ઓર્ડરો મળતાં જ રહેશે તથા માર્જીન પણ વધશે એટલે ઘટાડે આ શેર લઈને રાખી દેવા જેવા છે. અમેરિકામાં સબપ્રાઈમ થયું તેવું ચીન થવા દેવા નથી માંગતું અને તે વ્યાજબી પણ છે. તે પોતાના દેશમાં સબ પ્રાઈમ થતું રોકે એ વિશ્વ માટે સારી બાબત ગણાય. ગભરાવવાની બાબત નહીં.

પર સપ્તાહના આંકડા જોઈએ તો

**અનુસંધાન પા.નં. ૨ ઉપર**

## STOCK INDICES : WEEKLY MOVEMENT

| | 31 - 12 -2010 | 07 - 01 -2011 | + - |
|---|---|---|---|
| Sensex | 20509.09 | 19691.81 | - 817.28 |
| Nifty | 6134.50 | 5904.60 | - 229.90 |

> **૫૫૮૭નું લેવલ લાંબાગાળાની તેજીના સપોર્ટનું લેવલ છે. અને તે તૂટતાં લાંબાગાળાનું મોટું કરેક્શન આવી જાય છે. જે ૪૭૮૬ આસપાસ પુરુ થાય**

## થોડાક સ્ટોકના સાપ્તાહિક લેવલ ધ્યાનમાં લો

**(૧) એસબીઆઈ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**

**બંધ ભાવ : ૨૬૦૦**

**૨૬૭૩ અને ૨૭૮૦ના ઉછાળે વેચાણનું દબાણ રહેશે. ૨૭૮૦ એક વખત પાર કરશે ત્યાર બાદ પ્રથમ ૨૮૫૭ આવશે અને એક ત્યાર બાદ ૨૯૫૭ આવશે. પરંતુ આ દૂરની વાત છે સમય સીમા નથી. હાલમાં આ શેર ઘટાડા તરફી છે. ઉછાળે હળવા થવાનું વલણ રાખવું. પ્રથમ નબળાઈ થકી ૨૫૦૨નો ભાવ આવશે અને વ્યાજ દરમાં જો રિઝર્વ બેંક ત્વરિત વધારો કરે તો બીજો ૨૩૯૨નો ભાવ આવશે. જ્યાં ટૂંકાગાળા માટે મંદીની ચાલ પુરી થશે. હાલ લેવાનું વલણ રાખવાને બદલે ઉછાળે વેચનારા ફાવશે.**

**(૨) ટાટા મોટર્સ**

**બંધ ભાવ : ૧૧૯૦**

**૧૨૨૮ અને ૧૨૯૬ ના ઉછાળે વેચવાલીનું વિપુલ દબાણ આવશે. ૧૩૩૫નું ટોપ બનાવી હાલ ઘટાડા તરફી છે. પ્રથમ ૧૧૨૧ અને ત્યારબાદ ૧૦૫૭ નો ભાવ આવશે જ્યાં મંદીની ટૂંકા ગાળાની ચાલ પુરી થશે.**

**(૩) યસ બેંક**

**બંધ ભાવ : ૨૭૦**

**૩૧૭.૭૦નું ટોપ બનાવી હાલે ઘટાડા તરફી છે. ૩૩૪ પાર ન કરે ત્યાં સુધી ઉછાળે વેચવાલી આવશે. ૨૮૫ પાર ન કરે ત્યાં સુધી ઉપરની ચાલ હાલ રૂંધાઈ ગઈ છે. ઘટાડે પ્રથમ ૨૫૩નો ભાવ આવશે અને ત્યારબાદ ૨૩૭ના લેવલ ઉપર ઘટાડાની ચાલ પુરી થશે.**

**(૪) બજાજ ઓટો**

**બંધ ભાવ : ૧૩૧૬.૬૦**

**હાલમાં જ ૧૫૬૪નો ટોપ બનાવી ઘટાડા તરફી છે. અને હજી ઉછાળે વેચવાલી જોવા મળશે. ૧૪૧૨ ઉપરબંધ આવ્યા બાદ જ ફ્રેશલેણ જોઈ શકાશે. ત્યાં સુધી પ્રથમ ૧૨૨૭ અને ત્યારબાદ ૧૧૩૭નો ભાવ ધ્યાનમાં રાખો. ૧૧૩૭ આવ્યા બાદ હાલનો ઘટાડાનો દોર પૂરો થશે.**

**(૫) એક્ષિસ બેંક**

**બંધ ભાવ : ૧૨૮૦**

**હાલમાં જ ૧૩૭૬નું ટોપ બનાવી ઘટાડા તરફી છે. જે ઘટાડો જ્યાં સુધી ૧૩૨૧નું બંધ ન આવે ત્યાં સુધી ચાલું રહેશે. પ્રથમ ૧૨૩૭ નો ભાવ આવશે અને ત્યારબાદ ૧૧૮૭-૧૧૯૫ આસપાસ ટૂંકાગાળાનાં ઘટાડાની ચાલ પૂરી થશે. આ પાંચે શેરમાં અમે ટૂંકાગાળાના ઘટાડાની જ વાત કરી છે. મહિનાના લેવલની વાત કરીએ તો એક્ષિસ બેંક ૧૧૪૭ સુધી નીચે જઈ શકે.**

**માસિક ધોરણે એસબીઆઈ ૨૩૯૫ સુધી નીચે જઈ શકે. ટાટા મોટર્સ ૧૦૨૭ સુધી નીચે જઈ શકે. યશ બેંકનું લેવલ ૨૩૭ આસપાસનું જ છે. પરંતુ બજાજ ઓટોનું લેવલ ૧૧૧૭ આસપાસનું છે તે ધ્યાનમાં રાખવું.**

## નિફ્ટી વ્યૂ

**NIFTY CLOSE : 5904.60**

નિફ્ટીનું છેલ્લું ઉપર તરફનું પ્રયાણ ૫૭૨૧ થી શરુ થયું હતું. નિફ્ટી ૬૦૬૯ ની ઘટતી ઘટતી આ લેવલે સપોર્ટ મેળવી આગળ વધી પરંતુ ૬૦૬૯ પાર કર્યા બાદ તેના ૧૬૧.૮ ટકાના લેવલ ૬૨૮૭ ના પાર કરવાનું તો દૂર રહ્યું પરંતુ સ્પર્શ પણ ન કરી શકી અને તા. ૪-૧-૨૦૧૧ના ૬૧૮૧.૦૫નું ટોપ બનાવી ઘટાડા તરફી છે. જ્યાં સુધી નિફ્ટી ૬૨૮૭ પાર ન કરી લે ત્યાં સુધી નવી તેજીની આશા ઠગારી નિવડશે. ટૂંકાગાળા માટે નિફ્ટી ૫૭૨૧નું લેવલ સ્પર્શ કરશે તે હાલની ચાલ ઉપરથી અનુમાન કરી શકાય અન નીચે ઘટતાં નિફ્ટીનો ૫૯૮૭નો ટેકો જ ધ્યાનમાં લેવો રહ્યો. જે તૂટતાં બજેટ પહેલાં ૫૫૮૭ નું લેવલ એકવાર સ્પર્શી જાય તેવી સંભાવના ઊભી થશે. ૫૫૮૭નું લેવલ લાંબાગાળાની તેજીના સપોર્ટનું લેવલ છે. અને તે તૂટતાં લાંબાગાળાનું મોટું કરેક્શન આવી જાય છે. ૪૭૮૬ આસપાસ પુરુ થાય.

બજાર કેટલું ઘટશે તેનો આધાર મહદઅંશે સરકારની ફુગાવાને ડામવાની સફળતા કે નિષ્ફળતા ઉપર આધાર રાખશે. કરન્ટ એકાઉન્ટની ડેફીસીટ કાબૂમાં રાખતા સરકાર પોતાની મિલ્કતો વેચી રહી છે. સરકારી કંપનીઓમાં હિસ્સાનું વેચાણ એક લાખ કરોડની ટેલિકોમ ક્ષેત્રે આવક છતાં સરકારનું પરફોર્મન્સ નિમ્ન કક્ષાનું રહ્યું છે. તેથી જીડીપીની વાતો નાણાં પ્રધાન બંધ કરે અને આમ નાગરિકને રાહત થાય અને ફુગાવો ઘટે તેવા પ્રયાસો કરે, નવી નોકરીઓ ઊભી કરે, કરવેરા ઘટાડે તે જરુરી છે. દેશના વિકાસના ૯૫ ટકા ફળ દેશની વસ્તીના ૫ ટકા લોકો જ ચાવી જાય છે. સમાજમાં અસમાનતા તથા મિલકતની વહેંચણીની અસમાનતા હવે માઝા મુકી રહી છે. વસ્તીના ૫૦ ટકા લોકો પરેશાન છે, બાકીના ૩૦ ટકા લોકો માંડ બે છેડા ભેગા કરે છે. એક ઉદ્યોગપતિ ૪૫૦૦ કરોડના મકાનમાં રહે અને દેશના ૪૦ ટકા લોકોને રહેવા છત ન હોય તે લાંબુ ચાલે નહીં તે સમજી લેવાની જરુર છે. ધનવાનો આ નહીં સમજે તો એક દિવસ ઝૂંપડપટ્ટીવાળા આવા મહેલોનો કબજો લઈ લેશે.

**Weekly Resistance : 6190 - 6211**

**Weekly Support : 5721 - 5605**

એક દિવસના ઘટાડા ઉપરથી બજારની રુખ અને ચાલ વિશે અનુમાન બાંધવું ખોટું ગણાશે. પરંતુ ૫૭૨૧ નું લેવલ તૂટે તો બજારમાં ચોક્કસથી મોટા કડાકા બોલી જશે. અને ઉઘડતામાં મંદીની સરકીટ ૧૦ ટકાની લાગી જશે માટે સાવચેતીથી વેપાર ગોઠવવો. જાન્યુઆરી મહિનામાં સાંજ પડે જે મલે તે લઈને કે મૂકીને ઘરે જાવ. રોજે રોજનો વેપાર ગોઠવો.

હાલ પુરતું ૬૨૮૭ પાર નહીં થાય એટલે ઉપરના લેવલની ચર્ચા કરવી અસ્થાને છે. નીચેના લેવલ ધ્યાનમાં રાખવા પડશે. નિફ્ટી ૩૦૦ પોઈન્ટના સ્વીંગમાં ફરશે અને માર્કેટ હાલ પુરતું વોલાટાઈલ રહેશે.

## બજાર કયા માર્ગે ?

**મોંઘવારી તથા ફુગાવાને ડામવાની સરકારની નિષ્ઠા ખોરી છે. શંકા પ્રેરે તેવી છે. મૂળમાં સરકારી કૌભાંડો, અન્ન પ્રધાનની અણ આવડત, વડા પ્રધાનની ખૂરશી ટકાવી રાખવાની મેલી ઈચ્છા, યુપીએની સરકાર ટકાવી રાખવાની મજબૂરી અને વડાપ્રધાનનો કેબિનેટ ઉપરની પકડનો અભાવ તથા બને તેટલું કાળું નાણું ઘર ભેગું કરવાની ઘટક પક્ષોની લાય લાય. આ બધું વિશ્વમાં આપણા દેશની સાખને ભોંય ભેગી કરી રહી છે. તેથી ૨૦૧૧ માં સરકારની દેશનું સંચાલન કરવાની આવડત વિદેશીઓને શંકા પ્રેરે છે. અધુરામાં પુરુ જો રિઝર્વ બેંક અડધાથી પોણા ટકાનો વ્યાજ દરમાં વધારો કરો તેવી ૨૫મી જાન્યુઆરીની ક્રેડીટ પોલીસી રિવ્યૂમાં અથવા તે પહેલાં અમે જોઈ રહ્યા છીએ તથા “રેટ સેન્સીટીવ ક્ષેત્ર” જેવા કે બેંકિંગ, ઓટો અને રિયાલિટી ક્ષેત્રે બિલકુલ ભાગ નથી લીધો છતાં ૨૦૦૮ના તળિયાના ભાવો જોવાઈ જાય તો ના નહીં. પરંતુ બેંકિંગ અને ઓટો સેક્ટરમાં વ્યાજ દરના વધારાને લીધે ટોપ થી ૨૫ ટકા સુધીનો ઘટાડો શક્ય છે તે ધ્યાનમાં રાખો. ૨૬મી જાન્યુઆરી સુધી બજાર સુધરી શકે તેવી શક્યતા ઉપર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ક્રેડીટ પોલીસી જોયા બાદ જ કોઈ નિર્ણય લઈ શકાય.**

# ૨૦૧૧નું વર્ષ ઈન્વેસ્ટરોને કમાણી માટે અતિ કઠીન બની શકે છે

ઈન્વેસ્ટર મિત્રો,

શુક્રવાર ૭-૧-૨૦૧૧ના રોજ મુંબઈ શેર બજારનો સુચકઆંક ૫૦૦ પોઈન્ટ ઘટી ૧૯૫૦૦ ઉપર બંધ આવ્યો છે. એક અઠવાડીયામાં એક હજાર પોઈન્ટ ઘટ્યા છે. દરેક ના મનમાં થાય કે હવે શું થશે. બધા ભયભીત છે. અમારા અભ્યાસ પ્રમાણે.

(૧) જો કેન્દ્ર સરકાર વર્ષ દરમ્યાન ઉથલી ના પડે તો ઈન્ડેક્ષ ૧૭૦૦૦ થી ૨૨૦૦૦ વચ્ચે રહેશે.

(૨) ફોરેન ઈન્વેસ્ટરો માર્કટમાંથી વિદાય થાય એ પહેલાં પ્રત્યાઘાતી છેતરામણો ઉછાળો લાવશે. અને ધીમે ધીમે માલ થાળે પાડશે.

(૩) બેથી ત્રણ મહીના દરમ્યાન સરપ્લસ પૈસા બેંકમાં એફડીઆર કરવાનો વખત છે ફંડના વ્યાજના દર ૯ ટકા સુધી પહોંચી ગયા છે.

(૪) ફુગાવો અતિશય ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વ્યાજના દર વધી રહ્યા છે. જે ચિંતાજનક છે. મેક્રોઈકોનોમિક ફેક્ટર ટૂંકાગાળામાં થોડા નબળાપાયા હોય એવું લાગે છે.

(૫) મનમોહનસિંહની સરકાર નબળી અને ભ્રષ્ટ સરકાર હોય તેવી ઈમેજ ભાજપ તરફી લોકોમાં નહીં પણ આમ આદમીના મનમાં ઉપસી રહી છે.

(૬) શેર બજારમાં આ ઈન્ડેક્ષે અને અત્યારના સંજોગોમાં કમાવવા કરતા ગુમાવવાના સંજોગો વધારે છે, ડહાપણ કૂદ કૂદ કરવામાં નતી તો પછી હવે શું કરાય. જેનો જવાબ નીચે મુજબ છે.

અત્યારે બજારમાં ૨૦૦૦ સ્ક્રીપો છે.જેમાંથી ૨૦૦ થી ૩૦૦ સ્ક્રીપો એવી છે કે જેમાં લિક્વીડીટી છે. હવે એમાંથી ૫૦ સ્ક્રીપ્ટો એવી છે કે જેના ઉપર ધ્યાનકેન્દ્રીત કરવું જોઈએ. કે જેમાં મેનેજમેન્ટ સારું છે.

ત્યારબાદ

(૧) કંપનીની શેરમૂડી, પ્રમોટરોનો હિસ્સો, તેનું જનરલ રિઝર્વ, તેજીમાં અતિશય વધી નથી ગઈ, ડીવિડન્ડ રેકોર્ડ તથા ડીવિડન્ડ ઈલ્ડ કંપની કયા

ગોલ્ડ માઈન

મોના વકીલ

સેક્ટરમાં કામ કરે છે, મેનેજમેન્ટ પ્રમાણિક છે કે નહીં આ બધા એંગલનો વિચાર કરવો જોઈએ.

ત્યારબાદ ૩૦-૧૨-૨૦૧૦ના કવાર્ટર માટે કંપનીઓ રિઝલ્ટ જાહેર કરે તેમાં અતિસુંદર પરિણામો જાહેર કરે. તેના ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. આ લેખકનો વર્ષોથી આવો અભિગમ છે. અત્રેથી અમે આપને આવી કંપનીઓ વિશે અવારનવાર માહિતી આપીશું.

આવનાર સમયમાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. નાગરિકા એક્ષપોર્ટ : બીએસઈ કોડ નં. ૫૨૧૧૦૯** થી બીએસઈ ખાતે લીસ્ટેડ તથા એનએસઈ ખાતે પણ લિસ્ટેડ ૫ પેઈડ અપ રૂા.૩૫માં મળતો આ શેર મંદીમાં ઝડપી લેવા જેવો છે જેના કારણો નીચે મુજબ છે.

(૧) કંપનીએ ૩૦-૯-૨૦૧૦ના પરિણામો ખૂબ જ સુંદર જાહેર કર્યા છે. ૬ કરોડની કેપિટલ ઉપર ૧૦૦ કરોડનું વેચાણ કરી ૪ કરોડ ૫૦ લાખનો નફો બતાવ્યો છે અને ૩૦-૯-૨૦૧૦ના ૬ મહિના માટે ૬ કરોડ ૫૮ લાખનો નફો બતાવ્યો છે જે ૩૧-૩-૨૦૧૦ના આખા વર્ષ માટે ૧ કરોડ ૯૩ લાખનો હતો. અને હવે અગત્યની વાત અમારા આંતરિક સ્ત્રોતના મુજબ ૩૧-૧૨-૨૦૧૦ના કવાર્ટર માટે જાહેર થનાર પરિણામો પણ અતિ સુંદર હશે. હાલ ૪ના પીઈ થી મળે છે.

(૨) કંપનીના શેરની બુક વેલ્યુ ૬૨ રૂા. છે. પ્રમોટરો અને કોર્પોરેટ બોડીનો શેરમૂડીમાં હીસ્સો ૭૫ ટકા છે.

(૩) કંપની પાસેથી ૬ કરોડની મૂડી સામે ૭૩ કરોડનું રિઝર્વ છે..

(૪) કંપની એલ્યુમિનિયમ લીમીટેડ તથા ટેક્ષટાઈલ યાર્ન, કોટન યાર્ન ના બીઝનેસમાં છે. અને દુનિયાના મોટાભાગના દેશોમાં માલની નિકાસ કરે છે.

(૫) કંપનીના પ્રમોટરો સ્ટરલાઈટ ગ્રુપના માલિકના નજીકના રીશ્તેદાર છે.

(૬) ૩૦-૯-૨૦૧૦ કવાર્ટરના સુંદર પરિણામો જાહેર થયા બાદ શેરનો ભાવ વધીને ૬૫ થયેલ જે હાલમાં તળિયાના ભાવ ૩૫ રૂા.માં મળે છે.

આ ઘટાડામાં અચુક લો ૧ વર્ષ રાખનારને મબલખ ફાયદો થશે.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387